Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૬૩
તા.૧૦-૦૪-૨૦૧૭, સોમવાર
સંવત ૨૦૭૩ ચૈત્ર સુદ - ૧૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૨૫ સૂર્યાસ્ત : ૦૬:૫૭

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૮ | વડોદરા | ૩૭.૭ |
| અમદાવાદ | ૩૭.૫ | સુરત | ૩૫.૮ |
| ગાંધીનગર | ૩૭ | નલિયા | ૩૬.૬ |

ચાંદી : ૪૧૫૦૦ સોનું : ૨૯૦૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# કાશ્મીરમાં લોકસભાની પેટા ચૂંટણી હિંસક બની : પાંચના મોત

## વિચાર વૈભવ...

આપણને મળેલું સુખ માણવાની દૃષ્ટિ નથી તેથી સુખ-શાંતિ હોવા છતાં, એમાં સંતોષ અને આનંદ માણી, ભોગવી નથી શકતાં ઊલટું એ દુ:ખની બીજાની સાથે સરખામણી કરી વધારે દુ:ખી થઈએ છીએ. જે મળ્યું છે એમાં સંતોષ રાખી એમાં જ સુખની સુગંધ માણવી જોઈએ..

એક બગીચાનો રખેવાળ પોતાના સાત જણાના પરિવાર સાથે બગીચામાં જ ઝૂંપડી બનાવી રહેતો હતો. બગીચાનાં ફૂલ ગુલાબ-મોગરા- ચમેલીથી એનું નાક ટેવાઈ ગયું હતું. ઊલટું ક્યારેક તો એ એવું માનતા કે એ 'ગંધ' થી જ એનું માથું દુ:ખે છે, બોલો! અને ઝૂંપડી પણ પોતાના પરિવાર છતાં તેને સાંકડી લાગતી હતી, કારણ કે આસપાસ વિશાળ બંગલા હતા. એ બાગમાં એક સંત આવ્યા. એની પાસે આ માળીએ પોતાની બંને ફરિયાદ કરી (ગંધ અને સંકડાશ).

સંતે કહ્યું, 'મારી પાસે ઈલાજ છે પણ તને થોડી વધારે તકલીફ સહન કરવી પડશે, તૈયારી છે? માળીએ હા પાડી. સંત કહે, 'મારી પાસે એક બોકડો છે, મોટો ને ખડતલ છે, તેને પણ સાત દિવસ સુધી તારા પરિવાર સાથે ઝૂંપડીમાં રાખ!'

માળીએ બોકડો બાંધ્યો. એક તો સાત જણાનો પરિવારને બોકડાના શરીરની અને મળમૂત્રની ગંધ- ત્રાસ થઈ ગયો. ઊંઘ ન આવે... માંડ સાત દિ' કાઢ્યા. બોકડો પાછો આપી આવ્યો. સંત કહે, 'ઝૂંપડી સાફ કરી નાખ... પછી ત્રણ દિવસે મને આવી મળ.'

ત્રીજે દિવસે માળી આવ્યા પછી અને બાગના ફૂલોની સુગંધ અને પરિવારનો પ્રેમ આનંદદાયક લાગતો હતો.

સંતે હવે તેને પૂછ્યું, 'હવે ઝૂંપડીમાં કંઈ તકલીફ છે?' માળી સ્મિત સાથે સંતને વંદન કરી જતો રહ્યો.

સંતે હવે તેને પૂછ્યું: હવે ઝૂંપડીમાં કંઈ તકલીફ છે?' માળી સ્મિત સાથે સંતને વંદન કરી જતો રહ્યો.

સુરેશ પ્રા.ભટ્ટ

## સાર સમાચાર...

### મુખ્યમંત્રી મહાવીર સ્વામીની જન્મ જયંતી નિમિત્તે નીકળેલી શોભાયાત્રામાં જોડાયા

રાજકોટ

મહાવીર સ્વામીની જન્મજયંતી નિમિત્તે રાજયના મુખ્મયંત્રીશ્રી આજરોજ સવારે રાજકોટ સ્થિત કિશાનપરા ચોક ખાતેથી ભવ્ય શોભાયાત્રાનો પ્રારંભ કરાવી પોતે પણ જૈન શ્રાવકોને સાધકો સાથે શોભાયાત જોડાયા હતા. આ શોભાયાત્રામાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીનું મુસ્લીમ સમાજ સહિત વિવિધ સમાજના અગ્રણીઓ પણ સન્માન કર્યું હતું અને શોભાયાત્રામાં સહભાગી થયા હતા. રાજકોટના તમામ જૈન સંઘોના શ્રાવકોને એકસુત્રતાથી જોડતી આ વિશાળ શોભા યાત્રામાં ૧૦૧ મોટર સાયકલ સવારો, ૫૧ ગાડીઓ અને ૭ રથગાડીઓ સાથે મોટી સંખ્યામાં લોકો પગપાળા જોડાયા હતા.

મુખ્યમંત્રીશ્રી સાથે તેમના પત્ની શ્રીમતી અંજલીબેન રૂપાણી પણ જોડાયા હતા. આ ભવ્ય શોભાયાત્રા રાજકોટના કિશાનપરા ચોકથી નિકળી રાજકોટના રાજમાર્ગો પર ફરી હતી.

**૪૦ ઘાયલ : ખીણ પ્રદેશના શ્રીનગરમાં વધુ એક વખત હિંસાનો દોર : બડગામમાં મતદાન કેન્દ્ર પર હુમલો કરનાર ટોળાને વિખેરી નાંખવા કરાયેલા ગોળીબાર બાદ પરિસ્થિતિ વણસી : પોલિંગ બુથ ઉપર પેટ્રોલ બોંબ ફેંકાયા**

શ્રીનગર

શ્રીનગર સંસદીય વિસ્તારમાં આજે લોકસભા પેટાચૂંટણી માટે મતદાન યોજાયું હતું. આ સમયે બડગામ જિલ્લામાં મતદાન કેન્દ્ર ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોરોને વિખેરી નાંખવા માટે સુરક્ષા દળો દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. ગોળીબાર બાદ પ્રદર્શનકારીઓ દ્વારા પોલિંગ બુથ ઉપર પેટ્રોલ બોંબ ફેંકવામાં આવતા સુરક્ષા દળોના જવાનો દ્વારા જવાબી કાર્યવાહી કરવામાં આવતા પાંચ લોકોના મોત થયા છે જ્યારે ૪૦ લોકો ઘાયલ થવા પામ્યા છે. આ ઘટના એ સમયે બની કે જ્યારે બડગામ જિલ્લાના ચરારએ શરીફ પાસે પાખરપુરામાં ઘણી મોટી સંખ્યામાં પ્રદર્શનકારીઓએ એક મતદાન કેન્દ્ર ઉપર હુમલો કર્યો અને આ કેન્દ્રના મકાનમાં વ્યાપક પ્રમાણમાં તોડફોડ કરી. શરૂઆતમાં સુરક્ષા દળોના જવાનો દ્વારા ટોળાને વિખેરી નાંખવા માટે હવામાં ગોળીબાર કરવામાં આવ્યો હતો. આમ છતાં દેખાવકારો ઉપર તેની કોઈ અસર ન થતાં સુરક્ષા દળોએ ગોળીબાર કરતા પાંચ લોકોના મોત થયા છે. જે પૈકી બે મૃતકોની ઓળખાણ થઈ છે તેમાં એક ૨૦ વર્ષના મોહમ્મદ અબ્બાસ અને બીજો ૧૫ વર્ષનો ફૈઝાન અહેમદનો સમાવેશ થાય છે. સુરક્ષા દળો અને પ્રદર્શનકારીઓ વચ્ચે ચાલેલા આ સંઘર્ષમાં કુલ ૪૦ લોકોને વત્તા ઓછા અંશે ઈજા પણ પહોંચવા પામી છે. અધિકારીઓના કહેવા અનુસાર મતદાન કેન્દ્રો ઉપર ફરજ પર મુકવામાં આવેલા બીએસએફના જવાનોએ પાંચ ગોળી ચલાવી કેમ કે તેમની પાસે પેલેટ ગન ન હતી. હિંસાના કારણે મતદાન ઉપર પણ ખરાબ અસર પડવા પામી હતી. ચાડુરા વિસ્તારમાં ભારે પથ્થરમારાના બનાવોને લઈને મતદાન કરાવી રહેલા કર્મચારીઓને બે મતદાન

અનુસંધાન પાના નં.૬

**પાણી માટે વલખા મારતા**

## માલણ જિલ્લા પંચાયત સીટના ગામડાઓ ચૂંટણી બહિષ્કાર કરશે

**દર ચૂંટણીએ વાયદા બજાર ગરમ કરતા નેતાઓ સામે રોષ ઠાલવતા ખેડૂતો આકરા પાણીએ**

પાલનપુર

સરહદી બનાસકાંઠા જિલ્લાની માલણ જિલ્લા પંચાયત સીટમાં આવતા અંદાજે વીસથી પચ્ચીસેક ગામના ગ્રામજનોને વર્ષોથી પાણીની સમસ્યા સતાવી રહી છે. ત્યારે ખુદ ભાજપી અગ્રણીઓએ જ પાણીની વિકટ સમસ્યાને લઈને રાજ્યની ભાજપ સરકાર સામે અવાજ ઉઠાવ્યો હતો. દર ચૂંટણી ટાણે ઠાલા વચનો આપી વોટ બટોરી સત્તાસ્થાને બેસનારા લોકો માલણ જી.પં. સીટના ગામોને અન્યાય કરી રહ્યા છે. ત્યારે હવે સહનશક્તિની હદ આવતા આજે પારપડા ખાતે અસરગ્રસ્ત ગ્રામજનોની બેઠક યોજાઈ હતી. જેમાં માંગણી ન સંતોષાય તો આગામી


(સંજય જોષી)

વિધાનસભાની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારતા ચકચાર મચી જવા પામી છે.

માલણ જિલ્લા પંચાયત સીટ તળે આવતા પચ્ચીસેક ગામના ગ્રામજનો ની એક બેઠક પારપડા ખાતે આવેલા રામપીરના મંદિરમાં મળી હતી. જેમાં પાણીની વર્ષો જૂની સમસ્યા પરત્વે ગહન ચર્ચા વિચારણા કરાઈ હતી. જેમાં માલણ જી.પં. સીટના પ્રચાર ટાણે આવેલા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે પાણીની સમસ્યા હલ કરવાની ખાતરી આપી હતી. પંચાયતથી લઈ કેન્દ્ર સુધી ભાજપની સત્તા હોવા છતાં માલણ પટ્ટીના ગામોની પાણીની સમસ્યા સુલઝાવવામાં કોઈપણ સત્તાધીશોએ રસ દાખવ્યો નથી. દર ચૂંટણી ટાણે હથેળીમાં ચાંદ બતાવી ચૂંટણી જીત્યા બાદ મોઢું ફેરવી લેનાર રાજકીય નેતાઓ સામે ભારે રોષ ઠાલવાયો હતો. જેમાં ખુદ ભાજપી આગેવાનો એ પણ ભાજપ સરકાર સામે મોરચો માંડવાની વાતને દોહરાવી હતી.

આજની બેઠકમાં માલણ પટ્ટીના ગામડાઓની પાણીની સમસ્યાનો કાયમી હલ નહીં લાવવામાં આવે તો ચૂંટણી બહિષ્કાર કરવાનો નિર્ણય કરાયો હતો. આ ઉપરાંત ટૂંક સમયમાં વિશાળ રેલી યોજી સત્તાધીશોના બહેરા કાને પોતાનો

અનુસંધાન પાના નં.૬

## સરહદી પંથકમાં નર્મદાના પાણી આપવાની સમય મર્યાદા ૧૫ દિવસ લંબાવાઈ

**રાજ્ય સરકારના નિર્ણયથી ખેડૂતોમાં આનંદ**

ડીસા

વાવ-થરાદ-સુઈગામ અને ભાભર જેવા સરહદી પંથકના ખેડૂતોને નર્મદાનું પાણી ૧૫ દિવસ વધારે આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કરતાં ખેડૂતો હવે પાકને બે પાણી વધારે આપી શકશે.

સરહદી પંથકના ખેડૂતોની માંગણીને ધ્યાને લેતાં રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ નર્મદા અને સિંચાઈ વિભાગનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રી



નિતીનભાઈ પટેલ સાથે કરેલ દોઢેક કલાકની ચર્ચા અને મીટીંગના અંતે ખેડૂતો તેમના પાકને હજુ બે પાણી વધારે આપી શકે તે માટે ઉચ્ચ અધિકારીઓને સુચના કરતાં કેવડીયા કોલોનીથી પાણીનો પ્રવાહ વધારવાની શરૂઆત થઈ ગઈ છે અને આગામી ત્રણથી ચાર દિવસમાં સરહદી પંથકમાં ખેતરો સુધી પહોંચી જશે અને ખેડૂતો ઉનાળુ પિયત કરી શકશે.

ઉલ્લેખનીય છે કે સામાન્ય રીતે નર્મદાનું પાણી ૧૫ માર્ચે બંધ થતું હોય છે તે વખતે પણ ખેડૂતોની રજુઆતોને ધ્યાને લઈ રાજ્ય સરકારે ખેડૂતોને ૧૫ દિવસ વધારે પાણી મળે તે માટેની વ્યવસ્થા કરાવી હતી. ઉનાળાની સિઝનને ધ્યાને લઈ પાણી અપાવવાની સમયમર્યાદા પુન: ૧૫ દિવસ લંબાવતાં ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ છે.

**દિલ્હીમાં ભાગવતે સંવેદનશીલ મુદ્દો છેડ્યો**

## દેશમાં ગૌહત્યા પર રોકનો કાયદો જરૂરી : ભાગવત

**અલવરમાં કરવામાં આવેલી તથાકથિત ગૌભક્તો દ્વારા હત્યા મામલે સરકારને આડે હાથ લેતા સચિન પાયલોટ**

નવીદિલ્હી

આરએસએસના પ્રમુખ મોહન ભાગવતે ફરી એકવખત ગૌહત્યા જેવા અતિસંવેદનશીલ મુદ્દે પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, સમગ્ર દેશમાં ગૌહત્યા પર પ્રતિબંધ મુકનારો કાયદો હોવો જોઈએ. ભાગવતે આ પ્રતિક્રિયા એ સમયે આપી છે કે જ્યારે દેશભરમાં ગૌ-રક્ષક દળો દ્વારા કરવામાં આવી રહેલી મારપીટ અને હંગામાઓને લઈને નાજુક પરિસ્થિતિ જોવા મળી રહી છે. સંઘ પ્રમુખે આજે દેશભરમાં ગૌહત્યા પર પ્રતિબંધ મુકવાના કાયદાની તરફેણ કરી છે. તેમણે કહ્યું કે, ગૌવધના નામ ઉપર કોઈપણ હિંસા ઉદ્દેશ્યને નુકસાન પહોંચાડે છે. કાયદો દરેક પરિસ્થિતિમાં પાલન થાય તેના માટે જરૂરી છે. ભાગવતે દિલ્હીમાં ભગવાન મહાવીરની જયંતિના અવસર ઉપર આયોજિત એક કાર્યક્રમમાં કહ્યું કે, અમે દેશભરમાં ગૌવધ ઉપર રોક લગાવનાર એક કાયદાની ઈચ્છા રાખીએ છીએ. તેમણે કહ્યું કે, ગૌવધના નામ ઉપર કોઈપણ હિંસા એ એના મૂળ હેતુને બદનામ કરે છે. આ સાથે જ તેમણે કહ્યું કે, કાયદાની મર્યાદામાં રહી ગાયોની રક્ષા કરવાની કાર્યવાહી ચાલુ રહેવી જોઈએ. ભાગવતનું આ નિવેદન એ સમયે આવ્યું છે કે જ્યારે કહેવાતા ગૌભક્તો દ્વારા રાજસ્થાનમાં એક વ્યક્તિની હત્યા કરી નાંખવામાં આવ્યા બાદ દેશભરમાં રાજકીય હલચલ મચી ગઈ છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી અને વરિષ્ઠ નેતા સચિન પાયલોટે પણ આ મામલે ભાજપને આડેહાથ લેતા કહ્યું કે, એન્ટી રોમિયો દળ હોય, લવ જેહાદ હોય, ગૌરક્ષકો દ્વારા ગેરકાનૂની કામો થતાં હોય આ તમામ સામે સખત કાર્યવાહી થવી જોઈએ. આ તમામ વાતોથી એક વાત સ્પષ્ટ થાય છે કે, ભાજપની સરકાર સમગ્ર દેશમાં બળજબરીથી પોતાની વિચારધારા થોપવાનો પ્રયાસ કરે છે અને ભાજપનો અસલી એજન્ડા લોકોની સામે આવી રહ્યો છે. પાયલોટે કહ્યું કે, અલવરમાં જે હત્યા કરવામાં આવી છે તે અંગે કોઈપણ સંવેદના વ્યક્ત કરવામાં આવી નથી. મુખ્યમંત્રીએ કહેવાતા ગૌરક્ષકો અને તેમની હિંસા વિરુદ્ધ બોલવું જોઈએ પણ તે બોલ્યા નથી.

**વર્ષ ૨૦૨૨ સુધીમાં સૌને પોતાનું આવાસ મળશે**

## સાત મહાનગરોમાં ૭૦ હજાર પરિવારોને આવાસ : રૂપાણી

**રાજ્યમાં બાંધકામ માટે કોમન જીડીસીઆર લાવવાની સરકારની નેમ**

અમદાવાદ

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગરીબ, મધ્યમવર્ગીય પરિવારોને પોતીકા ઘરનું સપનું સાકાર કરવામાં એફોર્ડેબલ હાઉસિંગ સ્કીમ આશીર્વાદરૂપ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. આ સંદર્ભમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, પોતીકા ઘર માટે જીવનભરની મુડી નિવેશ કરનારા સામાન્ય માનવીનો ભરોસો વિશ્વાસ જળવાઈ રહે તેવુ દાયિત્વ રિયલ એસ્ટેટ ડેવલપર્સ બિલ્ડર્સ નિભાવે તે પણ સમયની માંગ છે. મુખ્યમંત્રી ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે યોજાયેલી ક્રેડાઈની નવી રાષ્ટ્રિય ટીમના શપથગ્રહણ અને એફોર્ડેબલ હાઉસીંગ માટેના એમઓયુ સેરીમનીમાં ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રી વૈંકૈયા નાયડુ, નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ, શહેરી વિકાસ રાજયમંત્રી શંકરભાઈ ચૌધરી તથા ક્રેડાઈના દેશભરના પ્રતિનિધિઓના ઉપસ્થિતિમાં ગુ-જરાત ચેપ્ટરના પ્રમુખ જક્ષય શાહની નેશનલ પ્રેસિડેન્ટ તરીકે

અનુસંધાન પાના નં.૬

**બાવન આંટા રાજપૂત શકિત યુવા મંડળ દ્વારા**

## વડગામ ખાતે મહા રક્તદાન કેમ્પ યોજાયો : ૧૦૨૧ બોટલ રક્તદાન

**૧૦૨૧ બોટલ રકતદાન અને પક્ષીઓ માટે ૧૦૦૦ જેટલા પાણીના કુંડાનું કરાયું વિતરણ**

પાલનપુર

સરહદી બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકા મથકે આજે મહા રક્તદાન કેમ્પ યોજાયો હતો. "રક્તદાન મહાદાન"ના સંદેશા સાથે યોજાયેલા કેમ્પમાં રાજપૂત સમાજના યુવાનો ૧૦૦૦ થી વધુ બોટલનું રક્તદાન કરી સમાજ માટે પથદર્શક બન્યા હતા.

શ્રી બાવન આંટા રાજપૂત શક્તિ યુવા મંડળ દ્વારા વડગામ ખાતે મહા રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. જરૂરિયાતમંદોને આપત્તિ ટાણે લોહી મળી રહે


સંજય જોષી, પુષ્કર ગોસ્વામી

અને સમાજના યુવાનોમાં એકતા અને જાગૃતિ કેળવાય તેવા ઉદેશ્યથી રકતદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ૧૦૦૦થી વધુ બોટલ રક્તદાન થયું હોવાનું યુવા પ્રમુખ ભરતસિંહ જી. સોલંકીએ

અનુસંધાન પાના નં.૬

**ભાજપ સરકાર પર કોંગ્રેસના આકરા પ્રહાર**

## ૨૫ હજાર કરોડની જમીન ફાળવણી કૌભાંડનો આક્ષેપ

અમદાવાદ

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં એમઓયુ કરેલા ઉદ્યોગકારોને પાણીના ભાવે ફાળવેલ જમીન બાબતે સરકારની પોલ ખુલી ગઈ છે. ભાજપ સરકારે ગુજરાતની કરોડો ચો.મી કિંમતી જમીન પોતાના મળતિયા ઉદ્યોગપતિઓને પધરાવી દીધી અને બીજીબાજુ રાજયના લાખો નાગરિકોને તેમના હક્કના ૫૦ અને ૧૦૦ ચો.મીના પ્લોટ ન આપીને ભાજપ સરકાર અન્યાય કરી રહી છે. વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં એમઓયુ કરેલ ઉદ્યોગકારોને છેલ્લા પાંચ વર્ષમાં ફાળવેલ કિંમતી જમીન છતાં ગુજરાતના યુવાનોને રોજગાર આપવામાં અને મુડીરોકાણ કોઈ નક્કર ફાયદો જણાતો નથી. ત્યારે જુદા જુદા ઉદ્યોગકારોને ફાળવેલ સરકારી ખરાબા, નાળલેન્ડ અને ખાર ખરાબાની ૧,૫૯,૪૫,૭૧૭ ચો.મી અને ગૌચરની ૪,૧૦,૮૪૪ ચો.મી જમીન એમ કુલ ૩ કરોડ ૭૭ લાખ ૪૯ હજાર ૫૫૫ ચો.મી અને ગૌચરની ૪,૧૦,૮૪૪ ચો.મીના જમીન એમ કુલ ૩ કરોડ ૭૭ લાખ ૪૯ હજાર ૫૫૫ ચો.મી ૩,૭૭,૪૯,૫૫૫ જમીનના બજારભાવ મુજબના ભાવ આ ઉદ્યોગકારો પાસેથી વસુલવાની માંગણી કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ.મનીષ દોશીએ જણાવ્યું હતું કે, કોસ્ટલ ગુજરાત પાવર લિ. દીપક સિમેન્ટ કેમીકલ લિ., સુરખાબ બર્ડ રીસોર્ટ અને એબીજી સિમેન્ટ લિ.ને કચ્છ જિલ્લામાં ૫થી લઈને ૨૦ પ્રતિ ચો.મીના ભાવે સરકારી પડતર અને ખરાબાની કરોડો ચો.મી જમીન ફાળવવામાં આવી છે, જ્યારે બીજી બાજુ દેશના નાગરિકોની સલામતી અને સેવામાં કાર્યરત ભારતીય તટ-રક્ષક દળને ૧,૦૫,૨૨૨ ચો.મી સરકારી પડતર જમીન ૩૮૫૮ પ્રતિ ચો.મીના ભાવે ફાળવવામાં આવી છે. ગુજરાતની ભાજપ સરકારનું ૨૫ હજાર કરોડનું સરકારી જમીન ફાળવણી કૌભાંડ છે, જો આ કોભાંડની તટસ્થ તપાસ થાય તો તત્કાલીન મુખ્યમંત્રીઓ અને મહેસુલ મંત્રીઓ જેલમાં જાય તેવો આક્ષેપ કરતાં કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીએ જણાવ્યું હતું કે, વાયટલ નંદર બાયો ફાર્માને પાટણ જિલ્લામાં ૭૯,૬૨,૩૫૩ ચો.મીના જમીન સરકારી જમીન પહેલા પાંચ વર્ષમાં કાંઈ ભાંડુ નહીં લેવાની અને ત્યારબાદ એકરના ૪૦ રૂપિયાના મામુલી ભાડા પેટે ફાળવવામાં આવી છે. ભરૂચ જિલ્લામાં સ્ટર્લીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ., જેબી, કેમીકલ, શુભમ સોલ્ટ વર્ક્સ, મહેસાણામાં હિમાલયા ઈન્ટરનેશનલ, મોરબીમાં અજંતા ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લિ અમરેલીમાં સિન્ટેક્ષ પ્રા.લિ વલસાડમાં તુલસી બાયો સાયન્સીસને નજીવા દરથી લાખો ચો.મી સરકારી જમીન ફાળવણી કરી ભાજપ સરકાર દ્વારા કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે.

## રૂપિયા ૧૦ના બધા સિક્કા માન્ય જ છે : આરબીઆઈ

**૧૦ ના સિક્કા ન સ્વીકારવા મામલે આઈપીસીની જોગવાઈ હેઠળ રાજદ્રોહનો કેસ થઈ શકે : આરબીઆઈની સ્પષ્ટતા**

નવીદિલ્હી

આરબીઆઈ દ્વારા દેશભરના અલગ અલગ રાજ્યો અને તેના શહેરોમાં રૂપિયા ૧૦ના સિક્કા બનાવટી હોવાની અફવા ચાલી રહી છે તેને લઈને સ્પષ્ટતા કરવામાં આવી છે કે અલગ અલગ ડિઝાઈનોમાં જોવા મળતા રૂપિયા ૧૦ના તમામ સિક્કાઓ એ ચલણમાં માન્ય છે. આરબીઆઈ દ્વારા આ સ્પષ્ટતા એ સમયે કરવામાં આવી કે જ્યારે દેશભરમાંથી અલગ અલગ બેંકો દ્વારા પણ કેટલાક કિસ્સાઓમાં રૂપિયા ૧૦ના સિક્કાઓ લેવાનો ઈન્કાર કરવામાં આવ્યો હોવાની ફરિયાદો છેક આરબીઆઈ સુધી પહોંચી તે સમયે આરબીઆઈ તરફથી આજે વધુ એક વખત સ્પષ્ટતા કરવામાં આવી છે કે, આરબીઆઈએ કહ્યું છે કે, આરબીઆઈ દ્વારા અલગ અલગ ડિઝાઈનોમાં ૧૦ના સિક્કા બહાર પાડવામાં આવ્યા છે.

બેકનું કહેવું છે કે, શેરાવાલીના ફોટાવાળા સિક્કા, સંસદની તસ્વીરવાળા સિક્કા, વચ્ચે ૧૦ લખેલા સિક્કા, હોમીભાભાની તસ્વીરવાળા સિક્કા, મહાત્મા ગાંધીની તસ્વીરવાળા સિક્કા સહિત અન્ય તમામ સિક્કાઓ આજે પણ ચલણમાં માન્ય છે. આરબીઆઈએ અલગ અલગ પ્રસંગોએ આ સિક્કાઓ બહાર પાડેલા છે. આરબીઆઈએ એ પણ સ્પષ્ટ કર્યું છે કે, ભારતીય ચલણમાં આ માન્ય સિક્કાઓ લેવાનો હવે જો કોઈ પણ ઈન્કાર કરશે તો તેની સામે રાજદ્રોહનો કેસ દાખલ થઈ શકશે અને એ જો આમ કરે તો આઈપીસીની કલમ ૧૨૪-૧ હેઠળ આ ગુનો તેની સામે દાખલ થઈ શકે છે.

દેશભરમાં રૂપિયા ૧૦ના સિક્કાને લઈ દુકાનદારો અને લોકો પણ આ સિક્કાઓ લેવાનો ઈન્કાર કરી રહ્યા હતા. મોટાભાગના લોકો એમ કહેતા હતા કે, ૧૦ના સિક્કાઓ માં એક તરફ ૧૦નો આંક છે અને બીજી તરફ અશોક સ્તંભ છે. આજ સિક્કાઓ માન્ય છે અન્ય નહીં આ સંબંધમાં આરબીઆઈની તરફથી આજે સ્પષ્ટતા કરવામાં આવી છે કે, ૧૦ના બજારમાં જોવા મળતા તમામ સિક્કાઓ એ સરકાર માન્ય અને ભારતીય ચલણ અધિકૃત ચલણ છે તેને સ્વીકારવા કોઈ ઈન્કાર કરી ન શકે.

**સૂર્યોદય - ૬.૨૭ સૂર્યાસ્ત - ૬.૫૭**

## તિથિદર્શન

ચૈત્ર સુદ-૧૪ સોમવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૮, નામ સંવત્સર :દુર્મુખ નામ વીર જૈન સંવત ૨૫૪૩ ચૈત્ર સુદ:ચૌદસ સોમવાર નક્ષત્ર:હસ્ત રાત્રે ૩.૩૭ પછી ચિત્રા યોગ: ધ્રુવ કરણ : વિષ્ટી આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ.ઠ.ણ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

**- જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન

**- સુરેશ પ્રા.ભટ્ટ**

**સંસ્થિતસ્ય ગુણોત્કર્ષઃ પ્રાયઃ પ્રસ્ફુરતી સ્ફુટમ્ દગ્ધસ્યાગરૂખંડસ્ય સ્ફારી ભવતિ સૌરભમ્**

'જેમ, ધૂપ-અગરબત્તીના બળવાથી તેની સુગંધ આસપાસ બધે જ ફેલાઈ જાય છે તેવી જ રીતે સજ્જન માણસમાં રહેલા સદ્‌ગુણોની ઉત્કૃષ્ટતાને પરિણામે તેની સુવાસ- કીર્તિની સૌરભ પણ આપોઆપ ફેલાવા લાગે છે.' જે સજ્જન છે અને ત્યાગ- સેવા- સમર્પણ સાથે નમ્રતા- વિવેક જેવા સદ્‌ગુણો ધરાવે છે. સત્ય- સ્પષ્ટવક્તા અને વર્તન- આચરણમાં જે નિષ્ઠાવાન છે એને પોસ્ટરો ચોંટાડી પોતાનો પ્રચાર કરવાની જરૂર પડતી નથી. કામ ખુદ જ બોલે છે. કર્મ એ જ એનો સંદેશ- પ્રચારક છે. સદ્‌ગુણની સુગંધ આપોઆપ ફેલાય છે. સત્ય અને સ્પષ્ટવક્તા, નિર્દોષ તટસ્થ અને ચારિત્ર્યના ચોખ્ખા એવા અન્ના હજારે તદ્દન સાદા સજ્જન છે. મિલિટરીના ડ્રાઈવર તરીકે નિવૃત્ત થઈ રાષ્ટ્રીય ભાવના સાથે રાષ્ટ્ર માટે નાની નાની ન્યાય સામે લડતો કરી ગાંધીવાદી સિદ્ધાંત સાથે કોઈ પણ સ્વાર્થની અપેક્ષા રાખ્યા વિના લડ્યા અને અન્યાય સાથે જીતતા રહ્યા. સૌ પ્રથમવાર રાષ્ટ્રીય સ્તરે 'લોકપાલ'ની માંગણી સાથે રાષ્ટ્રીય લડત ઉપાડી, ઉપવાસ કર્યા અને સરકાર ઝૂકી... (રાજરમત એ નેતાઓના લોહીમાં છે તેથી તેનું પરિણામ તો આવે ત્યારે) પણ અન્ના હજારે સત્યવાદી ગાંધીવાદીની સૌરભ દેશ- વિશ્વ સુધી પ્રસરી ગઈ.

# થરા પ્રજાપતિ વાસમાં શ્રી બ્રહ્માણી માતાજીના મંદિરે હવન યોજાયો



યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના થરા નગરપાલિકા વિસ્તારના જુના ગામતળમાં બહુચરાજી મંદિરની પાછળ આવેલ પ્રજાપતિ (થરેચા) વાસમાં ચૈત્ર સુદ - ૮ નો કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીનો હવન યોજાયો. આ હવનમાં સમગ્ર પ્રજાપતિ - થરેચા પરિવારના ઘર દીઠ કુપન નાખવામાં આવે છે જેનો ડ્રો સીસ્ટમ કરી જેનુ નામ આવે તે હવનમાં બેસે છે. આ વખતે ૭૦ ચીઠીમાં બબાભાઈ કે.પ્રજાપતિના નામની ચીઠી આવતા તેમણે ભાગ લીધેલ. હવનની વિધિ વિધાન નરેશભાઈ જોષીએ શાસ્ત્રોક્ત વિધિથી કરાવેલ આ હવનને સફળ બનાવવામાં રાજુભાઈ પ્રજાપતિ, કેશાભાઈ પ્રજાપતિ, સંજયભાઈ પ્રજાપતિ - સુરત, દિનેશભાઈ પ્રજાપતિ, રમેશભાઈ પ્રજાપતિ, દિનેશભાઈ (સુરત) પ્રજાપતિ) એ સમગ્ર હવનની તૈયારીમાં ઉત્સાહ બતાવેલ છે.

## આજનો દિન મહાન

**- યશવંત કડીકર**

આધુનિક મરાઠી સારસ્વતોનો વ્યાસ અને નવવિચાર-પ્રવર્તક કોશાકર ડો. શ્રીધર વ્યંકટેશ કેતકરની પુણ્યતિથિ છે.

એનો જન્મ તા. ૨-૨-૧૮૮૪ના રોજ થયો હતો. સાહિત્ય, ઈતિહાસ, અર્થશાસ્ત્ર, રાજયશાસ્ત્ર નૃવંશશાસ્ત્ર, ગ્રંથપાલશાસ્ત્ર વગેરે તમામ શાસ્ત્રોનો તેમણે અધિકૃત અભ્યાસ કર્યો હતો.

તપેમની મરાઠી જ્ઞાનકોશની યોજના ક્રાંતિકારી હતી. એમણે 'જ્ઞાનકોશ' મંડળની સ્થાપના કરી. તેમણે 'વિદ્યાસેવા' નામનું માસિક પણ શરૂ કરેલું. સાતેક નવલકથાઓ એમણે લખેલી.

આ મહાન સારસ્વતનું તા. ૧૦-૪-૧૯૩૭ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ :** પારિવારીક મદદથી અગત્યના કાર્યમાં સફળતા મળેવી શકશો. જીવનસાથી પ્રત્યે વિશેષ લગાવ રહે. સામાજિક કાર્યમાં સફળતા મળે. અકારણ વિવાદથી દૂર રહેવું. મન પ્રફુલ્લિત રહે. નવિન આનંદદાયક સમાચાર મળે. શત્રુ વર્ગ નિર્બળ બને. જો કોઈ સમસ્યા હોય તો તેનું સમાધાન થાયે તેવો સમય છે. આરોગ્ય અંગે સાવચેતી રાખવા જેવો સમય છે. આ સમય દરમિયાન મુસાફરી ટાળવી હિતાવહ.

**વૃષભ :** મનની મુરાદ પૂરી થાય. અતિ મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકશો. ધીરજપૂર્વક આગળ વધવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. પ્રવાસ ઉત્સાહસભર પૂર્ણ કરી શકશો. ભાવાત્મક પીડા અનુભવાય. સંપત્તિને લગતા કાર્યોમાં ઉત્તરોત્તર પ્રગત્તિ કરી શકશો. માનસિક તનાવમાંથી મૂક્તિ મળે. અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. કલા-સાહિત્ય ક્ષેત્રે વિશેષ લગાવ રહે. મનની મીઠી મૂંઝવણ દૂર કરી શકશો.

**મિથુન :** આ સમય દરમિયાન તંદુરસ્તી બાબતે ખાસ સાવચેત રહેવું. નાણાંકીય રોકાણકારોએ પ્રતિકૂળ સમય હોઈ શક્ય હોય તેટલું રોકાણ ટાળવું. ભાઈ-બહેનના સહકારથી કાર્ય સફળતાથી પાર પાડી શકશો. જો કે, દામ્પત્ય જીવનમાં મતભેદ રહે. આર્થિક સમસ્યા હળવી થશે. અટકી પડેલા કાર્યો પૂર્ણ કરી શકશો. નોકરીયાત વર્ગને આકસ્મીક લાભ થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં રૂકાવટ આવે. અકસ્માતથી સંભાળવું.

**કર્ક :** આ સપ્તાહ દરમિયાન સંતાન સંબંધિ ચિંતા રહે. પારિવારીક સમસ્યા પ્રબળ બને. હરિફવર્ગને પીછેહટ કરવી પડે. જૂના સંબંધિઓની મદદ મળે. મહત્વનાના નિર્ણયો આ સપ્તાહ દરમિયાન મોકુફ રાખવા હિતાવહ. યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. વ્યાપાર-ધંધામાં વૃધ્ધિ થશે. આવક સંબંધિ નવા માર્ગો ખૂલ્લે. મનની મૂંઝવણ દૂર કરી શકશો. નાનો આકસ્મીક આર્થિક ખર્ચનો પ્રસંગ બને. યાત્રા-પ્રવાસ ટાળવો હિતાવહ.

**સિંહ :** આ સપ્તાહ દરમિયાન થોડી આર્થિક મૂંઝવણ અનુભવાય. નોકરીયાત વર્ગ માટે બઢતી-બદલીના યોગ સર્જાય. વ્યાપારી વર્ગ માટે મધ્યમ સમય. હિતશત્રુઓથી સાવચેતી રાખવી હિતાવહ. માંગલિક કાર્ય માટે આયોજન થાય. આરોગ્ય બાબતે આ સપ્તાહે ખાસ ચિંતા જેવું નથી. તમે કરેલું આયોજન ગુપ્તતાપૂર્વક પરા પાડવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. કાર્યબોજમાં વધારો જોવા મળે. જો કે, તેનું શુભ ફળ પણ મેળવી શકશો.

**કન્યા :** વિદ્યાર્થીઓ માટે આ સપ્તાહ શુભ ફળદાયી નીવડે. અટકી પડેલા કાર્યમાં મંદગતિ રહે. સંતાન વર્ગ બાબતની ચિંતા રહે. અકારણ મનમાં ચિંતા અનુભવાય. મુસાફરીનું આકસ્મીક આયોજન નકારી ન શકાય. મિત્રો- સ્નેહિજનો સાથે સારો લાભ પ્રાપ્ત કરી શકશો. પારિવારીક કાર્યમાં સફળતા મળે તેમજ યશ, વૃધ્ધિ પણ થાય.

**તુલા :** સપ્તાહની શરૂઆતમાં નાણાંકિય તંગી અનુભવાય. આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું નહિંતર પીછેહટ કરવાનો વખત આવે. બૌધિક કાર્યમાં અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. રાજકીય બાબતોને લગતા કાર્યમાં સાવચેતી રાખવી. હિતશત્રુઓ સ્વમાન ભંગ માટે પ્રયત્નશીલ બને પરંતુ દાળ ગળે નહિં.

**વૃશ્ચિક :** આ સપ્તાહ દરમિયાન નવી ઓળખાણો લાભદાયી નીવડે તેમજ જૂની ઓળખાણો પણ સફળતા માટે મદદરૂપ નીવડે. વડીલ વર્ગ સાથે મનદુઃખ ઊભું થાય પણ પાછળથી સુલેહ થઇ જાય. અધિકારી વર્ગ સાથે ચકમક ઝરે. જોખમી કાર્યો ટાળવા હિતાવહ. નાણાંકીય લાભ મેળવી શકશો. આકસ્મીક ધન લાભ થાય. પ્રિયજન સાથે વિશેષ લગાવ રહે. વાણી સંયમ જાળવવો હિતાવહ.

**ધન :** આ સપ્તાહ દરમિયાન સામાજિક કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. માનસિક મૂંઝવણ દૂર કરી શકશો. સંતાન સંબંધિ ચિંતા દૂર થાય. મનની પ્રસન્નતામાં વધારો થાય. માંગલિક કાર્યો અંગે ગોઠવણ થાય. દોડા- દોડીમાં ઘટાડો થાય. ક્રોધ ઉપર કાબુ રાખવો. નવી મોજ શોખની વસ્તુની ખરીદી નકારી ન શકાય. અલબત્ત ખાવા-પીવા અને આનંદ-પ્રમોદ પાછળ નાણું વપરાય તેવા યોગ છે. આકસ્મીક પ્રવાસનું આયોજન થાય.

**મકર :** આ સપ્તાહ જરા સંઘર્ષસભર વ્યતિત થાય. ખાસ તો કાર્યબોજ વિશેષ રહે જેથી માનસિક ટેન્શન અને અકારણ ક્રોધના ભોગ ન બની જવાય તે માટે ખાસ સાવચેતી રાખવી નહિંતર પાછળથી પસ્તાવવાનો વખત આવે. આત્મવિશ્વાસ અને પુરૂષાર્થથી આ સમય દરમિયાન પ્રગતિ કરી શકશો. પડવા-વાગવાથી સંભાળવું. પરોપકારને લગતા કાર્યો ટાળવા નહિંતર પીડા વેઠવી પડે. ગુપ્ત ષડયંત્રના ભોગ ન બનો તેની ખાસ તકેદારી રાખવી.

**કુંભ :** આ સમય તમારા માટે મધ્યમ અને મિશ્ર ફળદાયી નીવડે. નવિન મકાન, વાહન આદિની ખરીદીના યોગ છે. રચનાત્મક કાર્યમાં રૂચિ વધે. આપત્તિ ટળે. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય. આમોદ પ્રમોદમાં અધિક્તા રહે. લગન અને મહેનતથી અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. નવિન ખરીદી થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યો વિલંબમાં પડે. ગૃહજીવનમાં આનંદ રહે.

**મીન :** કાર્યની અધિક્તાને કારણે અત્યંત વ્યસ્ત રહેવાય. શત્રુપક્ષ પ્રબળ બને. અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. અકારણ ગુસ્સો રહે. ધાર્મિક કાર્યમાં ધન વપરાય. જમીન સંબંધિત કાર્યમાં સફળતા મેળવી શકશો. કોઈ ગેરસમજનો ભોગ ન બની જવાય તેની સાવચેતી રાખવી. પ્રવાસ-મુસાફરીમાં સફળતા મળે. ભાગીદારી વર્ગ સાથે મનદુઃખ રહે. સાહસિક કાર્યમાં સફળતા મળે.

# શિહોરી - પાટણ રોડ પર રેતીના ઢગલાની સફાઈ કરવામાં તંત્રની બેદરકારી



સજ્જનસિંહ સોલંકી

પ્રતિનિધિ કંબોઈ

સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાન જોરશોરથી ચલાવવામાં આવી રહ્યું છે ત્યારે શિહોરી પાટણ - રોડ પર રેતીના ઢગલા તંત્રને નજરે ન પડતાં અકસ્માતોના બનાવો બને છે.

જાણવા મળતી વિગતો અનુસાર સ્વચ્છતા તંત્ર દ્વારા રોગચાળાને પડકારવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. પરંતુ તંત્ર દ્વારા શિહોરી - પાટણ રોડ પર દોઢ કીલો મીટરના ડીવાઈડર પર જામેલા રેતીના ઢગલા દૂર કરવામાં ન આવતાં બાઈક ચાલકો અકસ્માતનો ભોગ બને છે, હમણાં જ એક ડમ્ફરની આગળ બાઈક સ્લીપ થતાં બાઈક ચાલકને બચાવવા ડમ્ફર લીમડાના ઝાડ સાથે અથડાઈ પડ્યું હતું અકસ્માતોને રોકવા એક જેસીબી લાવી ડીવાઈડર ઉપર તથા આજુબાજુના રેતીના ઢગલાને પાવડાથી દૂર કરવામાં આવે તે માટે શિહોરી તાલુકાના માર્ગ - મકાન વિભાગ દ્વારા શિહોરીથી કંબોઈ સુધીના રોડ પરથી રેતીના ઢગલા દૂર કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# ડીસા સહિત જિલ્લામાં ચૈત્ર માસને લઈ દેવી દેવતાઓની રમેલોની રમઝટ

પ્રતિનિધિ વડાવળ

પવિત્ર ચૈત્ર માસની અંદર દેવીઓની આરાધના - સાધના અને ઉપાસના કરવાનું વિશેષ મહત્વ રહેલુ છે જજેને લઈ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં દેવી - દેવતાઓની રમેલોની રમઝટ જામી છે તેમાંય જિલ્લાના ગ્રામિણ વિસ્તારોમાં ડાકલાઓના સથવારે ભુવાજીઓની રેકડી થકી હાકલા પડકારોથી રાતો સજીવન થઈ ઉઠી છે.

આપણી હિન્દુ સંસ્કૃતિમાં ૩૩ હજાર કરોડ દેવી - દેવતાઓની પૂજા - અર્ચના થાય છે તેમાં પણ આજના કળીયુગમાં જાગતા દેવ તરીકે ગોગા મહારાજ, સધીમાતાજી સિગોતરમાં, ચેહર માતાજી, મેલડી માં, વિસત માતાજી વગેરે જાગતી જ્યોત રૂપે પૂજાય છે તેના માત્ર દર્શનથી મનુષ્યની આધિ, વ્યાધિ અને ઉપાધિ ટળી શકે છે જેથી આવા ચમત્કારીક અને પરચાધારી દેવી - દેવતાઓને રીઝવવા ભાવિકો ખાસ કરીને ચૈત્ર મહિનામાં રમેલોનું આયોજન થઈ રહ્યું છે. જિલ્લાના ગ્રામિણ વિસ્તારોમાં દૈવી - દેવતાઓના મંદિર આવેલ છે. જ્યાં દર વર્ષે ચૈત્ર મહિનામાં રમેલોનું આયોજન થતું હોય છે જેથી હાલમાં ચાલતા ચૈત્ર મહિનામાં જિલ્લાના ગ્રામીણ પંથકમાં રમેલોની રમઝટ જામી રહી છે મોડી રાતથી વહેલી સવાર સુધી ડાકલાઓના સથવારે ધુણતા ભુવાજીઓ માતાજીના ગુણગાન (રેકડી) ગાઈ ભાવિકોને "ખમ્મા મની" ના આશીર્વાદ આપતા હોય છે ભુવાજીઓના આશીર્વાદ મેળવવા મોટી સંખ્યામાં ભાવિક ભક્તજનો રમેલોમાં ઉપસ્થિત રહે છે રમેલોમાં માતાજીનો જય જય કાર થાય છે અલગ અલગ દેવી - દેવતાઓના ભુવાજીઓ દ્વારા દેવી - દેવતાઓની આજ્ઞાથી પાટ પર મુકેલા ઘઉના દાણાથી વેણ - વધાવા દ્વારા ભાવિકોની શંકાનું સમાધાન પણ કરતા હોય છે.

આજના આધુનિક ટેકનોલોજી યુગમાં પણ અખુટ શક્તિના ભંડાર સમાન દેવી-દેવતાઓનો પ્રભાવ અંકબંધ જળવાઈ રહ્યો છે જેથી શક્તિની ભક્તિનો ભાવિકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે ચૈત્ર માસમાં માતાજીની આમેય આરાધના કરવામાં આવે છે જેમાં ભક્તો, ભાવિકો દ્વારા નકરોડા ઉપવાસ કરી પ્રભુને અર્ચના કરી રીઝવાનો પ્રયાસ કરતા હોય છે ત્યારે સમગ્ર ચૈત્ર મહિનામાં ધાર્મિકતાનો માહોલ ઉભો થઈ રહ્યો છે સળંગ આખો મહિનો જિલ્લાના ગ્રામીણ પંથકમાં રમેલોની રમઝટ જોવા મળે છે તેમાંય સૌથી વધારે દેવી દેવતાઓ પર શ્રધ્ધા ધરાવતા સમાજોમાં રમેલની રમઝટ જોવા મળી રહી છે.

# ડીસા તાલુકાના રાણપુર ઉગમણાવાસમાં ગોગા મહારાજની રમેલ યોજાઈ



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ડીસા તાલુકાના રાણપુર ઉગમણાવાસમાં બિરાજમાન ગોગામ હારાજના સ્થાનકે ગતરોજ રમેલનું આયોજન કરવામાં આવ્યું હતું. ગોગા મહારાજના ભુવાજી પરબતભાઈ હરીભાઈ કળોતરા તથા સમસ્ત કળોતરા પરિવાર દ્વારા થયેલ રમેલ પ્રસંગે ગોગા મહારાજના ભક્તો અને શક્તિ ઉપાસકો એવા ભુવાજીઓના સાનિધ્યમાં રમેલની રમઝટ જામી હતી. આ રમેલના પ્રસંગે ગામે ગામના ભુવાજીઓ અને ભાવિકો ભક્તો બહોળી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. વળી રમેલમાં ગાયક કલાકાર જેઠાભાઈ ઓઢવા અને સંજયભાઈ નાંણી દ્વારા દાલરિયા અને રેગડીની ધુમ મચાવતા પ્રજાજનો ખુશ થઈ ઉઠ્યા હતા.

રાણપુર ઉ.વાસ ગામે સમસ્ત કળોતરા પરિવાર અને ભુવાજી પરબતભાઈ હરીભાઈ કળોતરા દ્વારા રમેલના સુંદર આયોજનમાં દૂર દૂરથી આમંત્રીત ભુવાઓમાં રેવાભાઈ ગોઢા જીવરાજભાઈ આલ, ઉમેદપુરા, મગશીભાઈ વેળાવાપુરા, જોરાભાઈ, હંસાબેન (દશામાં મંદિર) તેમજ રાજુભાઈ મોટા વગેરે નામી અનામી અનેક ભુવાજીઓએ હાજરી આપી આશીર્વાદ આપ્યા હતા. જયારે બીજા દિવસે વહેલી સવારે સૂર્યનારાયણ ભગવાનની સાક્ષીમાં તેલફુલ ચઢાવામાં આવ્યા હતા અને ધાર્મિક માહોલ સાથે રંગેચંગે રમેલ સંપન્ન થઈ હતી.

# ગુજરાત સામે હૈદરાબાદનો નવ વિકેટે શાનદાર વિજય

હૈદરાબાદ

હૈદરાબાદ ખાતે આજે રમાયેલી આઈપીએલ-૧૦ની ગુજરાત લાયન્સ સનરાઈઝ હૈદરાબાદ વચ્ચેની મેચમાં સનરાઈઝ હૈદરાબાદે એક તરફી બની ગયેલી આ મેચમાં નવ વિકેટે શાનદાર વિજય મેળવ્યો હતો. આ અગાઉ ગુજરાત લાયન્સે ૨૦ ઓવરમાં ૧૩૫ રન સાત વિકેટ ગુમાવીને કર્યા હતા. ગુજરાત લાયન્સ તરફથી એકમાત્ર સ્મિથ દ્વારા સૌથી વધુ ૩૭ રન બનાવવામાં આવ્યા હતા. દરમિયાન સનરાઈઝ તરફથી સૌથી વધુ રશીદ ખાને ૧૯ રન આપીને ત્રણ વિકેટ અને બી.કુમારે ૨૧ રન આપીને બે વિકેટ ઝડપી હતી. સનરાઈઝ હૈદરાબાદ તરફથી વોર્નરે શાનદાર અણનમ ૭૬ રન બનાવ્યા હતા. જ્યારે હેનરીક્સ દ્વારા પણ અણનમ ૫૨ રન બનાવાયા હતા. સનરાઈઝે માત્ર ૧૫.૩ ઓવરમાં એક વિકેટ ગુમાવી ૧૪૦ રન કરીને આ મેચ જીતી લીધી હતી. મેન ઓધ મેચ તરીકે રશીદ ખાનની પસંદગી કરાઈ હતી.

# ઓખા પાસે સાત બોટ સહિત ૪૨ માછીમારોનું અપહરણ

અમદાવાદ

પાકિસ્તાન અવાર નવાર ભારત પાક જળસીમામાંથી ભારતીય માછીમારોનું અપહરણ કરતું રહે છે. આજે વધુ સાત ભારતીય બોટોનું પાકિસ્તાન મરીન દ્વારા અપહરણ કરવામાં આવ્યું છે. મળતી માહિતી પ્રમાણે ગુજરાતના પોરબંદર નજીક આંતરરાષ્ટ્રીય જળ સીમા પાસે પાકિસ્તાન મરીન દ્વારા પહેલા ચાર અને ત્યારબાદ ત્રણ બોટ આમ કુલ મળીને સાત બોટનું અપહરણ કર્યું હતું. આ સાત બોટ ઉપર સવાર કુલ ૪૨ માછીમારોનું પાકિસ્તાન મરીન દ્વારા રવિવારે સવારે અપહરણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ૨૯ માર્ચ રવિવારે જ પાકિસ્તાન મરીને અરબી સમુદ્રમાં માછીમારી કરતા ૧૦૪ ભારતીય માછીમારોનું અપહરણ કર્યું હતું. ત્યારે બે દિવસ બાદ ફરીથી પાકિસ્તાને આવી નાપાક હરકત કરી છે. બુધવારે ભારતના ૧૮ માછીમારોનું અપહરણ કરાયું હતું. આ અપહરણ પોરબંદરના અરબી સમુદ્રમાંથી થયું હતું. જોકે, આ માછીમારો પોરબંદરના ક્યા વિસ્તારના છે તે હજી જાણવા મળ્યું નથી. આ પહેલે પણ શનિવારથી રવિવારના ૨૪ કલાકમાં પાકિસ્તાન મરીને ૧૯ બોટમાં દરિયામાં માછીમારી કરવા ગયેલા ૧૦૪ ભારતીય માછીમારોનું અપહરણ કર્યું હતું.

**અનુસંધાન પાના નં.૬**

# દેવદૂત

ભાવનાબેન.. કેમ શું થયું છે ? આમ ઉદાસ કેમ છો ? મયૂરીબેન પોતાના કામવાળા બેનને થોડીક ચિંતા કરતાં પૂછતાં હતા ત્યાં ભાવનાબેનની આંખો આસુંથી ઉમરાઈ ગઈ. વર્ષોથીએ મયુરીબેનને ત્યાં કામ કરે છે, દિલના ખૂબ જ ભોળા સંતાનમાં એક દીકરી અને બે દીકરા મોટો દીકરો ભણવામાં નબળો હતો એટલે એક પેઢીમાં પટાવાળા તરીકે ભલામણથી મૂકી દીધો હતો અને દીકરી ઘરે ભરતગૂંથણનું કામ કરતી સૌથી નાનો દીકરો મંદબુધ્ધિનો, લગભગ બાર વરસનો પણ કંઈ ખબર ના પડે,સરખું બોલી પણ ન શકે, વળી એટલું ઓછું તે ભાવનાબેનના પતિને નોકરી ધંધો કાંઈ જ કરવું ગમે નહિ, બસ આખો દિવસ ઘરે બેઠા જ રહે,ખાય પીવે ને ટીવી જોવે, બપોરે ને રાત્રે આરામ ફરમાવે. ભાવનાબેન ત્રણ ચાર ઘરના કામ કરે અને જે કમાય તેનાથી ઘર ચાલે,અને એમાં પાછી નવી ઉપાધિ આવી.મયુરીબેને પાણી પીવડાવ્યું ને શાંત કર્યા પછી ધીરેથી એમના ખભે હાથ મૂકીને પુછ્યું શું થયું ?ગભરાયા વિના શાંતિથી કહો, એમ રડવાથી કાંઈ નહિ વળે.

બેન.! મારો નાનો બાબો મુનિયો ઘર છોડી ક્યાંક ચાલ્યો ગયો છે.સવારથી હજી સુધી ઘરે નથી આવ્યો. પાછા રડવા લાગ્યા. હીબકાં ભરતાં ભરતાં બોલ્યાં બેન મુનિયાના બાપ ક્યાંય શોધવા પણ નથી જતા.હું મારી દીકરી જાનકી અને મોટો બાબો બપોરનાં શોધીએ છીએ.

પણ ? બેન કંઈક કરો ને ? હું ખૂબ આશા લઈને તમારી પાસે આવી છું, મારા મુનિયાને..! બોલતાં બોલતાં ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યા.

મયુરીબેને ખૂબ શાંતિથી સમજાવી એમને શાંત કર્યા. પોલીસ સ્ટેશન જઈ મુનિયાના ફોટોગ્રાફ્સ આપ્યા ને ફરિયાદ નોંધાવી દીધી, દિવસ ઉપર દિવસ વીતવા લાગ્યા.ભાવનાબેન બિમાર પડ્યા. ખાવાં-પીવાનું મૂકી દીધું.. બધાં દયા ખાય પણ મફત તો કોણ આપે બધાંએ ધીરે ધીરે કામ છોડાવી દીધું,માત્ર મયુરીબેનનો આધાર રહ્યો હતો પણ એમનીયે પરિસ્થિતિ ખૂબ સારી કહી શકાય એવી નહોતી,વળી જાતે કામ પણ કરી શકતા નહોતા,જ્યાં સુધી ચલાવી શકાતું હતું,ત્યાં સુધી મયુરીબેન કામ ખેચ્યું પરંતુ પછી એમણે પણ બીજા કામવાળા બેનને રાખી લીધા. ભાવનાબેનને બનતી મદદ કરી. થોડા થોડા દિવસને અંતરે મયુરીબેન ભાવનાબેનની ખબર પૂછી લેતા.કહેવાય છે ને કે સમય જ સર્વ દુઃખોનું ઉત્તમ ઔષધ છે, જેમ જેમ સમય પસાર થતો ગયો ભાવનાબેન આઘાતમાંથી બહાર આવતા ગયા, જીવન જે પ્રમાણે ચાલતું હતું એજ પ્રમાણે રાબેતા મુજબ ગોઠવાઈ ગયું . જે ઘરના કામ છૂટી ગયા હતા એ જ પાછા મળી ગયા. એમ મહિનો,રે મહિના, એમ વર્ષ બે વર્ષ એમ ઘણા વર્ષો પસાર થઈ ગયા.ભાવનાબેનના આ આળસુને કામચોર પતિ ગુજરી ગયા. દીકરી નો સંબંધ ગોઠવાઈ ગયો. સારો કમાતો છોકરો મળી ગયો એટલે એમના માથેથી એક બોજો ટળી ગયો, મોટા દિકરાના લગ્ન હજી બાકી હતા, સાવ ભૂંખરા અને ગરીબ ઘરમાં કયો બાપ પોતાની દીકરી આપે ? વળી દીકરીના લગ્ન કરવાના હતા. પાસે ફૂટી કોડી પણ નહોતી જે બચત થઈ તે પતિના કારજ પાછળ વપરાઈ ગઈ. મયુરીબેન સિવાય બીજું કોઈ એમને હૈયાધારણ આપે એમ નહોતું, એક દિવસ મયુરીબેન ભાવનાબેનના ઘરે આવ્યા. આમ અચાનક સાંજના સમયે મયુરીબેનને પોતાને ઘેર આંગણે જોઈ ભાવનાબેનને ખૂબ નવાઈ લાગી, ઉભા થઈને એમને આવકાર્યા. ચા-પાણી કરાવ્યા. થોડીવાર રહીને મયુરીબેને ભાવનાબેનને પોતાની પાસે બેસાડ્યા અને એમના હાથમાં નોટોનું બંડલ મૂક્યું અને બોલ્યા. લ્યો ભાવનાબેન આ પચીસ હજાર રૂપિયા,ને હવે દીકરીના લગ્ન લઈ લ્યો.

પચ્ચીસ હજાર રૂપિયા ભાવનાબેન માટે લાખ રૂપિયાથી ઓછા નહોતા, આંખોમાં આસુ સાથે એમણે મયુરીબેનને કહ્યું, બેન.! તમે આ શું કરો છો ? મેં તો આપની પાસે કંઈ માંગ્યું જ નથી અને આટલા બધા રૂપિયા હું તમને ક્યારેય ચૂકવી નહિ શકું,બેન મારા પર આવડી મોટી દયા નહિ કરો, તમારૂ દિલ ખૂબ મોટુ છે,પણ..! હું તો ખૂબ નાની કક્ષાની વ્યક્તિ છું. એમ કહી રૂપિયાની થોકડી મયુરીબેનના હાથમાં મૂકી ઉભા થઈ ગયા અને ઘરના દરવાજાને પકડી ખૂબ રડવા લાગ્યા. રૂપિયાને ટેબલ પર મૂકી મયુરીબેન ભાવનાબેનને પાસે ગયા. એમનો હાથ પકડી પલંગમાં પોતાની પાસે બેસાડ્યા અને કહેવા લાગ્યા.ભાવનાબેન મનમાં સહેજ પણ રંજ નહીં રાખતા, લાચારી નહિ અનુભવતા આ તમારા જ પૈસા છે, ખરૂ જોતાં તો કદાચ હું તમારી ગુનેગાર છું, પણ મેં તમારૂં સારૂં વિચારીને જ આ કામ કર્યુ હતું, તમે જયારથી મારા ઘરે કામ કરવા માટે જોડાયા ત્યારથી મેં તમારી મજુરીમાંથી ૧૨૫ રૂા. કાપી લીધા હતા, તમે બધી જ જગ્યાએ જે મજુરીમાં કામ કરતા હતા, એનાથી ૧૨૫ રૂા. મેં ઓછા નક્કી કર્યા હતા, મારી અવાર નવાર મદદ મળતી હોવાથી મારે ત્યાં તમે એટલા જ રૂા.માં કામ આજ સુધી કરતા આવ્યા અને મેં તમારી મજુરીનાં બચેલા રૂા.નું તમારા નામનું પોસ્ટમાં ખાતું ખોલાવી દીધું હતું, દર મહિને હું ૧૨૫ રૂા. એમાં ભરતી હતી, જે આજે તમને આપી રહી છું,ભાવનાબેન તો મયુરીબેનની વાત સાંભળી અચંબામાં પડી ગયા. જાણે ઈશ્વરે કોઈ એમના દેવદૂત એમની મદદે મોકલી ના દીધો હોય ! ગર્વથી એ રૂપિયાને પોતાની હાથમાં લીધા અને મયુરીબેનના ચરણોમાં બેસી ગયા, ખૂબ રડ્યા.મયુરીબેનનો ખૂબ આભાર માન્યો. થોડા દિવસોમાં દીકરીના લગ્ન સાદાઈથી કરી દીધા. હવે ઘરમાં મા દીકરો બે જ હતા,હવે ઘરમાં આર્થિક શાંતિ હતી.

બે છેડા ભેગા કરવાની ચિંતા નહોતી રહી. સાંજના સમયે ભાવનાબેન અને એમનો દીકરો બહાર ફળિયામાં બેઠા હતા, ત્યાં એક રિક્ષા આવી અને એમના આંગણે ઉભી રહી રીક્ષામાંથી એક વીસેક વર્ષનો છોકરો ઉતર્યો. ઉજળા કપડા પહર્યા હતા,વાળ વ્યવસ્થિત ઓળેલા હતા, એ આવીને ભાવનાબેનની સામે ઉભો રહ્યો.ભાવનાબેન તાકી તાકીને એની સામે જોવા લાગ્યા. પેલો છોકરો પણ ભાવનાબેનની સામે જોઈ રહ્યો હતા. પોતાના પાલવનો છેડો હાથમાં પકડી મોંમા દબાવી દીધો. શરીર ધ્રૂજવા લાગ્યું આંખોમાંથી આસુડાની ધારા છૂટી ગઈ. પોતાના ગાંડા દીકરાને મા ઓળખ્યા વિના કેમ રહે ? દીકરાને છાતીએ વળગાડી દીધો કેટલી બચીઓ ભરી લીધી ભરપૂર વ્હાલ કરી લીધું ઘણીવાર થઈ પણ મોંમાથી એક શબ્દ પણ બોલી શકતા નહોતા, બોલવા જાય તો જીભ સાથ નહોતી આપતી, હોઠ કાંપતા હતા, થોડીવારમાં મયુરીબેન આવ્યા. ભાવનાબેનને લાગ્યું કે ઈશ્વરે મારા માટે જાણે ફરીથી એનો દેવદૂત મોકલી દીધો.! મયુરીબેન પેલા છોકરાનો ભાવનાબેનનો સોંપતો બોલ્યા.ભાવનાબેન તે દિવસની જેમ આજે ફરીથી મારો ગૂનો કબૂલીને માફી માંગી તમારી અમાનત તમને સોંપવા આવી છું, માફ કરજો, પણ આ તમારો જ દીકરો છે, જે આજે મહીને પાંચ હજાર રૂપિયા કમાય છે, હવે તે પાગલ નથી, સામાન્ય માણસ જેવો બની ગયો છે,જાણો છો એ વેપારી બની ગયો છે,એના હાથમાં તો એવો જાદુ છે, કે વાત જ ના પૂછો.! ચિનાઈ માટીના ખૂબ જ સુંદર રમકડાં બનાવે છે, અને બજારમાં વેચે છે,તમે તમારા દીકરાને પાગલ મંદબુધ્ધિનો જાણીને એને કોઈ કામ એની જાતે કરવા જ નહોતા દેતા, સતત એની જ કાળજી રાખતા જેથી એ વધારે ને વધારે તમને આધારિત બની જતો હતો, હું એક દિવસ તમારે ત્યાં આવી ત્યારે અને મેં માટીમાં રમતો જોંયો ચીકણી માટીમાંથી એ રમકડાં બનાવતો અને પાછો ભાંગી નાખતો. ત્યારે જ મેં નક્કી કર્યું કે આ બાળક ને હું કાબેલ બનાવીને જ રહીશ. જો તમને વાત કરત તો તમે તમારા દીકરાને તમારાથી છેટો મૂકવા ક્યારેય રાજી ના થાત એટલે હું એને તમારા ઘરેથી લઈ ગઈ હતી અને જૂનાગઢની એક મંદબુધ્ધિજન સ્વાયત સંસ્થામાં મૂકી આવી હતી, જૂઓ આજે તમારો દીકરો શું બનીને તમારી પાસે આવ્યો છે ? તમને અને તમારા પાછળ મયુરીબેનને બોલતા અટકાવીને ભાવનાબેન હાથ જોડી બોલ્યા. બેન તમે મારા માટે દેવદૂત સમાન છે.! તમારૂ ઋણ તો હું ક્યારેય ચુકવી નહી શકું. પણ ઈશ્વરને પ્રાર્થના જરૂરથી કરીશ કે બીજાને પોતાના પગ પર ઉભા કરનાર, મસ્તક ઉંચુ રાખી જીવતા શીખવનાર ને દુનિયાના આસું લુછનારા મારા મોટાબેનને જીવનમાં ક્યારેય કોઈ તકલીફ ના પડે, ઈશ્વર મંદિરોમાં કે મસ્જિદોમાં નથી હોતો એ વાત મને આજે સમજાય છે,ઈશ્વર તો તમારા જેવા દેવદૂતોના હૃદયમાં બિરાજમાન હોય છે, મારા માટે તમે ખરેખર ભગવાન છો..!

બસ હવે, ચાલો આસું લુછી નાખો અને ડાહ્યા કમાઉં દીકરાને વધાવી લો. કહીને મયુરીબેન ભાવનાબેનને ભેટી પડ્યા. ને પોતાના ઘર તરફ ચાલ્યા. એમનું અંતર આજે આનંદથી છલકાતું હતું,જીવન જીવવાનો એક સંતોષ હતો.

**મયુરીબેનને બોલતા અટકાવીને ભાવનાબેન હાથ જોડી બોલ્યા. બેન તમે મારા માટે દેવદૂત સમાન છે..! તમારું ઋણ તો હું ક્યારેય ચૂકવી નહિ શકું.**

**મનદર્પણ**
**મંજુ પ્રજાપતિ**

**મંજુ પ્રજાપતિ**

# જિલ્લા ભાજપમાં ચૂંટણી કમિશન (પંચ) સંપર્ક વિભાગમાં નિમણુક

પ્રતિનિધિ લાખણી

બનાસકાંઠા જિલ્લા ભાજપ દ્વારા સંગઠનની ટીમની નિમણુંક કરવામાં આવી છે. જેમાં જિલ્લા કક્ષાએ ૧૯ વિભાગો અને ૧૦ પ્રકલ્પોની રચના કરવામાં આવેલ છે. જેમાં લાખણી ગામના વતની અને છેલ્લા વીસ વર્ષથી ભારતીય જનતા પાર્ટીના સક્રિય કાર્યકર તરીકે સંનિષ્ઠ કામગીરી કરતા દિલીપભાઈ હેમશંકર પુરોહિતની ચૂંટણી કમિશન (પંચ) સંપર્ક વિભાગમાં નિમણુંક કરવામાં આવેલ છે. જેઓ લાખણીના રખેવાળના રિપોર્ટર તરીકે પણ ઘણા સમયથી જોડાયેલ છે.



તેઓ જિલ્લા ભાજપ ચૂંટણી વ્યવસ્થા સેલ કન્વીનર તરીકે કામગીરી કરેલ. તે પછીના સંગઠન પર્વમાં જિલ્લા ભાજપ મીડીયા સેલ કન્વીનર તરીકે કામગીરી કરેલ છે. તેઓ બી.એ., એલ.એલ. બી., એલ. એલ.એમ, ડી.વાય. એડ સુધીનો ઉચ્ચ અભ્યાસ ધરાવે છે. અને વ્યવસાયે એડવોકેટ પણ છે. તેમણે આ નિમણુંક બદલ બ.કા. જિલ્લા ભાજપ પ્રમુખ અને ગુજરાત સરકારના મંત્રી કેશાજી ચૌહાણ તથા જિલ્લા મહામંત્રી અમરતભાઈ દવે, ભારતસિંહ ભટેસરીયા તથા ઉમેદદાન ગઢવીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# વાવ ખાતે ''આમ આદમી પાર્ટી'' ની પ્રશિક્ષણ શિબિર યોજાઈ

તાલુકા પ્રતિનિધિ વાવ

ગતરોજ તા. ૯/૪/૧૭ ને રવિવારના રોજ વાવ રેસ્ટ હાઉસ ખાતે સવારે ૧૦:૩૦ થી ૧૨:૩૦ દરમ્યાન આમ આદમી પાર્ટીની એક પ્રશિક્ષણ શિબિર યોજવામાં આવી હતી.

જે પ્રસંગે આમ આમી પાર્ટીના વાવ વિધાનસભાના પ્રભારી રમેશભાઈ ઠક્કર (એડવોકેટ) પાર્ટીની પ્રશિક્ષણ વિશે ઉપસ્થિત કાર્યકર મિત્રોને સમજણ આપી હતી. અને જણાવ્યું હતું કે દિલ્હીમાં ચાલતી કેજરીવાલ સરકાર જેવી ગુ-જરાત સરકારને ચલાવવી હોય તો આમ- આદમી પાર્ટીના સંગઠનને મજબુત બનાવી દરેક મિત્રોએ



વિષ્ણુ પરમાર

ખભેથી ખભો મીલાવી અને સને ૨૦૧૭ ની વિધાનસભાની ચૂંટણીમાં આમ- આદમી પાર્ટીને ભવ્ય વિજતા બનાવવી જરૂરી છે.

જે પ્રસંગે વાવ વિધાનસભા આમ આદમીના પ્રભારી રમેશભાઈ ઠક્કર, પ્રમુખ સૂરસિંહજી દરબાર, ઈન્દ્રભાઈ તુંવર, અશોકભાઈ ઠક્કર તેમજ બહોળી સંખ્યામાં કાર્યકર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. પ્ર.શિબીરનું સફળ સંચાલન સૂરસિંહજી દરબારે કર્યું હતું.

# વડગામ દૂધ મંડળીનો સુવર્ણ જયંતિ મહોત્સવ યોજાયો

તા.પ્રતિનિધિ વડગામ

સને ૧૯૬૭ માં ૨૯ સભાસદો સાથે વડગામ દૂધ ઉત્પાદક સહકારી મંડળીનો શુભારંભ થયો હતો. જેને પચાસ વર્ષ પૂર્ણ થતાં ગઈકાલ તા. ૯/૪/૨૦૧૭ રવિવારે બનાસ બેંક ચેરમેન એમ.એલ.ચૌધરીની અધ્યક્ષતામાં સુવર્ણ જયંતિ મહોત્સવ યોજાયો હતો. બનાસડેરી વા. ચેરમેન માવજીભાઈ દેસાઈ, એમ.ડી. કે.સી. કોરોટ, હિતેશભાઈ ચૌધરી વગેરે મહાનુભાવોના હસ્તે પૂર્વ ચેરમેનો, પૂર્વ મંત્રીઓ અને પ્રથમ દિવસે સભાસદ થયેલ ૨૯ સભાસદોને શિલ્ડ, શાલ, ફુલહાર વડે વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. બનાસડેરી ડિરેક્ટર ફલજીભાઈ પટેલ, ડિરેક્ટર દિનેશભાઈ ભટોળ, બનાસ બેંક ડિરેક્ટર કેશરભાઈ વાયડા, છાપીના સ.બેંક ડિરેક્ટર માંઘજીભાઈ જી.પટેલ, સુરેશભાઈ અગ્રવાલ, સરપંચ ભગવાનસિંહ સોલંકી, વડગામ તા.ઓ.કે.મંડળ પ્રમુખ આર.વી.પટેલ, ટી.ડી.ઓ કેશરભાઈ ઉપલાણા, બીઓબી મેનેજર કે.એલ. પટેલ, ડીવાયએસપી- કિરણભાઈ ચૌધરી,



પુષ્કર ગોસ્વામી

તા.ભાજપ પ્રમુખ પ્રવિણસિંહ રાણા, એલ.એ.રાઠોડ, મફાજી રાજપુત, કાળુજી સોલંકી, આદર્શ ખેડૂત ભિખાજી સોલંકી સહિત રાજકીય-સહકારી અગ્રણીઓ, પૂર્વ સરપંચ માંઘજીભાઈ ડેકલીયા, દુધ સભાસદો, ખેડૂતો, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના અધ્યક્ષ એમ.એલ. ચૌધરીએ દુધના વ્યવસાય અંગે અને શ્વેતક્રાંતિ વિષય ઉપર ચર્ચા કરી હતી. ચેરમેન ભરતભાઈ જી. ડેકલીયાએ સ્વાગત પ્રવચન કરી મહેમાનોને આવકાર્યા હતા. વા. ચેરમેન કરશનજી સી. સોલંકી, લક્ષ્મણભાઈ આર.ડેકલીયા, ઉમાભાઈ ડેકલીયા, શાંતિભાઈ પ્રજાપતિ, સામંતસિંહ સોલંકી, જગદીશભાઈ ઠાકોર, ખોડાભાઈ પરમાર, ગણેશભાઈ ઉપલાણા, ઉષાબેન ડેકલીયા, જીવીબેન ડેકલીયા અને મંત્રી મેઘરાજભાઈ યુ. ભુતડીયાએ મહેમાનોનું વિશિષ્ટ સન્માન કર્યું હતું. મંડળીમાં સૌથી વધુ દુધ ભરાવનાર સભાસદોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન ચેરમેન ભરતભાઈ ડેકલીયા વા.ચેરમેન કે.સી. સોલંકીએ કર્યું હતું. સંચાલક મંડળના તમામ સભ્યો તેમજ કર્મચારીઓએ કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# ગુજરાતમાં પ્રથમવાર મહિલા ઈન્ટરડીસ્ટ્રીક ડે-નાઈટ ફૂટબોલ ટુર્નામેન્ટ નું આયોજન



સંજય જોષી

પાલનપુર

શાંતિ અને સલામતી નું અતીતી કરાવવા સદભાવના ગ્રુપ દ્વારા બનાસકાંઠા જીલ્લા પોલીસ અને ડીસ્ટ્રીક ફૂટબોલ એસોસીએશન ના સહયોગથી સદભાવના ફૂટબોલ ટુર્નામેન્ટ નું આયોજન

ભાઈઓ નું ડે-નાઈટ ક્રિકેટ મેચનું આયોજન અવારનવાર થતું હોય છે પરતું એક નવો ચીલો આદરતા ગુજરાત ની શાંતિ અને સલામતી નું પ્રતિક કરાવવા સદભાવના ગ્રુપ દ્વારા બહેનોની ડે-નાઈટ ઈન્ટરડીસ્ટ્રીક ફૂટબોલ ટુર્નામેન્ટ નું આંતરરાષ્ટ્રીય ફીફા ના નિયમોને આધીન રહી બનાસકાંઠા જીલ્લા પોલીસ અને ડીસ્ટ્રીક ફૂટબોલ એસોસીએશન ના સહયોગથી સદભાવના ફૂટબોલ ટુર્નામેન્ટ નું આયોજન કરવામાં આવ્યું છે.

તા ૧૪/૧૫/૧૬ એપ્રિલના રોજ પાલનપુર પોલીસ પરેડ ગ્રાઉન્ડ મુકામે સાંજે ૪ થી ૧૧ આ ટુર્નામેન્ટ ની મેચો યોજવામાં આવશે.આ ટુર્નામેન્ટ માં અમદાવાદ,બરોડા,સુરત,ભાવનગર, પાટણ,ગાંધીનગર,બનાસકાંઠા અને પાટણ જીલ્લાની બહેનોની ટીમોએ ભાગ લીધેલ છે.આંતરરાષ્ટ્રીય ફીફાના નિયમોને આધીન રહી આ ટુર્નામેન્ટ યોજાતી હોઈ જે પણ જીલ્લાની ટીમ ભાગ લેવા ઈચ્છે એ જીલ્લાની એક જ ટીમ ભાગ લઈ શકે છે અને એનું પણ સિલેકશન જીલ્લાના ફૂટબોલ એસોસીએશન ના કોચ અને મેનેજર દ્વારા કરવામાં આવે છે.

ભાગ લેનાર ટીમોમાંથી દરેક સારા ફૂટબોલ રમતા બહેનોની એક ગુજરાતની ટીમ બનશે અને એ ટીમ પંજાબના ફગવાડા મુકામે નેશનલ ટુર્નામેન્ટ રમવા જશે.

## ડીસા ખાતે ગ્રામ કોમ્પ્યુટર સાહસિકોની બેઠક યોજાઈ



પ્રતિનિધિ જેનાલ

બનાસકાંઠા જિલ્લાના તમામ વી.સી.ઈ.(કોમ્પ્યુટર ઓપરેટરો) ની ડીસા ખાતે હિન્દુ ધર્મશાળામાં એક વિશાળ સભા રાખવામાં આવી હતી. તેમાં જિલ્લાના તમામ વી.સી.ઈ મિત્રો હાજર રહ્યા હતા. જેમાં વિવિધ મુદ્દાઓ ઉપર ચર્ચા કરવામાં આવી હતી. વી.સી.ઈ.ની જગ્યા ઉભી કરવા અને મંજુર કરવા અને વી.સી.ઈ ને કાયમી બનાવી તેને સરકારી કર્મચારીને મળતા લાભો મેળવવા સરકારને કરેલી રજુઆતોનો જવાબ માંગવા ચર્ચા કરાઈ હતી.

આ અંગે તા. ૨૦/૩/૨૦૧૭, ૩૧/૦૩/૧૭, સુધી તમામ તાલુકા મામલતદાર તેમજ ધારાસભ્યને આવેદન આપેલ છે. તથા ટી.ડી.ઓ, પ્રાંત કચેરીઓ, ડી.ડી.ઓ. કલેક્ટર, સંસદ સભ્યો, મંત્રીઓ, અને પંચાયત મંત્રી તેમજ મુખ્યમંત્રીને આવેદનપત્રો આપવામાં આવ્યા છે. પરંતુ સરકાર દ્વારા મંડળ સાથે હજુ સુધી આ અંગે કોઈ વાટાઘાટો થઈ નથી. આથી આગામી માંગણીઓ માટે મુખ્યમંત્રી તેમજ પંચાયતમંત્રીને રજી.એડીથી દરેક વી.સી.ઈ દ્વારા પત્ર વ્યવહાર કરવાનો કાર્યક્રમ નક્કી કરેલ છે. જેમાં તા. ૧૭/૦૪/૧૭ ના રોજ ગાંધીનગર તથા અમદાવાદ ખાતે ઠાકોર સેનાના આગેવાન અલ્પેશ ઠાકોરની આગેવાની હેઠળ એક જાહેર સભા કરી વી.સી.ઈ માગણીઓ માટે સરકર સમક્ષ અવાજ બુલંદ કરવા અને માંગણીઓ પૂરી કરાવવા ઉગ્ર રજુઆતો કરવામાં આવશે.

# ડીસામાં મહાવીર જયંતિ નિમિત્તે ગરીબોને લાડુ - સેવનું વિતરણ



ભરત સુંદેશા

ડીસામાં ગઈકાલે ભગવાન મહાવીર સ્વામીના જન્મદિવસ નિમિત્તે મહાવીર યુવા સંગઠન દ્વારા શહેરની હરીઓમ સ્કુલ પાછળ વ્હોળા વિસ્તારમાં રહેતા ગરીબ પરિવારોને લાડુ અને સેવનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ડીસા તાલુકા પેન્શનર્સ એસોસિયેશનની બેઠક માળી




ભરત સુંદેશા

ડીસા ખાતે ડીસા તાલુકા પેન્શનર્શ એસોસિયેશન દ્વારા વાર્ષિક સાધારણ સભા અને ૧૬ માં પેન્શનર દિન ની ઉજવણી કરવામાં આવી હતી.જે પ્રસંગે ડીસા નાં ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ હાજર રહ્યાં હતાં આ સભા માં મોટી સંખ્યા માં પેન્શનરો ઉપસ્થિત રહ્યાં હતાં.

# દિલ્હી ખાતે યોગ ધ્યાન શિબિરમાં ડીસાના બારોટ (તુરી) સમાજના લોકોએ લાભ લીધો

ડીસા

શ્રીશ્રીશ્રી ૧૦૦૮ મહામંડળેશ્વર દાતી મહારાજન આશ્રમશ્રી શનિધામ તિર્થ શ્રેત્રઅસોલા ફતેહપુર વેરી છત્તપુર નવી દિલ્હી ખાતે ત્રણ દિવસનો યોગ ધ્યાન શિબીર કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં દેશભરમાંથી હજારોની સંખ્યામાં કાર્યકરોએ ભાગ લીધો હતો. ગુજરાત (બ.કાં. માંથી (બાોટ (તુરી) યુવા વિકાસ ટ્રસ્ટ) એન્ડ (ધન્યુ બેસ્ટ વર્ક ટીમ યુવક શક્તિ સંગઠન) ડીસાના અધ્યક્ષ પ્રકાશભાઈ બારોટની આગેવાનીમાં ૫૦ લોકોએ ભાગ લીધો હતો. અને રાજસ્થાનથી પાલીથી વાદી યુવા સેવા સંસ્થાન



ભરત સુંદેશા

ના અધ્યક્ષ રમેશજી ટોકરલા વાળા તથા રાજસ્થાન ભરમાંથી તમામ સમાજના લોકોએ ભાગ લીધો હતો અને શ્રી ૧૦૦૮ મહા મંડળેશ્વર દાતી મહારાજના પ્રવચન સાંભળીને ધન્યતા અનુભવી હતી અને દાતી મહારાજે સમાજમાં રહેલી કુરીવાજો ને તિલાંજલી આપી સમાજનો વિકાસ અને શિક્ષણનો ગ્રાફ વધે અને સમુહ લગ્ન કરવા સમાજના લોકોને આહવાન કર્યું હતું.

# થરાદ ખાતે પાણીની પરબ ચાલુ કરાઈ




ભુરપુરી ગૌસ્વામી

(પ્રતિનિધિ) થરાદ

થરાદમાં શ્રી રાજ રાજેન્દ્ર જયંતસેન નવ યુવક મંડળ સંચાલિત ઠંડાપાણીની પરબ ચાલુ કરવામાં આવી હતી.જેનો લાભ મહાસુખલાલ ચિમનલાલ સંઘવી અને સંઘવી જયંતિલાલ ચિમનલાલ પરિવારે લીધેલ છે.પરબ ના ઉદ્ઘાટન પ્રસંગે જૈન સમાજના અગ્રણી કનુભાઈ તેમજ વસંત ભાઈ દોશી,નવીનભાઈ ચૉકશી શૈલેષભાઈ દેસાઈ ,નુટુભાઈ, નરેશભાઈ સંઘવી સહીત મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહયા હતા.મુસાફરો ને પીવાની વ્યવસ્થા મળી રહે તે માટે જૈન સમાજ ના સેવાયજ્ઞ ને લોકો એ બિરદાવ્યો હતો.

# વાવના ''કોઠાવાળા હનુમાનજી'' ના મંદિરે હનુમાન જયંતિ ઉજવાશે

તાલુકા પ્રતિનિધિ વાવ

વાવથી માત્ર એક કિ.મી. દુરના અંતરે ખીમાણાવાસ ગામે પરચાધારી કોઠાવાળા હનુમાનજી દાદાનું મંદિર આવેલું છે. તા. ૧૧/૪/૧૭ ને ચૈત્ર સુદ પૂનમના રોજ હનુમાન જયંતિ નિમિત્તે અહીં આગળ ભવ્ય ઉજવણી કરાશે.

ચૈત્ર સુદ પૂનમ, મંગળવાર અને હનુમાન જયંતિના ત્રિવેણી સંગમ નિમિત્તે સવારે યજ્ઞ, પ્રસાદ અને રાત્રે સંતવાણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ બાબતે હનુમાનજી મંદિરના પૂજારી દિનેશપુરી ગૌસ્વામીએ જણાવ્યું હતું કે વાવથી માત્ર એક કિ.મી.ના અંતરે ખીમાણાવાસ મુકામે આવેલા આ દાદાના મંદિરને કોઠાવાળા હનુમાનજી તરીકે ઓળખવામાં આવે છે. અતિ જુનું અને પ્રાચીન મંદિરના વિકાસ માટે રાજ્ય સરકાર ગ્રાન્ટની ફાળવણી કરે તે જનહિતમાં છે. દર વર્ષે હનુમાન જયંતિના દિવસે અહીંયા ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. મોટી સંખ્યામાં હનુમાન ભક્તો હાજર રહે છે. તો આગામી તા. ૧૧/૪/૧૭ ના રોજ હનુમાન જયંતિની ઉજવણીના પાવન પ્રસંગે ભક્તોને ઉપસ્થિત રહેવા અનુરોધ છે.

# યુપી, ગોવા બાદ ગુજરાતમાં ભાજપનો ભગવો લહેરાશે

**બે લાખ સસ્તા મકાનો બનશે : ૩૫૨ હાઉસીંગ પ્રોજેકટ લોંચ : ત્રણ તલાકનું દૂષણ દૂર થવું જોઈએ : વેંકૈયા નાયડુ**

અમદાવાદ

ગુજરાતમાં આગામી વિધાનસભા ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન જ ફરી એકવાર છવાશે. ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, ગોવા, મણિપુરમાં ઐતિહાસિક દેખાવ બાદ હવે ગુજરાતની ચૂંટણીમાં પણ ભાજપનો ભગવો લહેરાશે અને પક્ષ એકવાર ફરીથી સત્તા હાંસલ કરશે એ મતલબનો આશાવાદ આજે કેન્દ્રીય ગૃહનિર્માણ મંત્રી વૈંકેયા નાયડુએ વ્યકત કર્યો હતો. ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે ક્રેડાઈના ૩૫૨ એફોર્ડેબલ હાઉસીંગ પ્રોજેક્ટ્સને લોન્ચ કર્યા બાદ રાજયની ચૂંટણી વિશે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય મંત્રીએ આ આશાવાદ વ્યકત કર્યો હતો. રામમંદિર મુદ્દે પૂછાયેલા એક પ્રશ્નના પ્રત્યુત્તરમાં તેમણે જણાવ્યું કે, રામ મંદિર માટે બંને પક્ષે સમાધાનકારી વલણ અપનાવી એકસંમતિ સાધવી જોઈએ તો તેનું નિરાકરણ શકય બને.ત્રણ તલાકના મુદ્દે પણ તેમણે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું હતું કે, હિન્દુ ધર્મમાં સતી પ્રથા અને બાળલગ્ન જેવા સામાજિક દૂષણો દૂર થયા છે તે જ પ્રકારે મુસ્લિમ ધર્મમાં પણ ત્રણ તલાકનું દૂષણ દૂર થવું જોઈએ. આ માટે ખુદ મુસ્લિમ ધર્મના જાગૃત ધર્મગુરૂઓએ આગળ આવવું જોઈએ અને મુસ્લિમ મહિલાઓના અધિકારની રક્ષા કરવી જોઈએ. કેન્દ્રીય મંત્રી વૈંકેયાનાયડુએ જણાવ્યું કે, ભાજપે કરેલા કામો અને તેની વિકાસની નીતિને ધ્યાનમાં રાખીને ગુજરાતની પ્રજા ફરી એકવાર ભાજપને શાસનનું સુકાન સોંપશે. કેન્દ્રના એફોર્ડેબલ હાઉસીંગ પ્રોજેક્ટસમાં રોકાણની પહેલ કરવા બદલ તેમણે ક્રેડાઈની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, તેમના મંત્રાલય અને નેશનલ હાઉસીંગ દ્વારા પ્રોજેક્ટ્સનો હિસ્સો બનનાર લાભાર્થીઓને પીએમએવાય(શહેરી) હેઠળ જરૂરી લાભ અને સહકાર આપશે. તેમણે ક્રેડાઈના દેશના ૧૭ રાજયોમાં ૫૩ શહેરોમાં ૩૫૨ પ્રોજેક્ટ્સ લોંચ કર્યા હતા. ક્રેડાઈ દ્વારા ૨,૦૩,૮૫૧ એફોર્ડેબલ મકાનોનું નિર્માણ કરાશે. આ માટે ક્રેડાઈના સભ્યો દ્વારા કુલ રૂ.૩૮,૦૦૩ કરોડથી વધુનું રોકાણ કરાશે. ક્રેડાઈના આ એફોર્ડેબલ પ્રોજેકટમાં એફોર્ડેબલ મકાન બનાવવાનો ખર્ચ પ્રત્યેક મકાન દીઠ રૂ.૧૮ લાખ સાથે આશરે રૂ.૧૫થી રૂ.૩૦ લાખની વચ્ચે આવશે. ક્રેડાઈ દ્વારા ગુજરાતમાં અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ, સુરત, નવસારી, ભાવનગર સહિતના શહેરોમાં એફોર્ડેબલ મકાનોનું નિર્માણ કરાશે. આ માટે કુલ રૂ.૯૫૨૫ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ કરવામાં આવશે.

# ફી નિયંત્રણ વિધેયકની સામે શાળા સંચાલક મંડળની બેઠક

અમદાવાદ

ગુજરાત સરકારના ઐતિહાસિક સ્વનિર્ભર શાળા ફી નિયમને વિધેયક બાદ વિદ્યાર્થીઓ અને વાલીઓ ગેલમાં આવી ગયા છે ત્યારે સ્વનિર્ભર શાળા સંચાલકોના જાણે મોતિયા મરી ગયા છે. સરકારના નવા સૂચિત કાયદાને લઈ કફોડી સ્થિતિમાં મૂકાયેલા રાજયના સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા અમદાવાદમાં એક મહત્વની બેઠક બોલાવવામાં આવી હતી. બેઠકમાં સરકારના નવા સૂચિત કાયદા સામે કઇ રીતે લડત આપવી તે મુદ્દે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. આજની બેઠકમાં રાજયના જુદા જુદા જિલ્લાઓમાંથી સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. સંચાલક મંડળ દ્વારા પોતાનું વલણ સ્પષ્ટ કરતાં જણાવાયું હતું કે, તેઓ સરકારના સ્વનિર્ભર શાળા ફી નિયમન વિધેયક અને તેના નવા જે નિયમો અમલમાં આવવાના છે તેનો પૂરતો અભ્યાસ કર્યા બાદ જ સરકારના નવા સૂચિત કાયદાને કોર્ટમાં પડકારવાનો નિર્ણય કરશે. હાલના તબક્કે તેઓ એ વાતની પણ રાહ જોઇ રહ્યા છે કે, સરકાર દ્વારા ફી નિયમન કાયદાના જે નવા નિયમો ઘડાઇ રહ્યા છે તેમાં સ્વનિર્ભર શાળા સંચાલકો માટે વાંધાજનક અથવા તો, તેમની શાળાના વહીવટ અને શિક્ષણમાં અંતરાયરૂપ કોઇ નિયમો

**અનુસંધાન પાના નં.૬**

વડાપ્રધાનની ગુજરાત મુલાકાત અગાઉ

# ૫૮૬ મંડળમાં ભાજપ યુવા મોરચા દ્વારા સ્વચ્છતા ઝુંબેશ

અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૭મી એપ્રિલના રોજ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આ અગાઉ ભાજપ યુવા મોરચા દ્વારા રાજયના તમામ ૫૮૬ મંડળમાં સ્વચ્છતા અભિયાનનો આરંભ કરવામાં આવ્યો છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર આજે પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ ભાઈપુરા વોર્ડ, અમરાઈવાડી, કર્ણાવતી ખાતે ભાજપા યુવા મોરચા પ્રેરિત સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. પટેલે વધુમાં જણાવ્યું હતું કે, તા. ૧૭મી એપ્રિલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે પધારી રહ્યા છે ત્યારે ભાજપા યુવા મોરચા દ્વારા સમગ્ર રાજયમાં તમામ ૫૮૬ મંડલમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાશે. ડૉ.પટેલે વધુમાં જણાવ્યું હતું કે, પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ સૌ પ્રથમ ભાઈપુરા વોર્ડના કાઉન્સિલ સુધાબેન સાગરના ઘરે એક સમરસતા બેઠક યોજી હતી, પ્રમુખએ દલિત બેનને ત્યાં ચા-નાસ્તો કરીને સામાજિક સમરસતાનુ ઉદાહરણ પુરુ પાડ્યું હતું અને ગૌ માતાનું પૂજન કર્યું હતું. વાઘાણીએ ઉપસ્થિત સૌ કાર્યકરોને સંબોધતા જણાવ્યું હતું કે, સ્વચ્છતા અભિયાન માત્ર પ્રતીકાત્મક ન બની રહેવુ જોઈએ પણ આપણુ ઘર, ગલી, મહોલ્લો, વોર્ડ સ્વચ્છ રાખવાની આપણી સૌની જવાબદારી છે. વડા પ્રધાન મોદી દ્વારા આદરેલા સ્વચ્છતા અભિયાન, બેટી બચાવો, બેટી પઢાઓ અભિયાન વિશે વાત કરતા જણાવ્યું હતું કે આ અભિયાનો જન આંદોલન માં પરિવર્તિત થઈ ચુક્યા છે અને દેશની પ્રજાએ આ ઝુંબેશને ઉપાડી દીધી છે. વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, સ્વચ્છતાની લડાઈ એ ખાસ કરીને ગરીબોની તંદુરસ્તી માટેની ખાસ લડાઈ છે, આ લોકજાગૃતિ જન આંદોલન માં પરિવર્તિત થાય અને સ્વચ્છતા થકી આપણે એક સ્વસ્થ અને સશક્ત ભારતનું નિર્માણ કરી શકીશું તેમ તેમણે વાઘાણીએ ભારપૂર્વક જણાવ્યું હતું.

**અનુસંધાન પાના નં.૬**

# અમદાવાદમાં ફરીથી લવ જેહાદ સામેના લખાણોથી ચકચાર

અમદાવાદ

શહેરમાં ફરી એકવાર લવ જેહાદ સામેના લખાણો લખાયેલા જોવા મળ્યા છે. શહેરની એચએ કોલેજ, એસએમપી કોલેજ, નવગુજરાત કોલેજ, રિવરફ્રન્ટ, ઈન્કમટેક્ષ અંડરપાસ, મીઠાખળી અંડરપાસ, સીજી રોડ, ભવન્સ કોલેજ અને એસજી હાઈવે સહિતના વિસ્તારોમાં દિવાલો પર ''સે નો ટુ લવ જેહાદ''ના લખાણ લખાયેલા જોવા મળ્યા છે. જેને લઈ શહેર પોલીસથી લઈ તંત્ર દોડતું થયું છે. બજરંગ દળના નામથી લખાયેલા આ લખાણોને પગલે ફરી એકવાર શહેરમાં ભારે ચકચાર મચી ગઈ છે, ખાસ કરીને યંગસ્ટર્સમાં ચર્ચાએ ભારે જોર પકડયું છે. તો બીજીબાજુ, રાજકીય પક્ષોમાં પણ આ મુદ્દો ગરમાયો છે. જો કે, બજરંગદળે આવા લખાણોને સમર્થન આપ્યુ નથી. ઉત્તરપ્રદેશની ચૂંટણી બાદ અઠવાડિયા પહેલાં જ શહેરમાં લવ જેહાદના મુદ્દે પ્રદેશ કોંગ્રેસ ઓફિસ તેમ જ વિવિધ કોલેજની બહાર લખાણો જોવા મળ્યા હતા. જેને લઈ જબરદસ્ત ચકચાર મચી ગઈ હતી. કોંગ્રેસે આ લખાણોને વખોડી કાઢયા હતા. તંત્ર દ્વારા આવા ભડકાઉ લખાણો પર તાત્કાલિક ચુનો મારી દેવાયો હતો. દરમ્યાન શહેરમાં ફરી એકવાર વિવિધ કોલેજો અને જાહેર માર્ગની દિવાલો પર હિન્દુ દિકરીઓ લવ જેહાદથી સાવધાન, સુધરો નહી તો સુધાર દેંગે, બજરંગદળ, સે નો ટુ લવ જેહાદ-બજરંગદળ જેવા લખાણો લખાયેલા જોવા મળ્યા હતા. જેને લઈ પોલીસતંત્રને પણ ગંભીર નોંધ લેવી પડી હતી. છાશવારે આ પ્રકારના ભડકાઉ લખાણો લખી શહેરની શાંતિ ડહોળવાની હીન ભાવના રાખતા તત્વો સામે પોલીસ સહિત સત્તાતંત્રએ આકરા પગલાં લઈ કાયદેસર કાર્યવાહી કરવી જોઈએ તેવી ચર્ચા પણ લોકોમાં આજે જોરશોરથી ચાલી હતી.

## તંત્રી સ્થાનેથી ...

### વાસના જ પુનર્જન્મનું કારણ છે.

# ભારત- બાંગલાદેશ વચ્ચે અનેક ક્ષેત્રોમાં સહયોગની સમજુતિ

ભારતે જે જે રાષ્ટ્રો સાથે સારા સંબંધો વિકસાવ્યા છે તેનાથી પાકિસ્તાનને પેટમાં ગરબડ થઈ ઉઠે છે. ભારતે હંમેશા અમેરિકા સહિત મોટાભાગના રાષ્ટ્રો સામે દ્વિપક્ષી વાટાઘાટો કરી છે અને રાજદ્વારી સંબંધો વધ્યા છે. ત્યારે ભારતની સત્તાવાર મુલાકાતે બાંગલાદેશના વડાપ્રધાન શેખ હસીના અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે અનેક સમજુતિઓ પર સહી સિક્કા કરવામાં આવ્યા છે, બાંગલાદેશ સાથે વર્ષોથી જે રાજદ્વારી સંબંધો છે તે અંગે પાકિસ્તાન તેમજ અન્ય મુસ્લિમ રાષ્ટ્રોને અંદરોઅંદર અનેક શંકાઓ પેદા થઈ રહી છે,

બાંગલાદેશના વડાપ્રધાન શેખ હસીનાને આવકારવા વડાપ્રધાન મોદી તમામ પ્રોટોકોલનો ભંગ કરીને એરપોર્ટ પહોંચ્યા હતા. એક સામાન્ય નાગરિકની જેમ મોદીએ શેખ હસીનાની નજીક જઈને સહર્ષ આવકાર આપ્યો હતો. જો કે પોલીસ અને અન્ય તકેદારી રાખનારા અધિકારીઓ પણ અચંબામાં મુકાઈ ગયા હતા. પી.એમ. મોદી શેખ હસીનાને આવકારવા સામે પહોંચ્યા ત્યારે સામાન્ય ટ્રાફિકને રોકવામાં આવ્યો ન હતો. મોદીની સાથે તેમના ડ્રાયવર અને એસ.પી.જી. ઓફિસર જોડાયા હતા.

ભારત અને બાંગલાદેશ વચ્ચે નાગરિક પરમાણું સહયોગ તેમજ સંરક્ષણ સહયોગ સહિત ૨૫ જેટલા દ્વિપક્ષી કરારો પર સમજુતિ કરવામાં આવી છે, શેખ હસીનાએ ત્રાસવાદીઓની સમસ્યાને ગંભીર ગણાવી હતી અને બંને રાષ્ટ્રોએ સહકારની ભાવનાથી ત્રાસવાદને ઉખેડી ફેંકી મારવા માટે એકબીજાને સમર્થન આપ્યું હતું.

વિદેશી મહાનુભાવોને આવકારવા આ પહેલીવાર પ્રોટોકોલનો ભંગ કર્યો હોય એવું નથી. આ અગાઉ અબુધાબીના શહેઝાદા શેખ મોહમ્મદ બિનઝાયદ જ્યારે ભારતની મુલાકાતે આવ્યા ત્યારે પણ વડપ્રધાન મોદી ટ્રાફિકને અવરોધ્યા વિના એરપોર્ટ પહોંચી ગયા હતા.

બાંગલાદેશના વડાપ્રધાન બન્યા પછી શેખ હસીનાની ભારતમાં આ પ્રથમ દ્વિપક્ષીય મુલાકાત છે, ગત શનિવાર શેખ હસીના અને વડાપ્રધાન મોદી વચ્ચે અનેક મુદ્દાઓ પર દ્વિપક્ષી ચર્ચા- વિચારણા હાથ ધરી હતી. તેમાં આતંકવાદનો મુદ્દો અગ્રસ્થાને રહ્યો હતો.

વર્તમાન સંજોગોમાં બાંગલાદેશના લશ્કરને વધુ મજબુત બનાવવા અને સાધન સામગ્રી ખરીદવા ૫૦ કરોડ ડોલરની લોન ભારત તરફથી આપવામાં આવનાર છે. અગાઉ મોદીએ જ્યારે બાંગલાદેશની સત્તાવાર મુલાકાતે ગયા હતા. ત્યારે ઢાકામાં સહાય કરવાની જાહેરાત કરી હતી. જો કે ભારત વર્ષોથી અફઘાનિસ્તાનને પણ મદદ કરતું આવ્યું છે, ત્યાં જે મહત્વના માર્ગો છે તેનું ભારતની સહાયથી નિર્માણ થયું છે. તેમજ ત્રાસવાદીઓના હુમલાને પડકારવા ભારતીય સૈનિકોને અફઘાનિસ્તાન મોકલવામાં આવ્યા હતા અને તાલિબાન સંગઠનના અનેક ત્રાસવાદીઓનો સફાયો કરવામાં આવ્યો હતો.

બાંગલાદેશના વડાપ્રધાન શેખ હસીના પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી બેનરજી સાથે તિસ્તા જળ સમજુતિ બાબતે ચર્ચા વિચારણા કરે તેવી સંભાવના પણ જણાય છે. આ સમજુતિમાં જે અવરોધો છે તેને કદાચ દૂર કરવામાં આવશે.

શેખ હસીના ભારત આવ્યા છે ત્યારે બંને દેશો વચ્ચે રેલ્વે સહયોગ વધારવા મહત્વના કરાર પર સહી સિક્કા થવાની પણ સંભાવના જણાય છે. કોલકત્તા અને ઢાંકા વચ્ચે મૈત્રી એક્સપ્રેસ ટ્રેનને સંપૂર્ણ એસી બનાવવામાં આવનાર છે. બંને દેશો વચ્ચેની પેસેન્જર ટ્રેન ખુલના અને કોલકત્તા વચ્ચે શરૂ થશે.

# બે દિવસ પાણી ન આવે તો પણ હેરાનગતિ વધી જાય છે.. ભવિષ્યમાં પાણી ખુટી જશે ત્યારે શું..

**સંવેદના**
**પ્રવિણ એમ. નાઈ**

ગુજરાતમાં ચોમાસું અનિયમિત છે.ક્યારેક ખુબ જ વરસાદ પડે તો ક્યારેક નહીવત.. અહીં એવા કેટલાય ગામડાઓ છે કે જ્યાં પાણીની ખુબ જ તંગી જોવા મળે છે. વરસાદની અનિયમિતાને લીધે ભુગર્ભ જળની સપાટી દિનપ્રતિદિન સતત ઘટતી જાય છે. બનાસકાંઠાના સરહદી વિસ્તાર, કચ્છ સહિત અહીં એવા ઘણા બધા પ્રદેશો છે કે જ્યાંના લોકો માત્ર ખેતી આધારીત જીવન જીવે છે.અને ખેતી પણ વરસાદ આધારીત.જો વરસાદ પડે તો ચામાસામાં પાક થાય.. નહીતર કોરૂધાકોર ઉજ્જડ રણ જેવી ફળદ્રુપ જમીન દેખાય. ઠીક છે કે, સરકારના પ્રયાસથી ગુજરાતમાં નર્મદાના નીર અને સુજલામ સૂફલામના પાણી વહેતા થયા છે. તેના લીધે ઘણાં બધાં ગામડાઓને રાહત થઈ છે. સરકાર તેનું કામ કરશે વરસાદ પણ વરસાદનું કામ કરશે,પણ આપણે શું કરીએ! એ વર્તમાન સમયમાં વિચારવાની જરૂર છે.

ભૂગર્ભ જળ સપાટી સતત ઘટતી જવાનું મુખ્ય કારણ એ પણ છે કે, પાણીનો મનફાવે તેમ ઉપયોગ કરવો. કુદરતે પાણીને બક્ષીસ રૂપે આપ્યું છે તેને આપણે યોગ્ય રીતે ઉપયોગ કરી શકતા નથી. જે વિસ્તારમાં પાણી નથી ત્યાંના લોકો પાણી માટે તરફડે છે..પિવાના પાણી માટે એકાદ બે કિ.મી. ચાલતા જાય છે. ખારૂ પાણી ઘણુંય હોય પણ શું કરવાનું. પિવાના પાણીની વાટ જોઈને બેઠેલા લોકો પાણીનું ટેન્કર આવતા જ દોટ મૂકે છે. અને જે મળ્યું તે ખુબ જ એવો સંતોષ માનીને ઘેર આવે છે. ત્યારે એનાથી જે વિસ્તારમાં પાણી વધુ છે ત્યાંના લોકો પાણીને સમજતા નથી. જ્યારે પાણી ઘરોમાં નળ દ્વારા આવવાનું હોય તે પહેલાંની ગટરો સૂકી ભઠ્ઠ હોય છે. અને જેવું પાણી છોડવામાં આવે કે તુરત જ ગટરો પાણીથી ઉભાઈ જાય છે. પાણી વાપરવાની કોઈ ના પાડતું નથી પણ વધારાનું પાણી વેડફો શો શું કામ.? દેખાદેખી પણ હોય છે, બાજુનો પાડોશી કપડાં ધોવા માટે નળ ખૂલ્લો રાખીને કપડાં ધોવે છે, તો હું શું કામ નળ તરત બંધ કરૂ.! બાજુના ઘરવાળો નળને બંધ કરતો જ નથી તો હું શું કામ બંધ કરૂ.! આમ એકબીજાની અડાસડીમાં પાણીને મનફાવે તેમ જવા દે છે. નાહી લીધા બાદ અને કપડાં ધોઈ લીધા પછી નળનું પાણી ખુલ્લી રીતે જવા દેવું..આ બાબતે લોકો જાતે જાગૃત થાય તે જરૂરી છે.નળમાંથી પાણી ના આવે ત્યારે લોકો હાંફળા ફાંફળા થઈ જાય છે,પાણીનું મુલ્ય સમજવા લાગે છે..મોટી મોટી વાતો કરવા લાગે છે.અને જેવું પાણી આવે કે તુરંત મનફાવે તેમ ઉપયોગ ચાલું, પાણીનું એક ટીપું કેટલું મહત્વનું છે, એ લોકો ક્યારે સમજશે.? કદાચ સમય લાગશે.

જે વિસ્તારમાં પાણી નથી ત્યાં દરરોજના કેટલાયે દયનીય દ્દશ્યો સર્જાતાં હોય છે..આવા દ્દશ્યો આપણે જોઈએ તો પણ ઉંડે ઉંડે એવો વિચાર જરૂર આવે કે પાણીને ખપ પુરતું જ વાપરીએ. સાબરમતી નદી બાજુમાં વહી જતી હોવા છતાં ગાંધીજી પાણીની કરકસર કરતા..બાપુના વિચારો આપણે ભૂલી ગયા છીએ.પણ એવું લાગે છે કે પાણી ખૂટી જશે ત્યાર પછી આ બધુ સમજાશે. એક દ્દશ્ય જોયું. ગરીબાઈમાંથી પસાર થતું એક કુટુંબ, માંડ માંડ પોતાના જીવનનું ગુજરાન કરી રહ્યું છે કપડાં પણ ફાટેલાં પહેરવા પડે છે. એક સાંધીએ ત્યાં તેર તૂટતા ત્યાં પાણીની સમસ્યા કંઈક બક્ષીસ રૂપે મળી હોય તેવું તે કુટુંબના સભ્યોને લાગ્યું. તે કુટુંબની એક બાઈ કેડમાં છોકરૂ,માથે બેડું અને મેલાં ફાટેલાં કપડામાં પાણીના ટેન્કરની વાટ જોતી એક કલાકથી ઉભી છે. તે જે લાઈનમાં ઉભી છે તેનાથી આગળ દશ બીજી સ્ત્રીઓ પણ પાણીની સામે મીટ માંડીને ઉભી છે. કે,ક્યારે આવે ટેન્કર અને અમે પાણી ભરીને ઘેર જઈએ. એટલામાં ટેન્કર આવે છે.. ન જાણે શું થયું કે આજે ટેન્કરમાં પાણી થોડું હતું. ટેન્કરની પાઈપમાંથી પાણી ભરવાનું સ્ત્રીઓએ ચાલું કર્યું. દરેક જણ ત્રણ કે ચાર વાસણ લઈને આવેલા.. પોણા કલાક બાદ પેલી ગરીબ બાઈનો નંબર આવ્યો.જેવી તે બાઈપાણી ભરવા પાઈપની નીચે પોતાનું બેડું મુકવું ને પાણી બંધ થઈ ગયું. આ હા હા..બાઈને અચાનક ધ્રાશકો પડ્યો. રડવું છે પણ અંદર જ સમસમી ગઈ. રૂદનને અંદર જ રોકી રાખ્યું. ટેન્કરવાળા ભાઈઓએ પાઈપને સમેટી નાખીને પોતાની જાણે ફરજ પુરી થઈ હોય તેમ માનીને ત્યાંથી ચાલ નીકળ્યા. પણ પેલી બાઈ અને તેની પાછળના નંબરવાળા પાણીથી તલસતાં એમનું શું.. ટેન્કર તો દરરોજનું એક વખત જ આવે.. રાત કેવી રીતે કાઢવી.

આવા દ્દશ્યો જોવા ન પડે એ માટે અત્યારથી પાણી બચાવવાનો પ્રયાસ જરૂર કરીએ.. જાતે સુધરવાની જરૂર છે, બીજો કહે અને હું પાણીને બચાવું, એમ નહી. જાતે મનમાં એવું મનોમંથન કરીએ કે, કુદરતની દેણ સમાન પાણી અમૂલ્ય છે,તે ભવિષ્યમાં ખૂટી જાય તેવી સંપતિ છે. આથી ખપ મુજબ પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરીએ,અને ભવિષ્યને બચાવીએ.

**પ્રવિણ એમ.નાઈ રતનગઢ (તા.કાંકરેજ)**

# તેલથી કરો ગર્દન પર માલિશ , કરચલીઓ થશે દૂર

બ્યૂટી- ગરદન અને ચેહરા પર કરચલીઓ હોવાનો કારણ , ત્યાંની ત્વચા પર ડીહાઈડ્રેશનના થવું હોય છે. કેટલાક લોકોમાં આ સમસ્યા વધતી ઉમ્રમાં હોય છે. પણ કેટલાક લોકોને ઓછી ઉમરમાં જ આ સમસ્યાથી પરેશાન થઈ જાય છે. તમે ઈચ્છો તો આ ઘરેલૂ ઉપચાર અજમાવીને પણ ગર્દન અને ચેહરાની કરચલીઓથી છુટકારા મેળવી શકો છે.

**૧. કેસ્ટર ઓયલ**
કેસટર ઓયલમાં બહુ બધા પોષક તત્વ હોય છે. આ ત્વચાને ડીહાઈડ્રેટ કરી તેને નરમ બનાવે છે. તેને ગરદન પર લગાવીને મસાજ કરવાથી કરચલીઓ દૂર થઈ જાય છે.

**૨. પેટ્રોલિયમ જેલી**
પેટ્રોલિયમ જેલીથી કરચલીઓ વાળી ત્વચા પર લગાવવાથી મદદ મળે છે. કરચલીઓ ધીમે-ધીમે મટવા લાગે છે. ૩. વિટામિન ઈ તેલ
ઓછીઉમ્રમાં જ કરચલીઓની સમસ્યા થતા વિટામિન ઈ નો તેલ લગાડો અને સારાથી મસાજ કરો. ગરદનની કરચલીઓ મટી જશે.

**૩. વિટામિન ઈ તેલ**
ઓછીઉમ્રમાં જ કરચલીઓની સમસ્યા થતા વિટામિન ઈ નો તેલ લગાડો અને સારાથી મસાજ કરો. ગરદનની કરચલીઓ મટી જશે.

# માત્ર ૧૫ મિનિટમાં થશે બ્લેકહેડસ દૂર

બ્લેક હેડ્સની સમસ્યા એક એવી સમસ્યા છે જેનાથી ચેહરા ખરાબ જોવાવા લાગે છે. કેટલાક તેને દબાવીને કે નોચીને કાઢવાની ભૂલ કરે છે. જેનાથી ત્વચા પર નિશાન પડી જાય છે. આથી આજે અમને તમારા માટે બ્લેકહેડસની સમસ્યાને દૂર કરી શકો છો. આજે અમે તમને કેટલાક એવાજ ઉપાય જણાવીશ જેના મદદથી
તમે ૧૫ મિનિટમાં બ્લેક હેડસની સમસ્યાથી છુટકારો મેળવી શકો છો.

**૧. બેકિંગ સોડા**
3 ચમચી પાણીમાં 3 ચમચી બેકિંગ સોડા મિક્સ કરી અને ત્વચા પર લગાડો. થોડી વાર પછી તેને હળવા ગર્મ પાણીથી સાફ કરી લો.

**૨. લીંબૂ**
દિવસમાં 3 વાર બ્લેકહેડ્સ જગ્યા પર લીંબૂનો રસ કાઢી લગાડો. બ્લેકહેડ્સ એકદમ સાફ થઈ જશે.

**૩. ઓટસ અને ગુલાબ જળ**
ઓટસ અને ગુલાબ જળને મિક્સ કરી માસ્ક બનાવો અને ૧૫ મિનિટ માટે ચેહરા પર લગાડો.

**૪. કાચા બટાટા**
કાચા બટાટાની સ્લાઈસને લઈને બ્લેકહેડસ જગ્યા પર રગડવું અને થોડા સમય સુધી મસાજ કરતા રહેવું. ત્વચા સાફ થઈ જશે.

**૫. દ્રાક્ષ (અંગૂર)**
અંગૂરને મેશ કરી પેસ્ટ બનાવી લો. અને તેને બ્લેકહેડના ઉપર લગાડો અને ૧૫ મિનિટ સૂકયા પછી હૂંફાણા પાણીથી ચેહરા ધોઈ લો.

# બંધ સમયે ચિત્ત ચેતીએ! ઉદયે શો સંતાપ ?

"સાહેબજી! હું ખૂબ દુઃખી છું,રાત્રિ-દિવસ ઉંઘ નથી આવતી; આખો દિવસ દુર્ધ્યાનિમાં જાય છે, ખાવાનું પણ ભાવતું નથી" એક પરણીત બેનના બોલ ઉપર સામો જ પ્રશ્ન આવ્યો, "પણ બહેન તમારે એવું શું દુઃખ આવી પડ્યું છે કે તમો આટલા બધા બેચેન રહો છો ?"

સાહેબજી મારા લગ્નને ૧૫ વર્ષ થઈ ગયા. હજી મારો ખોળો ભરાણો નથી.. હું માતા બની શકી નથી. મારી બન્ને બહેનપણીને દરેકને બે બે બાળકો છે તેથી એ બન્ને ખૂબ ખુશખુશાલ રહે છે.. એમના હર્ષ-કિલ્લોલ કરતા બાળકો જોઈને હું મારા આવા પુણ્યના અભાવથી અધિક દુઃખી બનું છું..પણ પ્રભું ! આમાં બીજા કોઈનો કાંઈ જ વાંક નથી.. હું મારા જ પાપકર્મના ઉદયથી દુઃખી છું.. પરણીને સાસરે આવી. સસુરાલ પૈસે ટકે ખૂબ સુખી.. મારો વર વરણાગી રંગરંગીલો.. વિવિધ દેશ-પ્રદેશમાં ફરવાનો શોખીન.. હું પણ એવી જ.. લગ્નના થોડા જ માસમાં હું ગર્ભવતી બની.. મારૂં હરવા-ફરવાનું સુખ લૂંટાઈ જશે એવા ખ્યાલથી મારા વરની અનિચ્છા છતાં એના ઉપરવટ થઈ મેં એને પટાવી બે માસના ગર્ભનો ગર્ભપાત કરાવ્યો.. એને યમસદનમાં મોકલી દીધો.. મારૂં આ ભયંકર પાપ હવે મને કોરી ખાય છે,હું શાંતીથી શ્વાસ પણ લઈ શકતી નથી.. પ્રભુ મારી ગમગીની દૂર થાય તેવા ઉપાયો બતાવો" રડતી આંખે બેન બોલ્યા.સદગુરૂએ એમને કર્મના બંધ એના વિપાક વગેરે વિગતવાર સમજાવ્યા..અધિકૃત ગુરૂજીને ફરીથી વિગતવાર જણાવી એનું પ્રાયશ્ચિત-દંડવહન કરી પુનઃ નિર્મળ થવું-પાપ રહિત બનવાનું સમજાવ્યું.ઈતિ હા ! યાદ રહે સુંદર ગુણવતી પુણ્ય પંક્તિ"બંધ સમય ચિત્ત ચેતીએ ઉદયે શો સંતાપ" ?

**પૂજ્ય શ્રી ગુણસુંદર વિજયજી ગણી.**

## આત્મચિંતન

# બીજાઓ પર આશ્રીત રહેવું પાપ છે

પરાશ્રિત થવાથી મનુષ્યે પોતાનું સન્માન ગુમાવવું પડે છે. તે બીજાઓની દયા પર જીવે છે. આથી તેની માનસિક ગુલામીની શરૂઆત થઈ જાય છે. આ સૌથી ખરાબ ગુલામી છે. બીજાઓની દયા તથા કૃપા મેળવવા માટે તેને પોતાના આત્માની વિરૂદ્ધ જવું પડે છે. પોતાના આત્માને દબાવવો પડે છે.

આથી દાન લેવું તે આપણા માટે શરમની વાત હોવી જોઈએ. જેઓબીજાઓ પાસેથી પણ મેળવીને જીવનમાં સુખ અને સફળતા ઈચ્છે છે. તેઓને કષ્ટ, નિરાશા, પશ્ચાતાપ અને અનાદર સિવાય કાંઈ જ નથી મળતું. આથી પોતાના પગ પર જાતે જ ઉભા થાઓ. બીજાઓ પાસે અજ્ઞાન રાખો. તમે મનુષ્ય છો, કુતરાં નહીં કે કોઈએ દયા કરીને એક ટુકડો ફેંકી દીધો અને તમે પુંછડી હલાવવા લાગ્યા. તમે ઈશ્વરના મહાન પુત્ર છો. તમે સર્વ સમર્થ છો, તમે ક્ષમતાવાળા છો, તમે ફકત તમારા અપાર બળને ભુલી ગયા છો પોતાની ઉપર ભરોસો રાખો, પોતાની મહાનતા પર વિચાર કરો, પોતાના અજ્ઞાનને દુર કરો, સિંહના પુત્ર હોવા છતાં તમે બકરીઓની માફક બેં બેં કરો છો. યાદ રાખો ભગવાને તમને હાથ, પગ, બુધ્ધિ બધું જ આપ્યું છે. જો પરીસ્થિતિ અનુકુળ ન હોય તો તમારે કયારેક બીજાનો આશ્રય સ્વીકારવા મજબુર થવું પડે તો તેમાંથી વહેલી તકે બહાર નીકળવાનો પ્રયત્ન કરો, આત્મનિર્ભર બનો. **ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# ગુજરાતે ટ્રાન્સસ્ટેડિયામાં પ્રારંભ કર્યો એમએક્સઆઈએમ ફૂટબોલ ફેસ્ટિવલનો



અમદાવાદ,

મિશન ઈલેવન મિલિયન ફેસ્ટિવલે એના રાષ્ટ્રીય પ્રસારનો પ્રારંભ અમદાવાદ સ્થિત ટ્રાન્સસ્ટેડિયાના અરીનાથી કર્યો હતો. ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનના પ્રેસિડન્ટ પ્રફુલ પટેલ, ભારતીય ટીમના ભૂતપૂર્વ કેપ્ટન ભાઈચુંગ ભુતિયા, બોલિવુડ સ્ટાર હિતિક રોશન અને ટ્રાન્સસ્ટેડિયાના સ્થાપક અને એમડી ઉદિત શેઠની હાજરી વચ્ચે ૬,૦૦૦ બાળકોએ આ અવસરનો ઉત્તેજનાસભર આનંદ માણ્યો હતો. ૧.૭ મિલિયન બાળકો સુધી પહોંચવાની એમએક્સઆઈએમની સફળતાનો આનંદ માણતાં વિદ્યાર્થીઓ એક્ઝિબિશન ગેમ્સ સહિતની પ્રવૃત્તિઓમાં જોડાયા હતા અને હિતિક રોશન અને ભાઈચુંગ ભુતિયાની હાજરીમાં તેમણે પોતાના કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. ગુજરાતમાં ખેલકૂદની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપીને અને ખેલકૂદયોગ્ય વાતાવરણનું નિર્માણ કરીને સરકારનો પ્રયાસ રાજ્યમાં રમતવીરોને કારકિર્દી ઘડવામાં મદદરૂપ થવાનો છે. આ પ્રશ્નનું પાયારૂપ નિવારણ લાવવા માટે ૨૦૦૮માં ટ્રાન્સસ્ટેડિયાએ ધ અરીનાની સ્થાપના ગુજરાતના તત્કાલીન મુખ્ય પ્રધાન અને હાલમાં દેશના વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સહકારથી કરી હતી. એનો ઉદ્દેશ્ય રાજ્યને ખેલકૂદના એવા વિવિધલક્ષી વિશ્વમાં પરિવર્તિત કરવાનો હતો જ્યાં રમતગમત સહુ માટે સુલભતાથી પ્રાપ્ય હોય અને એ પણ સુનિશ્ચિત કરવાનો હતો કે ગુજરાતના ખેલાડીઓ રાષ્ટ્રીય સ્તરે વધુ સારો ભાગ લઈ શકે."શાળાઓ એ સ્થળ છે જ્યાં ફૂટબોલની હાજરી હોવી જોઈએ, કેમ કે ત્યાં ભવિષ્યની પ્રતિભાઓ અને આજના મહત્ત્વાકાંક્ષીઓ છે. એમએક્સઆઈએમ ફેસ્ટિવલ ફિફા અંડર-૧૭ વર્લ્ડ કપ પૂર્વેનો અનોખો અવસર છે અને તેની શરૂઆત કરવા માટે ફિફાનાં ધારાધોરણ મુજબના દેશના એકમાત્ર એવા આપણા વર્લ્ડ ક્લાસ સ્ટેડિયમથી વધારે સારું સ્થળ બીજું કયું હોઈ શકે? અમે દ્દઢપણે માનીએ છીએ કે આ પ્રકારની ઈવેન્ટ્સ ભવિષ્યમાં ગુજરાતની પોતાની વ્યાવસાયિક ટીમ તૈયાર કરવા માટેની સારી પૂર્વતૈયારી છે. ચાહકો તૈયાર છે, પ્રસારકો ઉત્તેજિત છે અને ખેલાડીઓ મેદાનમાં ઊતરવા માટે થનગની રહ્યા છે."જેમ જેમ ફિફા અંડર-૧૭ વર્લ્ડ કપ નજીક આવતો જાય છે તેમ તેમ દેશ દેશની પ્રથમ આંતરરાષ્ટ્રીય ફૂટબોલ ઈવેન્ટ્સની હારમાળાની પ્રથમ એવી ઈવેન્ટ માટે સજ્જ થઈ રહ્યો છે."ફૂટબોલમાં નામ કાઢતું રાજ્ય બનવાની ભરપૂર ક્ષમતા ગુજરાતમાં છે તેવું મને લાગે છે.આ વરસે ઓક્ટોબરમાં ફિફા અંડર-૧૭ વર્લ્ડ કપ શરૂ થતા પહેલાં મિશન ઈલેવન મિલિયન ૧૧ મિલિયન બાળકો સુધી પહોંચશે. દેશમાં યોજાનારા ફિફા ટુર્નામેન્ટના પ્રથમ પ્રમાણિત પ્રોજેક્ટ એવા ધ એરીના, ટ્રાન્સસ્ટેડિયાનો શાનદાર એમએક્સઆઈએમ ફેસ્ટિવલ આ પ્રોજેક્ટની સફરનું વધુ એક સીમાચિહ્ન પુરવાર થશે.

### ક્રેડાઈના નવા પ્રમુખ શ્રી. જક્ષય શાહ ડેવલપર્સને "હાઉસિંગ ફૉર ઓલ" મિશનમાં જોડાવાની વિનંતી કરે છે, ૭૦,૦૦૦ કરોડ કરતાં વધુના રોકાણ સાથે પરવડે તેવા ઘરોના ૩૭૫ પ્રૉજેક્ટ્સ લૉન્ચ કરે છે



અમદાવાદ

ક્રેડાઈના નવા નિમાયેલા પ્રમુખ જક્ષય શાહે વિવિધ રાજ્ય તથા શહેરના ચેપ્ટર હેઠળ આવતા ક્રેડાઈના ડેવલપર્સ સભ્યો દ્વારા પરવડે તેવા ઘરોના ૩૭૫ કરતાં વધુ પ્રૉજેક્ટ્સમાં ૭૦,૦૦૦ કરોડ કરતાં વધુના રોકાણની પ્રતિબદ્ધતા આપી ભારતના વડા પ્રધાન, નરેન્દ્ર મોદીના હાઉસિંગ ફૉર ઓલના સ્વપ્નને સાકાર કરવા માટેની ક્રેડાઈની પ્રતિજ્ઞાનું પુરરુચ્ચારણ કર્યું હતું. ક્રેડાઈની નવી ટીમના પ્રતિષ્ઠાપન સમારંભમાં હાઉસિંગ તથા શહેરી ગરીબી નિવારણ ખાતાના માનનીય કેન્દ્રીય પ્રધાન શ્રી. એમ. વૈંકૈયા નાયડુએ પ્રૉજેક્ટનું ઉદઘાટન કર્યું હતું. કાર્યક્રમમાં ગુજરાતના નાયબ મુખ્ય પ્રધાન શ્રી. નીતિન પટેલ, ગુજરાતના પર્યાવરણ અને શહેરી વિકાસ ખાતાના પ્રધાન શ્રી. શંકરભાઈ ચૌધરી પણ હાજર રહ્યા હતા.આ પ્રૉજેક્ટ્સ ભારતભરમાં ફેલાયેલા છે અને કુલ ૨૩૭૦૦૦ કરતાં વધુ ઘરો બાંધવા સાથે ૮.૬૦ કરોડ સ્કવૅ. ફૂ. કરતાં વધુ જમીન અને ૨૦.૬૦ કરોડ સ્કવૅ. ફૂ. કરતાં વધુનું બાંધકામ તેમાં થવાનું છે. આ પ્રૉજેક્ટ્સ સાથે સંકળાયેલું રોકાણ ૭૦,૦૦૦ કરોડ કરતાં વધુનું છે. હૉમ લોન્સ તથા કન્સ્ટ્રક્શન ધીરાણ માટે વિશિષ્ટ આર્થિક પૅકેજ તૈયાર કરવા માટે ક્રેડાઈ પોતાના રાષ્ટ્રીય બૅન્કિંગ ભાગીદાર સ્ટૅટ બૅન્ક ઑફ ઈન્ડિયા (એસબીઆઈ) સાથે વાટાઘાટ ચલાવી રહ્યું છે. શ્રી. જક્ષર શાહે હાઉસિંગ તથા શહેરી ગરીબી નિવારણ ખાતાના પ્રધાન શ્રી. એમ. વૈંકૈયા નાયડુને ૨૦૧૭-૨૦૧૯ માટેનું ઘોષણાપત્ર સોંપ્યું હતું. ૫૦ પાનાંના આ ઘોષણાપત્રમાં, કૌશલ્ય વિકાસ, કચરાનો નિકાલ તથા ક્રેડાઈના સામાજિક એજેન્ડા જેવી ક્રેડાઈની પહેલો વિશેની વિગતો છે. ગુજરાતના નાયબ મુખ્ય પ્રધાન, શ્રીતિન પટેલે નવી નેતૃત્વ ટીમને અભિનંદન આપ્યા હતા તથા વધુમાં જણાવ્યું હતુ કે, "દેશના વિકાસમાં યોગદાન આપવામાં ક્રેડાઈએ સાકલ્યવાદી અભિગમ અપનાવ્યો છે એ જોઈને મને આનંદ થયો છે. ભારત સરકારના "હાઉસિંગ ફૉર ઓલ"ના દ્દષ્ટિકોણ તથા ક્રેડાઈ ક્લીન સિટી મૂવમેન્ટમાં (સીસીસીએમ) ગુજરાતના શહેરોનો સમાવેશ કરી સ્વચ્છ ગુજરાત અને સ્વસ્થ ગુજરાતને સાકાર કરવાનો સંકલ્પ સરાહનીય છે."

ક્રેડાઈની સામાજિક પહેલ પોતાના યુવા સભ્યોને સહભાગી કરશે, જેથી નવી પેઢીના નેતૃત્વને તૈયાર કરી શકાય. આ સાથે ક્રેડાઈએ સૌપ્રથમ મહિલા પાંખ શરૂ કરવાની જાહેરાત કરી છે. આ પાંખ મહિલાઓને રિયલ એસ્ટેટ ક્ષેત્રે એકસમાન પ્રતિનિધિત્વ આપવામાં મદદ કરશે તથા જવાબદારીઓ ઉપાડવા માટે મંચ પૂરો પડશે. એક વર્ષમાં ૭૫ શહેરોમાં ૧૦૦૦ મહિલાઓનો સભ્ય આધાર વધારવાનો મહિલા પાંખનો ધ્યેય ધરાવે છે.

# કથાસાગર-સાચા વિશ્વાસનું ફળ

એક સંત ગુરૂ પાસે તેનો એક શિષ્ય કાયમ ગુરૂ પ્રસાદી માટે માગણી કર્યા કરતો. રોજ ગુરૂ કહેતા હજુ વાર છે. એક વખત ગુરૂજી ધ્યાનમાં હતાં. તે વખતે પેલા શિષ્યે પોતાની માંગણી પ્રસાદી માટે કરી હતી. તે વખતે ગુરૂએ ક્રોધમાં આવી જઈ પોતાની પાસે એક લાકડાનો ટુકડો પડ્યો હતો તે ઉપાડી શિષ્ય તરફ ફેંક્યો. શિષ્યને તો પોતાના ગુરૂજી ઉપર દ્દઢ વિશ્વાસ હતો તેથી તેણે તરત જ લાકડાનો ટુકડો માથે ચડાવ્યો અને

ત્યાંથી વિદાય થયો. તે દૂર જઈ એક ગામમાં આવી તે લાકડાના ટુકડાની પ્રેમભાવથી પૂજા કરવા લાગ્યો. ગામના લોકોને તેના ઉપર વિશ્વાસ બેઠો તેથી ઘણા લોકો સવાર-સાંજ તે લાકડાના ટુકડાના દર્શને આવવા લાગ્યા. થોડા દિવસ પછી તે લાકડાના ટુકડાને તે શિષ્યે એક મોટા આસન ઉપર પધરાવી તેની પ્રતિષ્ઠા કરી. એ વાતની ગામની શ્રીમંત વ્યક્તિને ખબર પડતાં તે પણ દર્શને આવ્યો ને પોતાને પુત્ર નહીં હોવાથી લાકડાના ટુકડાના દર્શન કરી તેણે બાધા રાખી. સમય જતાં શ્રીમંત વ્યક્તિને ઘરે પુત્રની પધરામણી થઈ.

શ્રીમંત વ્યક્તિએ બાધા પુરી કરવા માટે તે શિષ્યને એક સુંદર મંદિર બંધાવી આપી તેમની મહંત તરીકે નિમણૂંક કરી અને દિવસે દિવસે તે મંદિરની પ્રતિષ્ઠા વધવા લાગી. થોડા વર્ષ બાદ તેના ગુરૂ અનાયાસે તે ગામમાં આવ્યા અને તેમના શિષ્યના મંદિરમાં રોકાયા. પોતાના શિષ્યના વ્યકિતભાવ અને માન-પાન જોઈ તેમના ગુરૂજી બહુ રાજી થયા ને શિષ્યને તેનું કારણ પૂછતા શિષ્યે પોતાના ગુરૂજીના પગમાં મસ્તક નમાવી બે હાથ જોડી કહ્યું, આ બધું આપની પ્રસાદી (લાકડાનો ટુકડો)નો જ મહિમા છે. મારામાં કોઈપણ જાતની આવડત નથી. આપે મને જે દિવ્ય પ્રસાદી આપી તેની કૃપા વડે આ બધા ભક્તિભાવ અને માન-પાન મને મળ્યા છે.ગુરૂજીએ જાણ્યું કે મારામાં વિશ્વાસ પરિપૂર્ણ હતો તેથી જ પરમાત્માએ તેને આ ફળ વગર પુરૂષાર્થે આપેલું છે. માટે સાચો વિશ્વાસ એ જ ફળ આપે છે.

# સ્વસ્થ રહેવા પ્રોટીનવાળા ખોરાક ખાવાની ટેવ પાડો

આપણા શરીરમાં જરૂરી એવા વિટામીનો અને પ્રોટીનની ઊણપથી આપણને જુદા જુદા રોગો થાય છે. ડૉકટર આપણા શરીરની તપાસ કરીને આપણને ઊણપવાળા પ્રોટિન કે વિટામીનની ગોળીઓ આપે છે. પરંતુ કયા વિટામીનની ઊણપ કયા ખોરાકથી ભરપાઈ થાય છે તે આપણા જ પાઠયપુસ્તકમાં લખેલું હોય છે.જેમકે વિટામીન એ દુધ અને શાકભાજીમાંથી મળે તો વિટામીન સી ખાટા ફળોમાંથી મળે, વિટામીન ડી સુર્યપ્રકાશમાંથી મળે ઈત્યાદિ. પરંતુ આપણને આપણી જીવનપધ્ધતિ બદલવા કરતા ડૉકટરના પગથિયા ઘસવાં વધારે ગમે છે. બાકી જો આપણે માત્ર આપણા ખોરાક પર કાબુ મેળવી શકીએ આપણે ધાર્યા વિટામીન અને પ્રોટીન દવાઓ વગર આપણા જ ખોરાકમાંથી મેળવી શકીએ. પરંતુ આજનો માનવી પોતાના દોડધામ ભર્યા જીવનમાંથી એક ક્ષણ પોતાના આરોગ્ય માટે કાઢવા માંગતો નથી. બલ્કે બિમાર પડવાનું પસંદ કરે છે, પરંતુ આરોગ્ય માટે સમય ફાળવવા તૈયાર નથી. આજે પાણીપુરી, દાબેલી કે પાઉંભાજી જેવા અપોષણના પર્યાય ગણાય તેવા ખોરાક ખાવા લોકો પડાપડી કરે છે. તો જયારે કેળા, સફરજન જેવા ફળોની લારીઓવાળા ગ્રાહકના નામે નિસાસા નાખતા હોય છે. આમ, એક ખોટી ફુડ હેબિટ (ખાવાની ટેવો) વિકાસ પામી છે. ખાસ કરીને નવી પેઢીને એક ખોટો સંસ્કાર મળી રહ્યો છે. સારાંશ એ છે કે આપણે ખાવાની સારી ટેવો વિકસાવીએ તો સામાજીક આરોગ્યનો દર ઉંચો થાય, ખોટા ખર્ચા બચે અને પરિણામે શારિરીક અને માનસિક સ્વસ્થતા પણ વધે. ઉપવાસ કરવો કે થોડું ભુખ્યા રહેવું એ પણ એક સારી ફુડ હેબિટ જ ગણાય.

**લે: કર્દમ ર. મોદી. પાટણ**

# વીઆઈપી બેગ્સ દ્વારા તેના નવા સમર કલેક્શન સેન્ટોર ડીએફટીની રજૂઆત

***ડફલ ફોર્મમાં અપરાઈટ, પ્રિમિયમ સ્ટ્રોલી ડ્યુઓલાઈફ અને સુપર સ્ટાઈલીશ બીટ સામેલ***




**સેન્ટોર ડીએફટી**

સેન્ટોર ડીએફટી એક અનોખી ટ્રાવેલ બેગ છે કે ડફલ ફોર્મમાં અપરાઈટ તરીકે ઉપયોગ થઈ શકે છે. ૪ રીતે કેરીસિસ્ટમ સાથે ડિઝાઈન્ડ જેમકે ટોપ હેન્ડલ, શોલ્ડર સ્ટ્રેપ્સ, સાઈડ હેન્ડલ અને ટ્રોલી સિસ્ટમ સાથેના આ વિશેષતાઓભારે સામાન સાથે પણ સરળતાથી સફરની મજા આપે છે. સ્ટેન અને વોટર રેઝિસ્ટન્ટ સેન્ટોર ડીએફટી એ ટેફલોનકોટેડ છે. તેમાં વિશેષતાઓનો ઉમેરો કરતા આ બેગ અનેકવિધ ઈન્ટિરિયર અને એક્સ્ટિરિયર પોકેટસ બંને સાઈડ્સપર એક્સપાન્ડર્સ સાથે ધરાવે છે. સેન્ટોર ડીએફટી બે મનપસંદ રંગો બ્લુ અને ગ્રેમાં ૩ વર્ષની ઈન્ટરનેશનલ વોરંટી સાથે અને રૂ. ૩૬૯૦થી રૂ. ૭૭૯૦ની કિંમતમાં ઉપલબ્ધ છે.ડ્યુઓલાઈફ તમને તમે જ્યાં પણ જાઓ તમને બિઝનેસ અને આનંદનો સમન્વય કરવાનું લાયસન્સ આપે છે. આપ્રિમિયમ ટ્રોલી કલર મેચિંગ હાર્ડવેર અને અલ્ટ્રા સ્ટાઈલીશ ડિઝાઈન સાથે ઉપલબ્ધ છે. ડ્યુઓલાઈફના ટેફલોન કોટેડફેબ્રિકમાં ધૂળ અને પાણીથી રક્ષણ મળશે. ૩૬૦ ડિગ્રી વ્હીલીંગ તમને ઝડપી ટ્રાવેલ અને સરળતા આપે છે. ૨શ્ડટીએસએ લોક તમને તમારા કિંમતી સામાનને લોક્ડ રાખશે અને સુરક્ષિત રાખશે. ડ્યુઓલાઈફ આ સાથે તમનેતમારા શૂઝ, લોન્ડ્રી અને ટોઈલેટરીઝ માટે ડિટેચેબલ પાઉચીસ પણ આપે છે. મોટી અને મધ્યમ કદની ડ્યુઓલાઈફટ્રોલીમાં દરેકમાં સ્યુટર કિટ હોય છે. ડ્યુઓલાઈફ, એ બિઝનેસ અને પ્લેઝરનું પરફેક્ટ મિશ્રણ છે. કેબિન સાઈઝ્ડ ટ્રોલી ૧૭ ઈંચના ડિટેચેબલ લેપટોપ સ્લીવ સાથે મળે છે. ડ્યુઓલાફ ગાર્નેટઅને બેસાલ્ટ રંગોમાં રૂ. ૬૫૦૦થી૮૬૯૦ની કિંમતમાં મળશે.




# જો સ્વસ્થ રહેવું હોય તો પૂર્વજો જે ખોરાક લેતા હતાં તે લો

સ્વસ્થ રહેવા અને સમયથી પહેલા વૃદ્ધાપણાથી બચવા માટે લોકોને એક સંતુલિત આહારની તલાશ રહે છે. પરંતુ ભારતમાં એક નવી શોધ થઈ છે કે જો તમે લાઈફ સ્ટાઈલના કારણે થનારી બીમારીઓથી બચવા માંગો છો અને સ્વસ્થ રહેવા માંગો છો તો પોતાના પૂર્વજો જેવો જ આહાર લેવાનું રાખો. સ્વાસ્થ્ય વિશેષજ્ઞોનું કહેવું છે કે, દરેક વ્યક્તિ માટે એક જ પ્રકારના ખોરાકની ભલામણ કરવી ભૂલ હશે, પરંતુ આપણે દરેક માટે પાષાણયુગીન (સ્ટોનએજ) ખાણીપીણીથી ઘણું બધુ લઈ શકીએ છીએ. પોષણ અને ખાણીપીણી આપણા પૂર્વજોનો ખોરાક ફાઈબર અને પોષક તત્વોથી ભરપુર હતો, જેનાથી તે ઘણા સ્વસ્થ રહેતા હતા અને જેથી તેઓ વર્ષો સુધી યુવાન દેખાતા હતા. પરંતુ આજકાલ આપણે લોકો જે ખોરાક લઈ રહ્યા છીએ તેમાં ફાઈબર ઓછું અને સોડિયમ વધુ હોય છે. આ જ કારણ છે કે, લીવરથી માંડી હૃદય સંબંધિત બીમારીઓના કેસ વધી રહ્યા છે. જેથી આપણે હવે આપણા પૂર્વજો જે ખોરાક લેતા હતા જેમકે તમામ પ્રકારનાલીલા તથા અન્ય શાકભાજી, ફળ લેવા જોઈએ, ફળ અને શાકભાજી એન્ટી ઓક્સીડેંટથી ભરપૂર હોય છે જે આપણા શરીરથી ફ્રી રેડિકલ્સની આડઅસરને દૂર કરે છે.



# ગરમીમાં થતા ઝાડા ઉલટીની દવાઓ

**હોમીયોપેથીક એક સરળઉપાર** — ડૉ. જગદીશ ધોળકીયા

**જીજ્ઞાસુ મિત્રો,**

આપણે ગત લેખમાં ગરમીથી બિમારી જેમ કે સનસ્ટ્રોક, માથાનો દુ:ખાવો વિગેરે વિશે માહિતી મેળવી તથા તે માટે ઉપયોગી હોમિયોપેથીક દવા વિશે જાણ્યું. આજે આપણે ઉનાળામાં થતા ઝાડા ઉલટી, પેટના રોગો, પાચનક્રિયાના રોગો, પિત્ત, વાયુ વિગેરે બિમારીઓ થાય છે. આજે આપણે તેની હોમિયોપેથીક દવાઓ વિશે માહિતી મેળવીશું.

અસહ્ય ગરમીને લીધે ઘણીવાર પાણી જેવા ઝાડા થતા હોય છે તથા વારંવાર ઉલટી થતી હોય છે. જે ખોરાક ખાવામાં આવે તેમ પાણી જેવા ઝાડા વારંવાર થતા હોય છે તથા પાણી જેવી ઉલટી થાય છે. આજે આપણે ઝાડા માટે ઉપયોગી એવી વેરેટ્રમ આલ્બમ, નેટ્રસસલ્ફ વિગેરે દવાઓ આપવામાં આવે છે. તથા ઉલટી માટે ઈપીકાક, નકસવોમિકા, કોલ્ચીકમ, સેગ્યુનેરીયા વિગેરે દવાઓ ઉપયોગમાં આવે છે.

ઉનાળાની ગરમીથી થતા ઝાડાની ખાસ દવાઓ:

૧.વેરેટ્રમ આલ્બમ : ઉનાળાની સખત ગરમીને લીધે જયારે ઝાડા થાય ત્યારે આ દવા ઉપયોગમાં આવે છે. તડકો લાગવાથી, પેટમાં અસહ્ય વેદના થઈ પાતળા પાણી જેવા ઝાડા થાય, ચોખા ગરમ કરવા મુકો અને ચોખાના પાણી જેવા ઝાડા થાય, પેટમાં ગેસ થાય, ઓડકાર વધારે આવે, જેમ જેમ ઓડકાર આવે તેમ ખાટી ઉલટી થાય. ઉલટી બંધ થાય કે તુરંત જ ઝાડા થાય, દર્દીને ઠંડુ પાણી પીવાનું મન થાય, વારંવાર તરસ લાગે, વારંવાર દર્દી ઠંડુ પાણી પીએ જેમ જેમ પીવે તેમ ઝાડા વધી જાય, ધબકારા વધી જાય, હાથ પગમાં દુ:ખાવો થાય નાડી તેજ ચાલે, એકાએક નાડી બંધ થઈ પાછી ધબકવા લાગે, તે આ દવાનું ખાસ લક્ષણ છે. ઉનાળાની ગરમીમાં વારંવર દસ્ત લાગ્યા પછી હાથ પગ ઠંડા થઈ જાય, કપાળમાં ઠંડો પરસેવો થાય અને દર્દી બેસી પણ ન શકે ત્યારે આ દવા ઉપયોગમાં આવે છે.

૨. નકસવોમિકા : સામાન્ય રીતે આ દવા કબજીયાત માટે વપરાય છે. આ દવા લેવાથી જેને વર્ષોથી કબજીયાત રહે, મળ આવે નહીં, મળ સુકો આવે તે આ દવાથી આરામ થાય છે પણ ઉનાળામાં પેટમાં ગરબડ થાય, પાચન થાય નહીં જે ખોરાક ખાવામાં આવે તે સંડાસ વાટે પાતળો દસ્ત થઈ નીકળી જાય, ગરમીને લીધે વારંવાર સંડાસ થાય,જે લોકોને ઉનાળામાં રાત્રે જાગવાની ટેવ હોય તેમાં પણ ખાસ કરીને જે લોકોને ઘરમાં વૈશાખ મહીનામાં લગ્ન હોય, તેમાં વૈશાખ મહીનાનો અસહ્ય તાપ ગરમી હોય, લગ્નમાં રાત્રીના ઉજાગરા થતા હોય, ફરી ખાવા પીવામાં ચટાકેદાર વાનગીઓ આરોગી હોય, રાત્રીના ઉજાગરામાં પણ વાનગીઓ આરોગવામાં આવી હોય અને તેને ઝાડા કે ઉલટી થાય અને તડકામાં વધારે સમય રહેવાથી ઝાડા ઉલટીની માત્રા વધી જાય ત્યારે આ દવા આપવામાં આવે છે. આ દવા જે લોકો દારૂના બંધાણી છે, ભાંગના બંધાણી છે તથા તબાકુ, સિગારેટના બંધાણી છે તેઓને ઝાડા થાય ત્યારે પણ આ દવા ઉપયોગમાં આવે છે.

૩. ઈપીકાક : સામાન્ય રીતે પેટની તકલીફો શિયાળામાં કે ચોમાસામાં થાય છે પણ ઉનાળામાં સખત ગરમીને લીધે પેટમાં ગરબડ થાય, ઉનાળામાં ચરબી વાળો, ફરસાણ કે ભારે ખોરાક ખાવામાં આવે તો પેટમાં ગરબડ થઈ ગેસ થાય, વા છુટ થાય નહીં, પણ ખોરાક ઉપરના ભાગમાં ઉછળે, ઉબકા આવે, ઉલટી થાય, ત્યારબાદ લીલાં ઘાસ જેવા અથવા કુચા જેવા ઝાડા થાય, ઝાડો ચીકણો થાય, સંડાસમાં કાળા રંગનું લોહી સંડાસમાં નીકળે, ફીણવાળો ઝાડો થાય.

ઘણીવાર નાના બાળકોને ગરમીને લીધે ઝાડા થાય ત્યારે આ દવા ઉપયોગમાં આવે છે.

૪. પોડોફાઈલમ: ગરમીને લીધે ઝાડા થાય ત્યારે આ દવા પણ ઉપયોગી બને છે. વારંવાર સંડાસ થાય અને જ્યારે જ્યારે

અનુસંધાન પાના નં.૬ ઉપર

# આડઅસરની ભેટ –મધુમેહ

**આયુર્વેદનું અમૃત** — વૈદ્ય મહેશ અખાણી

સમજુને સૌથી વધુ આશ્ચર્ય આજે આરોગ્યના વિષયમાં એ થાય છે કે, 'મધુમેહ એટલેકે ડાયાબીટીસ કેમ સૌથી વધુ ફેલાતો રોગ બની ગયો છે. આ રોગ કંઈ એડ્ઝ, ટી.બી, કુષ્ઠ જેવો ચેપી તો છે નહિ છતાં પણ શા માટે સૌથી વધુ ફેલાય છે. દરેક વિજ્ઞાનનો હેતુ માનવ જાતના કલ્યાણને માટેનો જ હોય. ''સર્વે સન્તુ નિરામયા;'' એ જ ભાવના હોય. પરંતુ તેનો ઉપયોગ કરનાર તબીબ જયારે દર્દી ના અગ્નિ, પ્રકૃતિ, રોગ થવાનું મૂળ કારણ ને જાણ્યા વિના જયારે સારવાર કરે છે ત્યારે તેને અચૂક આડ અસર થાય છે. આમાં આયુર્વેદ પણ બાકાત નથી. પરંતુ એલોપથીનું સામ્રાજય સર્વત્ર ફલાયેલું હોવાથી આજે એલોપથી ની આડઅસરથી મધુમેહ સૌથી વધુ થતો જોવા મળે છે. અને મધુમેહ, પેઈન કિલર દવાઓને હાઈ-બી.પીના કારણે કીડની ફેલ્યોર થતા જોવા મળે છે

મનોજભાઈ ને કમળો થયો, SGPT 3500 થી પણ વધી ગયો. મિત્ર ના નાતે મળવા ગયો અને કહ્યું, 'આયુર્વેદ પાસે આવી જાઓ પાંચ દિવસ માં કમળો મટી જશે'. પરંતુ કહે, સંબધી માનતા નથી ને તેમણે ૧૫ દિવસ થી પણ વધુ હોસ્પિટલ માં દાખલ થયા, હજારો નો ખર્ચ થયો ને ડાયાબીટીસ ની ભેટ લઈ ને ઘરે આવ્યા. આજે પાંચ વર્ષ થયા હજુ તે ભેટ અકબંધ છે, વધે છે, ઘટતી નથી.

કુષ્કલ ગામના એક ભાઈ આવ્યા, તેમનું કામ સવારના ૫થી રાતના ૧૦ સુધી સખત મહેનતને મજુરીનું કામ, તેમને શરીરે ખંજવાળ આવી, શીળસ થઈ આવી. તેમણે ઝડપી મટાડવા અંગેજી દવાના ચામડીના નિષ્ણાત પાસે ગયા, થોડા દિવસ માં શીળસ ગાયબ, ખંજવાળ ગાયબ પણ લોહીને પેશાબમાં ખાંડ આવીને પછી થઈ ફીઝીશ્યનની સારવાર. પરંતુ તેમના સદનસીબે તેમણે આયુર્વેદ પાસે જવાનોને સલાહ પુછવાનો વિચાર તરતજ આવ્યો ને શરુઆત જ હતી તેથી તેમણે એક મહિનો કડક ચરીને સારવાર લીધી તો તેમને પ્રમેહ સંપૂર્ણ પણે મટી ગયો. લોહી ને પેસાબના રીપોર્ટ પણ નોર્મલ આવ્યા. છતાં પણ દર મહીને રીપોર્ટ કરાવવાની સલાહ આપી. ૬ મહિના સુધીના રીપોર્ટ નોર્મલ આવ્યા.

ખરેખર...મધુમેહ મટી શકે નહિ તેમ આયુર્વેદ કહે છે. આયુર્વેદમાં પ્રમેહના ૨૦ પ્રકાર કહ્યા છે. કફજ ૧૦. પિત્તજ ૬. અને વાત્તજ ૪. કોઈપણ વ્યક્તિ ને મોટાભાગે શરૂઆત માં કફજ પ્રમેહ થાય જે મટાડવો સરળ છે, પિત્તજ થોડો અઘરો છે પણ મટે ખરો. વાતજ અસાધ્ય છે,મધુમેહ તે વાતજ પ્રમેહ છે. જે મટે નહિ.

એક બહેન સગર્ભા થયા. સગર્ભાવસ્થા માં મળ-મૂત્ર માં અવરોધ થવાથી તેમના મૂત્ર ના રીપોર્ટમાં ખાંડ આવી ને ડાયાબીટીસ ની સારવાર શરુ થઈ ગર્ભની તંદુરસ્તીને ધ્યાનમાં લઈ ઈન્સ્યુલીન ઈન્જે. પણ ચાલુ થયા. પ્રસુતિ પછી પણ આ રાજરોગ કાબુમાં આવ્યો નહી.

જેમ કોઈ મોટા ઘરમાં બધું જ કામ કરવા માટે રાખવા માં આવતા નોકર-ચાકર ઘરની માલકણને પંગુ બનાવે છે તેમ દર્દ કે દવાના આડઅસર થી થતા રોગો—મધુમેહ, થાયરોડીઝમ, કોલાયટીસ – મરડો, હૃદય રોગ જેવા રોગોની ખબર પણ ના પડતા જિંદગીભરની ખોટી ભેટ આવી જાય છે.

આજે જયારે વિશ્વ માં મધુમેહ રોગે ભરડો લીધો છે, તેના કારણે આંખ, ચામડી, જ્ઞાનતંતુ, હૃદય, કીડની, સાંધાના અનેક રોગો ઉત્પન્ન થાય છે. ત્યારે આવી સ્થિતિમાં આયુર્વેદનું માર્ગદર્શન ચોક્કસ થી દીર્ઘાયુષ્ય આપશે, દુનિયા ને ડાયાબીટીસના ભરડામાં થી અટકાવશે. વ્યાયામ, પથ્ય-અપથ્ય અને યોગ્ય આયુર્વેદના ઔષધોથી મધુમેહ અને તેના ઉપદ્રવોને કાબુમાં લઈએ.

**વૈદ્ય મહેશ અખાણી વૈદ્ય પરાશર મ.**
**કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર)**
**મો.૯૪૨૬૩૯૯૧૨૫**

# ઉનાળામાં આરોગ્ય જાળવવા શું કરશો?

**સાઈકોથેરાપીસ્ટ**

ગરમીથી બચવા જે ખાસ અને જરૂરી વસ્તુ છે તે આપણે ભૂલી જઈએ છીએ અને તે છે આપણી ખાણી-પીણીની આદતો. ઋતુ પ્રમાણે ખોરાક લેવો ખૂબ જ જરૂરી છેસખત ગરમીને લીધે પ્રવાહી અને પાણી લેવાની ઈચ્છા વિશેષ થાય છે. જેથી જઠરાગ્નિ મંદ થાય છે અને પાચનને લગતા રોગો પણ થવાની શક્યતા વધે છે.આયુર્વેદમાં સાજા કેમ રહેવું એ વિષે એક વિભાગ આપવામાં આવેલ છે. હંમેશા પથ્ય આહારવિહારનું સેવન કરનાર, જોઈ વિચારી કામ કરનાર, ઈંદ્રિયોનાં વિષયોમાં આસક્તિ ન રાખનાર, દાન કરનાર, સર્વ તરફ સમભાવ રાખનાર, સત્યનિષ્ઠ અને આપ્તજનની સેવા કરનાર મનુષ્ય નીરોગી રહે છે. આજે પણ એટલો જ ઉપયોગી આ શ્લોક મહર્ષિ વાગ્ભટ્ટનાં સૂત્રસ્થાનમાંથી લેવામાં આવેલ છે. આ ગ્રીષ્મ ઋતુમાં કાળજી લઈ શાસ્ત્રનો ઉપદેશ યાદ રાખી વર્તવામાં આવે તો જરૂર ગ્રીષ્મની કારમી ગરમીમાં પણ તંદુરસ્ત રહી શકાય. સૌ પ્રથમ વિહાર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સૂર્યનો તાપ તીક્ષ્ણ હોય ત્યારે બહાર નીકળવું નહીં અને નીકળવું પડે તો પાઘડી, ટોપી કે છત્રી જેવા સાધનથી માથા અને શરીરનું રક્ષણ કરવું.

ઘરમાં ખસ અને સુખડની ટટ્ટીઓ બાંધવી અને સગવડ હોય એમણે સૂર્યના કિરણો પ્રવેશી શકે નહિ એવા આંબાવાડીયા બગીચામાં બપોર વિતાવવાની ભલામણ કરી છે. પંખાની હવા અને એરકંડીશન વાપરી શકાય, પરંતુ કેટલીક વ્યક્તિઓને આ સાધનો અનુકૂળ આવતા નથી અને કફ, શરદી કે માથાનો દુ:ખાવો, સ્નાયુઓનો દુ:ખાવો કરે છે. આવી વ્યક્તિઓએ પંખા નીચે જ બેસવું નહીં કે સૂવું નહીં અને એરકંડીશન મોડરેટ રાખવું અને એની સામે બેસવું નહીં.આ ઋતુ આનંદથી પસાર કરવા માટે ખોરાકમાં પ્રવાહનું પ્રમાણ વિશેષ રાખવું. ખારા અને તીખા પદાર્થો પ્રમાણસર જ લેવા અથવા ન લેવા. મધુર પદાર્થો, ફળો જેવા કે કેરી, ટેટી, દ્રાક્ષ, સંતરા વિગેરે લઈ શકાય.મહર્ષિ આત્રેયે ગ્રીષ્મઋતુમાં ભેંશનું દૂધ સાકર મેળવી સાંજનાં વાળુંમાં વાપરવા લખ્યું છે. જો કે શાસ્ત્રે દૂધમાં ઉત્તમ ગાયના દૂધને ગણ્યું છે પણ ગ્રીષ્મની ગરમીમાં ભેંશનું દૂધ વધારે સારૂ માનવામાં આવ્યું છે. (આ ડેરીના જમાનામાં આપણે કયા પ્રાણીનું દૂધ ખાઈએ છીએ એ તો કદાચ ડેરીવાળાને પણ ખબર હશે કે કેમ ?) આ ઉપરાંત ખસનું શરબત, સુગંધીવાળા યુક્ત જળ, ગુલાબનું શરબત, તકમરીયાનું શરબત ઉનાળાની અકળામણમાં ઘણી રાહત આપે છે. આ ઋતુના ઔષધોમાં ચંદનાદિ, ચૂર્ણ, ચંદનાદિવટી લઈ શકાય, શતાવરી ચૂર્ણ, યષ્ટીમધુ ચૂર્ણ, બ્રાહ્મી ચૂર્ણ અને શંખપુષ્પી ચૂર્ણ સરખે ભાગે મેળવી સવાર સાંજ દૂધ સાથે લઈ શકાય. ગુલકંદ, આમળાનો મુરબ્બો વગેરે પિત્તવાતશામક અવલેહ લઈ શકાય. ગરમીથી બચવા માટે આપણે રુમમાં એસી-કૂલર લગાવીએ છીએ, બહાર નીકળતા પહેલા ચશ્મા અને છત્રીનો ઉપયોગ કરીએ છીએ. પણ જે ખાસ અને સૌથી જરુરી વસ્તુ છે તે ભૂલી જઈએ છીએ અને તે છે આપણી ખાણી-પીણીની આદતો. ઋતુ પ્રમાણે ખોરાક લેવો ખુબ જરુરી છે. માટે જ, આગળ જુઓ અને જાણો, ઉનાળામાં શું ખાશો?

સ્પ્રાઉટનો વધારે ઉપયોગ ઉનાળામાં અડદની દાળ અથવા રાજમા વધારે ન ખાવા જોઈએ કારણકે તેનાથી શરીરમાં ગરમી વધે છે. પણ સ્પ્રાઉટમાં દાળ મિક્સ કરી શકો છો કારણકે સ્પ્રાઉટની તાસીર ઠંડી હોય છે. ભારે ખોરાકથી બચો ધ્યાન રાખો, ઉનાળામાં ખોરાક ભારે ન હોય, ફેટ ઓછી હોવી જોઈએ. ઉનાળામાં ભારે આહાર પચવામાં તકલીફ પડે છે. દૂધી, કોબીજ, ટિંડોળા, સીતાફળ વધારે ખાઓ. લંચ અને ડિનરમાં હલકો ખોરાક લેવાનું રાખો. ઘી અને તેલ ગરમીમાં ઘી અને તેલનો ઉપયોગ ઓછો કરો. દેશી ઘી, વનસ્પતિ ઘી સિવાય સરસિયાનું તેલ અને ઓલિલ ઓઈલ પણ ઓછું ખાઓ. રાઈસ બ્રેન, નાળિયેર, સોયાબીન, કનોલા વગેરે તેલ ખાઈ શકો છો. (૫) આઈસક્રીમ ઉનાળાની કલ્પના આઈસક્રીમ વિના અધૂરી છે. પણ હાઈ કેલરી, હાઈ શુગર અને પ્રિઝરવેટિવ હોવાને કારણે આઈસક્રીમ ઓછી માત્રામાં ખાઓ. અઠવાડિયામાં બે થી વધારે વાર બિલકુલ ન ખાઓ. થોડી આઈસક્રીમને ફ્રુટમાં નાખીને ખાઈ શકો છો. લિક્વિડ છે ફાયદાકારક ઉનાળામાં વધારે પરસેવાને કારણે સૌથી વધારે નુકસાન શરીરના પાણીને થાય છે. એવામાં ડી-હાઈડ્રેશનથી બચવા માટે રોજના ૧૦-૧૫ ગ્લાસ પાણી પીવું જોઈએ. માટલાનું પાણી પીવું ફાયદાકારી છે. વધારે પડતું ઠંડુ પાણી ન પીવું જોઈએ.

અનુસંધાન પાના નં.૬ ઉપર

# પડછાયા જેવા સંબંધથી ચેતજો

**મન બિલોરી કાચ** — મંજુ પ્રજાપતી

ઘણી વખત વ્યકિત પોતાની જોડેનો સંબંધ કેટલો બધો મજબુત છે તેની પ્રતીતિ કરાવવા પડછાયાની ઉપમા કે ઉદાહરણ આપે છે. જોકે થોડો વિચાર કરીયે તો આ ઉદાહરણ પણ આપણને ઘણું બધું શિખવી જાય છે, લોકો અવાર નવાર એવું બોલતા કે સાંભળતા હશે કે, પડછાયાની જેમ પાક્કો સંબંધ નિભાવવો જોઈએ.

...પરંતુ મારી દ્રષ્ટિએ તો તેમાં થોડુંક ખુટે છે, કાંઈક કમી છે, તેમાં સંબંધ ખરેખર દિલથી નિભાવાય છે અને દિમાગને દિલની લાગણી મુજબ અનુસરવા પ્રેરવું જોઈએ. અલબત હર વખત લાગણી મુજબ વર્તવાનું કે બોલવાનું યોગ્ય નથી હોતું ને એવા સંજોગોમાં દિમાગે બુધ્ધિપુર્વક વ્યવહાર કરી લેવો જોઈર્ અને તેનાથી કાંઈ સંબંધને માઠી અસર નથી થઈ જવાની.

પડછાયાના સાથ જેવા સંબંધ અનુભવી ચુકેલા લોકો જાણતા જ હશે કે ઝગમગતી રોશની અને ભરપુર પ્રકાશ વચ્ચે જ પડછાયો વ્યકિતની સાથે રહે છે, અંધકાર કે પ્રકાશ વિહીનતા વચ્ચે તો પડછાયો પણ અંધકારમાં અલોપ થઈ જાય છે ને વ્યકિત એકલી પડી જાય છે. અહીં તમે પ્રકાશ કે રોશનીને વ્યકિતના સુખી કે ખુબ જ્ સારા દિવસો સાથે સરખાવી શકો છો જયારે વ્યકિતના સુખમય જીવન પર દુખ અને દર્દ મુશ્કેલી અને આફતો રુપી અંધકારના ઓછાયા પથરાઈ જાય ત્યારે પડછાયા જેવા સાથીઓ કોણ જાણે કયાં સંતાઈ જતા હોય છે, તેની ખબર પણ નથી પડતી. આમ, અંધકારને કપરા સમય સાથે પણ સરખાવી શકાય, અત્યાર સુધીમાં કયાંય એવું નથી જ અનુભવાયું કે અંધકારમાં પણ પડછાયાએ દેખા દઈ પોતાના સાથીની આલબેલ પોકારી હોય.!

માત્ર આપણા સુખ અને આનંદના સમયમાં જ સાથ આપનારા સ્વાર્થી મિત્રો કે સંબંધીઓ સાથે કશો જ્ સંબંધ જ ના રાખવો એવું કહેવાનું મારું તાત્પર્ય નથી જ. આવા સાથી સંબંધીઓ સાથે તો તેમની લાગણી સમજીને યથાયોગ્ય વ્યવહાર કરવો એ જ સમજદારી ગણાશે. બાકી દુખ અને કપરા કાળમાં પણ તમારો ખભા રુપી ટેકો બનીને બાજુમાં ઉભા રહે તેવા મર્દ સાથી માટે જયારે પણ વખત મળે ત્યારે તમારાથી થાય તે શકય બધું જ કરી છુટજો. એ લેખે લાગશે?

આમ છતાં સાચો સંબંધ કાંઈ કશી આપ લે અને સ્વાર્થનો મહોતાજ નથી. આ તકે એક ચોટદાર વાકય યાદ આવ્યા વગર રહેતું નથી...જયારે તું સફળ થઈશ ને ત્યારે બુમો પાડીને સમાજને કહીશ કે જુઓ... આ છે મારા મિત્ર...ને જયારે તું સફળ થઈશ ત્યારે તારી બાજુમાં બેસી, તારો હાથ મારા હાથમાં ઝાલીને તને કહીશ કે હેય... હું છું તારો પાક્કો મિત્ર.''

કેટલું સરસ હૃદય સ્પર્શી વાકય છે...હે... ને...? સ્વાર્થ અને અપેક્ષાવિહીન સંબંધી, મૈત્રી કે સાથ તે આનું નામ ! સ્વાર્થ અને અપેક્ષાસભર માત્ર વ્યવહારુ કે વ્યવસાયિક સંબંધ બની રહે છે, ને તેમાં લાગણીનું તત્વ ભાગ્યે જ જોવા મળે છે.જો કે એમ કહ્યા વગર નથી જ રહેવાતું કે નિ:સ્વાર્થ અને માત્ર લાગણીના સંબંધથી પણ એક ડગલું આગળ નીકળી જાય અથવા તો એમ કહો કે સૌથી શ્રેષ્ઠ સંબંધના તાંતણે બંધાયેલ સાથી હંમેશા પોતાના સાથી, મિત્ર કે સંબંધીનું ખરા દિલથી સારું જ ઈચ્છશે, કદાચ સામે વાળું પાત્ર કયારેય સ્વાર્થ કે લાલચરૂપી લપસણી પગદંડી પર લપસી પડે ને ઘડી બે ઘડી સંબંધને ભુલી પણ જાય તોય પોતે પોતાની ઉમદા, પવિત્ર અને નિ:સ્વાર્થ લાગણીમાં કશી ઓટ ના આવવા દયે તેવા સાચા મિત્રોનો સંગાથ બહુ જુજ નસીબદારોને જ મળી શકે.આવા પવિત્ર સાથી મેળવવા નસીબદાર પુરવાર થનારે એ હંમેશા યાદ રાખવું જ રહ્યું કે ઈશ્વરે તેની ઉપર ખુબ કૃપા વરસાવી છે.આજનો સમય તો એવો છે જેમાં ખેદદિલીને પવિત્ર દુશ્મન પણ નથી મળતા તો પછી પવિત્ર સાથી તો ભલા કયાંયથી મળે? હા... પડછાયા જેવા કામચલાઉ ને ઘડી બે ઘડીના સાથી કે સ્વાર્થી ને હરામખોર દુશ્મનો તો ડગલે ને પગલે ઠેબા ખાતા હશે, સાચા ખેદદિલ સાથીને શોધવા માત્ર દિમાગ નહિ દિલને પણ દોડાવજો.

**મંજુ પ્રજાપતિ**

# આમલીના ૭ આશ્ચર્યજનક ફાયદા

**આરોગ્ય સંહીતા**

બાળપણમાં તમે આમલી તો ઘણી જ ખાધી હશે અને બની શકે છે કે આજે પણ તમે ખાતા હોય પરંતુ શું તમે તેનાથી થનારા ફાયદા અંગે જાણો છો? આમલી ખાવાથી એટલા ફાયદા થાય છે જેના વિશે જાણીને તમે વિશ્વાસ નહીં કરો

૧. સ્થૂળતાથી મુક્તિ આમલી ખાવાથી સ્થૂળતાથી મુક્તિ મળી શકે છે. આમલીમાં હાઈડ્રોસિટ્રિક નામક એસિડ હોય છે જે તમારા શરીરમાં બનનાર ફેટને ધીમે-ધીમે ઘટાડે છે. તદુપરાંત આમલી ઓવરઈટિંગથી પણ બચાવે છે જેનાથી વજન વધવાનો ખતરો નથી રહેતો. ૨. કેન્સરના દર્દીઓ માટે ફાયદેમંદ કેન્સરથી બચવા માંગતા હોવ તો આમલીનું સેવન કરો. આમલીમાં એન્ટી ઓક્સિડેન્ટ તત્વો ભરપૂર માત્રામાં હોય છે અને તેમાં ટેરટ્રિક એસિડ હોય છે જે શરીરમાં કેન્સરના સેલ્સ વધતા રોકે છે. ૩. મધુપ્રમેહને અંકુશમાં રાખવામાં મદદગાર ડાયાબિટીસના દરદીઓ માટે આમલી અત્યંત ફાયદેમંદ છે. તે બ્લડ શુગર લેવલને કંટ્રોલમાં રાખવામાં મદદ કરે છે. આ શરીરમાં કાર્બોહાઈડ્રેટ્સને એબજોર્બ થતાં રોકે છે જેના કારણે શુગર લેવલ બગડે છે. શુગરને અંકુશમાં લાવવા માટે એક નાના ગ્લાસમાં આમલીનું જ્યુસ પીવાથી લાભ થાય છે.

૪. બ્લડ પ્રેશર પણ કરે છે કંટ્રોલ આમલીમાં આયર્ન અને પોટેશિયમ હોય છે જે બ્લડ પ્રેશર કંટ્રોલ કરવા અને રેડ બ્લડ સેલને બનાવવામાં મદદ કરે છે. ૫. વીંછી દંશ મારે ત્યારે ઉપયોગી જો કોઈ વ્યક્તિને વીંછી દંશ મારી લે છે તો તે વખતે આમલીનો ઉપયોગ કરી શકાય છે. જો વીંછી દંશ મારે તો આમલીના બે ટૂકડા કરી જ્યાં દંશ માર્યો હોય ત્યાં લગાવતા ફાયદો થશે. ૬.લૂથી બચાવે છે ઉનાળામાં હંમેશા લૂ લાગતા તબિયત ખરાબ થાય છે. લૂથી બચવામાં પણ આમલી ફાયદેમંદ રહે છે. એક ગ્લાસ પાણીમાં ૨૫ ગ્રામ આમલી પલાળી તેનું પાણી પીવાથી લૂ લાગતી નથી. આ ઉપરાંત આમળીને હાથ-પગના તળિયા પર લગાવવાથી લૂની અસર દૂર થાય છે.

૭. રોગ પ્રતિકારક ક્ષમતા વધારે છે જો તમારી રોગ પ્રતિકારક ક્ષમતા નબળી છે અને તમે કોઈ પણ કામ કરતાં તરત જ થાકી જાવ છો કે તરત જ બીમાર પડી જાવ છો તો તમારે આમલી આવશ્ય ખાવી જોઈએ. આમલીમાં વિટામિન સી અને એન્ટી ઓક્સિડેન્ટ્સ હોય છે જે રોગ પ્રતિકારક શક્તિને સુધારે છે.

# વિભાજન દુ:ખ તણાવ ઈર્ષાનું જનક છે મન: તેની ભ્રામકતા મિટાવો, પામો આત્માનંદ...!

**માનસ** — ડૉ. પ્રવીણ પટેલ

**ગતાંકથી ચાલુ**

ગુર્જીએફ કહે છે: 'માનવ એક મશીન છે ! અને તે એક ચોક્કસ પદ્ધતિએ, ચોક્કસ સમય અને ચોક્કસ નિયમ મુજબ કાર્ય કરે છે, મશીનને જે રીતે બનાવ્યું હોય અથવા તેમાં પહેલેથી જે પ્રોગ્રામ નાખેલો હોય તે પ્રમાણે જ માત્ર અને અન્ય રીતે કામ નથી કરી શકતું..' હવે આ મનુષ્યનાં મનની અંદર બાળપણથી જ તે મોટો થાય ત્યાં સુધી આવા અનેક પ્રોગ્રામ નાખવામાં આવે છે.મા-બાપ, શિક્ષકો, વડીલો, રાજનેતાઓ, ધર્મગુરૂઓ તેનાં મગજમાં આવા અનેક પ્રકારના પ્રોગ્રામ ભરે છે. આ પ્રોગ્રામો ઉપરાંત નામો, લેબલો, ગમા-અણગમા, વિચારો, વૃત્તિઓ, વલણો, લાગણીઓ વગેરે અને તેમના અંગેના નિયમો પણ ભરવામાં આવે છે. આમ માનવ પુખ્ત વયનો થાય ત્યાં સુધીમાં તો તેનું મગજ આવા પ્રોગ્રામો, નિયમો, મંતવ્યો, માન્યતાઓ વગેરેથી ખદબદ ભરેલું હોય છે. આ બધા પ્રોગ્રામો, લેબલો, નિયમો વગેરેના સરવાળાને પોતે 'હું' એવું એક કોમન નામ આપે છે. માણસ આ 'હું' ને જ પોતાની જાત કે પછી સર્વસ્વનું કેન્દ્રબિંદુ માનવા લાગે છે.

હવે આવો 'હું' કોઈપણ પ્રસંગ પરીસ્થિતિ, સંજોગો, વ્યક્તિઓ સાથેના વ્યવહારો કે અવસ્થાઓમાંથી પસાર થાય છે ત્યારે માનવ તેનાં મગજમાં ભરેલા પેલા પ્રોગ્રામો, નિયમો પ્રમાણે તેમની તે મુજબની મુલવણી અને અર્થઘટન કરે છે અને પોતે અંદર બનેલા પ્રોગ્રામો, નિયમો, વલણો, લાગણીઓ, માન્યતાઓનાં વર્ગીકરણનાં અનેક ખાનાઓ પૈકી કોઈ એક ખાનામાં નાખી દે છે. આમ મનુષ્ય આ પ્રોગ્રામમાં વધુને વધુ આવા અનુભવો, વાતો, ચીજો, બનાવોને તેના પ્રોગ્રામનાં ચોકઠામાં યેનકેન પ્રકારે ફીટ કરી દે છે. પોતાના પ્રોગ્રામમાં તેમને વધુ ને વધુ પોતાની મનપસંદ રીતે માન્ય, સ્વીકાર્ય સાચો, યોગ્ય બનાવવાની કોશીશ કરે છે અને દ્રઢપણે તે મુજબ માનવા લાગે છે.

હવે આવો હું કોઈપણ પ્રસંગ, પરિસ્થિતિ, સંજોગો, વ્યક્તિઓ સાથેના વ્યવહારો કે અવસ્થાઓમાંથી પસાર થાય છે. ત્યારે માનવ તેના મગજમાં ભરેલા પેલા પ્રોગ્રામો, નિયમો પ્રમાણે, તેમની તે મુજબની મુલવણી અને અર્થઘટન કરે છે અને પોતે અંદર બનેલા પ્રોગ્રામો, ખાનાઓ પૈકી કોઈ એક ખાનામાં નાખી દે છે. આમ મનુષ્ય આ પ્રોગ્રામમાં ચોકઠામાં યેનકેન પ્રકારે ફીટ કરી દે છે પોતાના પ્રોગ્રામમાં તેમને વધુ ને વધુ પોતાની મનપસંદ રીતે માન્ય, સ્વીકાર્ય સાચો,

અનુસંધાન પાના નં.૬ ઉપર

# નોકરિયાત લોકો સ્વાસ્થ્ય કઈ રીતે જાળવશો?

**આરોગ્ય**

અત્યારની લાઈફસ્ટાઈલ પ્રમાણે ઘરના ઘણા લોકો એક કે બીજી કંપનીમાં નોકરી કરતાં હોય છે. તો એ લોકોને સમય અને જગ્યાના અભાવે સ્વાસ્થ્ય સાચવવામાં થોડી તકલીફ પડતી હોય છે. કારણ કે આઠ કલાક તો એ લોકો કંપનીમાં આપે છે. પછી થોડા ઘણા ઘરના કામ હોય છે. છોકરાઓને સંભાળવાના હોય છે. તો આવા લોકો માટે હું થોડા સૂચનો આપવા માંગુ છું

નોકરિયાત લોકોને લાઈફસ્ટાઈલ સમય મુજબ ચાલતી હોવાથી એ લોકો જોબની પહેલા કે પછી આવીને થોડી કસરત અથવા જીમ પર જઈ શકે છે. તમે જ્યારે જોબ પર જાવ છો તો એક સ્ટેન્ડ દૂરથી બસ પકડવી જેથી કરીને તમે થોડુ ચાલી શકશો. લિફ્ટનો ઉપયોગ ટાળો અને પગથિયા ચડવાનું રાખો જેથી થોડી કેલરી બળી જાય. અને તમારી જોબ દરમ્યાન જ થોડી કસરત થઈ જાય. જો તમે સતત કમ્પ્યુટર પર વર્ક કરો છો તો તમારી આંખો પર સ્ટ્રેસ પડી શકે છે. એટલે બને તો એન્ટીગ્લેર ચશ્મા પહેરવાનો આગ્રહ રાખો અને થોડી-થોડી વાર પછી આંખો બંધ કરીને આંખોને આરામ આપો. દર બે કલાક પછી આંખમાં પાણી છાંટો અને દર કલાકે કે બે કલાક પછી આંખને ઉપર-નીચે, આજુ-બાજુ અને ગોળ ફેરવો અને જોતમારો રૂમ એર કન્ડીશનર વાળો હોય તો થોડા-થોડા સમયે તમારા બન્ને હાથને એકબીજા સાથે ઘસીને ગરમ કરીને આંખ પર લગાવો. જેતી બ્લડનું સરક્યુલેશન વધવાથી તમારી આંખો સતેજ રહેશે.

જ્યારે તમારે બ્રેક પડે છે અને લન્ચ કરવાનું હોય છે ત્યારે જમ્યા પછી તમારા કંપનીના ગ્રાઉન્ડમાં જ થોડી વાર ચાલી લો. તેનાથી તમારૂ એનર્જી લેવલ વધશે. જો તમારે સતત ટેબલ વર્ક હોય તો તમારે થોડી-થોડી વારે તમારી ગરદનને આજુ-બાજુ, ઉપર-નીચે અને ગોળ ફેરવવી જોઈએ. ખભાને પણ ગોળ-ગોળ ફેરવવા જોઈએ. તમારી મુઠ્ઠીને ક્લોક-વાઈઝ

અનુસંધાન પાના નં.૬ ઉપર

### હોમીયોપેથીક
અનુસંધાન ૫ નુ ચાલુ...

મળત્યાગ કરે ત્યારે ખુબ જ ગંદી ગંધ આવે, આ દવાનું ખાસ લક્ષણ એ છે કે ન પેટમાં દર્દ થાય, ન ગેસ થાય, એકાએક પાતળા ઝાડા થવા લાગે. એટલું જ નહીં, વારંવાર ઝાડા થવાથી સંડાસનો ભાગ બહાર નીકળે ત્યારે આ દવા આપવામાં આવે છે.

વારંવાર સંડાસ થવાથી શરીરમાં ખુબ જ અશક્તિ આવે, શરીર ઢીલું થાય, આંખો ઉંડી ઉતરી જાય, શરીર સુકાઈ જાય, ઝાડાને લીધે પગમાં દુ:ખાવો થાય.બળતરા થાય.

બાળકોને ઝાડા થાય, બાળકોને માથામાં પરસેવો થાય, ઝાડાના રંગો બદલાયા કરે, શરૂઆતમાં પીળો થાય ત્યારબાદ લીલા રંગના થાય, ખુબ જ વાસ મારે.

**પ.સલ્ફર :** ગરમીમાં શરૂઆતમાં કબજીયાત રહે પણ સમય જતાં દર્દી સવારે સુઈને ઉઠે કે તુરંત જ સંડાસ કરવા દોડવું પડે. શરૂઆતમાં પીળા રંગના ઝાડા થાય ત્યારબાદ ઝાડામાં ખાટી ગંધ આવે, સંડાસ ગરમ આવે, વારંવાર સંડાસ જવાથી સંડાસનો ભાગમાં આખું થાય, સંડાસનો ભાગ લાલ થાય, બળતરા થાય, બાળકોના દાંત આવે ત્યારે આ દવા ઉપયોગમાં આવે છે.

આ સિવાય કાર્બોવેજ, એસીડફલોર, એલોઝ વિગેરે દવાઓ ઉનાળામાં થતી વ્યાધિમાં ઉપયોગી થાય છે. આ સિવાય કાર્બોવેજ, એસીડફલોર, એલોઝ વિગેરે દવાઓ ઉનાળામાં થતી વ્યાધિમાં ઉપયોગી થાય છે..રાજકોટના ડૉ. આલાપ ધોળકિયા જુના હઠીલા રોગો માટે શનિવારે સવારે ૧૦ થી ૧ વ્રજ કોમ્પલેક્ષ પહેલે માળે, ત્રણ હનુમાન મંદિરના બાજુમાં, હાઈવે ડીસા મુકામે મળે છે. દર રવિવારે અમદાવાદમાં અક્ષત કોમ્પલેક્ષ ગુરુકુળ મેમનગર ખાતે મળશે.

**ડૉ. જગદીશ ધોળકિયા**
**ડૉ.આલાપ ધોળકિયા ડીસા**

### સાઈકોથેરાપીસ્ટ
અનુસંધાન ૫ નુ ચાલુ..

વધારે પડતા ઠંડા પાણીથી પાચનશક્તિ ખરાબ થાય છે. પાણીમાં બરફ પણ ન નાખવો જોઈએ. (૭) નેચરલ ડ્રિક્સ બની શકે તેટલું લીંબુ પાણી વધારે પીઓ. આ સિવાય છાશ, નાળિયેર પાણી, ઠંડાઈ, વેજિટેબલ જ્યુસ, ફ્રુટ જ્યુસ વગેરે પી શકો છો. પણ ધ્યાન રાખો કે ફ્રેશ જ્યુસ પીવામાં આવે. પ્રિઝર્વ કરીને રાખેલું જ્યુસ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. બની શકે ત્યાં સુધી પેક્ડ જ્યુસ ન પીવો. (૮) આ વસ્તુઓ ખાસ લેવી ગરમીમાં દહીં જરુર ખાઓ. તેનાથી શરીરને ઠંડક મળે છે. આ સિવાય ફૂદીનાની ચટણી પાચન માટે ફાયદાકારક છે. ઉનાળામાં બની શકે તો આવી ચટણી વધારે ખાઓ. ઉનાળામાં ભૂખ કરતાં થોડું ઓછું ખાવુ જોઈએ. પણ ખાલી પેટ બિલકુલ ન રહેવું. તેનાથી બીપી લો થઈ જાય છે અને ચક્કર આવવાનું પ્રમાણ પણ વધી જાય છે. (૯) આ વસ્તુઓ પર કંટ્રોલ કરો ઉનાળામાં વધારે તળેલું ન ખાઓ. બાફેલો અથવા વરાળમાં બનાવેલો ખોરાક વધારે લો. લાલ મરચાના બદલે કાળા મરચાનો ઉપયોગ વધારે કરો. ચા-કોફી ઓછી પીઓ. તેનાથી બોડી ડી-હાઈડ્રેટેડ થાય છે, ગ્રીન-ટી વધારે પીઓ. સ્મોકિંગ ઓછું કરો. વાસી ખોરાકથી બચો.

### માનસ..
અનુસંધાન ૫ નુ ચાલુ...

યોગ્ય બનાવવાની કોશીશ કરે છે અને દ્રઢપણે તે મુજબ માનવા લાગે છે.

દરેક માણસમાં આ પ્રકારના પ્રોગ્રામો અનુસારની પોતીકી માન્યતાઓ અને વલણો હોય છે. અને તે બધાં માણસે માણસે બદલાય છે. એકવાર માણસનાં ઉપર લેબલ લાગી ગયું. ત્યારબાદ તે પોતાના પ્રોગ્રામ અનુસાર જે તે વાડામાં તેના વલણોના ખીલે બંધાઈ જાય છે અને એક પ્રકારની શાંતી અનુભવવા લાગે છે. કેવી કરૂણ આત્મવંચના ? હવે દુનિયામાં જેટલા લોકો છે તેટલા આવા અલગ અલગ વાડાઓ અને ખીલાઓ છે અને આ ખીલાઓથી માણસ ખુદ બંધાવા માટે રાજી હોય છે.કેમ કે ખીલાઓ તેને એક ચોકકસતા, નિશ્ચિતતા આપે છે પછી તે ભલો સાચી હોય કે ખોટી હોય.. જગત સતત પરીવર્તનશીલ છે અને તે અંગેના આવા ચોક્કસ ખ્યાલો અને નિયમો, માણસમાં પોતાની જાત અને જગત વચ્ચે તથા માણસ માણસ વચ્ચે ચોક્કસ વિસંવાદિતા લાવશે અને એમાંથી અથડામણ અને હિંસા જરૂર પ્રગટી શકે છે.

**ડૉ. પ્રવિણ પટેલ**

### આરોગ્ય
અનુસંધાન ૫ નુ ચાલુ...

અને એન્ટી ક્લોક વાઈઝ ૧૦ વખત દર કલાકે ફેરવવી જોઈએ જેનાથી ટાઈપિંગની સ્પીડ પણ વધે છે. સાથે-સાથે થોડી-થોડી વારે ઉભા થઈ અને બેસી જવું જઈએ. તમારે ટેબલની ઊંચાઈ વ્યવસ્થિત હોવી જોઈએ. જેનાથી તમારે વધારે નીચું ન જોવું પડે. તમારા પગને લટકતા ન રાખવા જોઈએ. તેને કોઈ ટેબલ પર અથવા ટેબલ પર લગાવેલા સળીયા પર ટેકવવા જોઈએ.

તમારે ખુરશી પર ટટ્ટાર બેસવું જોઈએ. જેવી રેત મુઠ્ઠીવાળીને કાંડાની કસરત કરી એવી રીતે પગના પંજાને પણ ગોળ-ગોળ સમયાંતરે ફેરવવા જોઈએ. તમારે આખો દિવસ બેસીને કામ કરવાનું હોવાથી તમારે ચરબીવાળા પદાર્થ ન ખાવા જોઈએ.બને તેટલું વધારે લિક્વિડ પીવું જોઈએ. બ્રેકના ટાઈમમાં બને તો ઘરેથી તૈયાર કરેલુ ટિફિન જ જમવું જોઈએ. જેમાં સલાડનો સમાવેશ અવશ્ય કરવો અને પોતાના મિત્રો સાથે ઓફિસમાં જંકફૂડ ખાવાનું ટાળવું જોઈએ.


રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. ................ઉ.વ.
પરિચય: ...........................................................
સરનામુ : .........................................................
મોકલનારની સહી : ..............................................


# માટલાનું પાણી પીવાના ફાયદા જાણો છો ?

આયુર્વેદમાં માટલાના પાણીને શીતળ , હળવા , સ્બચ્છ અને અમૃત સમાન ગણાય છે . આ પ્રાકૃતિક જળના સ્ત્રોત છે. જે ઉષ્માથી ભરપૂર હોય છે અને શરીરેની ગતિશીલતાને જાણવી રાખે છે.

૧. માટલાની માટી કીટાણુનાશક હોય છે જે પાણીમાંથી દૂષિત પદાર્થને સાફ કરવાના કામ કરે છે.

૨. આ પાણીને પીવાથી થાક દૂર થઈ જાય છે . એને પેવાથી પેટમાં ભારે નથી લાગતું

૩. લોહીવહેતાની સ્થિતિમાં માટલાના પાણી જો ઘા પર નાખે તો લોહી વહેવુ બંદ થઈ જાય છે.

૪. સવારના સમયે આ પાણીના પ્રયોગથી દિલ અને આંખોની સેહત દુરૂસ્ત રહે છે.

૫. ગળા , ભોજનનળી અને પેટના બળતરને દૂર કરવા માટે માટલાના પાણી ઘણા ઉપયોગી છે.

૬. જે લોકોને અસ્થમાની સમસ્યા હોય છે એ આ પાણીના પ્રયોગ ન કરવું કારણ કે એની તાસીર ઠંડી હોય છે જેથી કફ અને ખાંસી વધે છે. શરદી , આંતરડામાં દુખાવા , તાવમાં માટલાના પાણી ન પીવું.

૭. તળેલી વસ્તુઓ ખાદ્યા પછી આ વસ્તુઓ ન ખાવી નહી તો ખાંસી થઈ શકે છે.

૮. માટલાના પાણી . દરરોજ બદલો. પણ એને સાફ કરવા માટે અંદર હાથ નાખીને ઘસવું ન જોઈએ નહી તો એના છિદ્ર બંદ થઈ જાય છે અને પ આણી ઠંદા નહી થતા.

# સાઈટિકા કે કમરનો દુઃખાવો દૂર કરવાના કારગર નુસ્ખા

સાઈટિકા આપણા શરીરની સૌથી મોટી નસ હોય છે. જે કરોડરજ્જુના હાડકાની બરાબર નીચેથી જઈને પગની એડી સુધી પહોંચે છે. આ નાડીમાં જ્યારે સોજો અને દુખાવાને કારણે પીડા થાય છે તો તેને સાઈટિકાનો દુખાવો કહે છે.

તેને કારણે આખા પગમાં એટલો દુખાવો થાય છે કે જેમા વ્યક્તિ ન બેસી શકે છે કે ન તો ઉભો રહી શકે છે. મોટાભાગે દુખાવો લોઅર બૈકથી શરૂ થઈને ઘૂંટણના નીચે સુધી જાય છે. સામાન્ય રીતે જ્યારે વ્યક્તિ બેસી જાય છે કે પછી ખાંસી કરે છે કે પછી છીંકે છે તો આ દુખાવો વધુ વધી જાય છે. આ દુખાવો સમય સાથે વધતો જાય છે. નબળાઈ હોવી, ઝનઝનાહટ હોવી કે પછી સુન્ન થઈ જવુ એ આના લક્ષણ છે.

સાઈટિકા અને કમરના દુખાવામાં આ રેસીપી ખૂબ જ કામ આવે છે.

દુઃખાવામાં રાહત માટે ટિપ્સ

૧. આદુના તેલમાં પણ એંટી-ઈંફ્લેમેટરી ગુણ જોવા મળે છે. જે કારણે આ તેલની માલિશ કરવાથી સાંધાના દુઃખાવામાં આરામ મળે છે.

૨. આદુ મસાલેદાર કાળા મરીની જેમ દુખાવા પર કામ કરે છે. તેનાથી થોડીવાર માટે દુઃખાવાવાળા સ્થાન પર થોડી બળતરા કે પછી સનસની ઉભી થાય છે પણ આ તેલ અંદર સુધી પહોંચીને સોજો ઓછો કરે છે.

૩. એક શોધ મુજબ આદુ દુઃખાવામાં કેટલો લાભકારી હોય છે કે એ માટે તેમને ૨૪૭ લોકો પર તેનો પ્રયોગ કર્યો જે ઘૂંટણના દુઃખાવાથી પીડિત હતા. આ રિસર્ચામાં જોવા મળ્યુ કે આ લોકોને દુઃખાવામાં ૪૦% સુધી ફરક અનુભવાયો. આ રીતે આદુ પણ દુઃખાવામાં ખૂબ લાભકારી વસ્તુ છે.

# દાડમના છાલટાના આ ફાયદા જાણો છો તમે ?

દાડમના ફાયદા વિશે તો બધા જાણે છે પણ આજે અમે તેના છાલટા કેટલા ફાયદાકારી છે ,એની જાણકારી આપશું .

★દાડમના છાલમાં પણ એટીઓક્સીડેંટસ હોય છે જે ત્વચાને ખીલ અને સર્કર્મણથી દૂર રાખવામાં મદદ કરે છે. આથી છાલટાને સુકાવીને તવા પર શેકીલો. ઠંડા થતાં મિકસરમાં વાટીને પેકની રીતે ચેહરા પર લગાડો. ખીલ દૂર થશે.

★દાડમના છાલમાં કોલાજનને ક્ષતિથી બચાવે છે જેથી ત્વચા પર કરચલીઓ જલ્દી નહી આવતી. છાલને સુકાવીને પાઉડર બનાવી અને દૂધ અને ગુલાબ જળમાં મિકસ કરે લગાડો.

★ત્વચામાં પીએચ બેલેંસને બચાવી અને નમી પહોંચાડીના લિહાજથી વાળ ખરતા અને ખોડો જેવી સમસ્યાઓથી છુટકારો મળે છે. શૈંપૂથી બે કલાક પહેલા એને માથા પર મસાજ કરો.

★ગળામાં ખરાશ હોય તો પણ તેનાથી આરામ મળે છે. છાલન પાઉડરને પાણીમાં ઉકાળી લો અને આથી કોગણા કરો. ટાંસિલના દુખાવા અને ગળાની ખરાશમાં આરામ થશે.

★દાડમના છાલમાંના પાઉડર બનાવી દહીંમાં મિક્સ કરી ૧૦ મિનિટ સુધી પેકના રીતે ચેહરા પર લગાડો અને પાણીથી સાફ કરો.

★દાડમના છાલમાં રહેલા એંટીઓક્સીડેંટ કોલેસ્ટ્રોલ અને તણાવને ઓછું કરે છે જેથી દિલના રોગોનો રિસ્ક ઓછું થાય છે. એક ચમચી છાલને પાઉડરને કે ગ્લાસ હૂંફાણા પાણીમાં મિક્સ કરી પીવાથી દિલના દર્દીઓને આરામ મળે છે.

★ મુખના ચાંદલા ,શ્વાસની દુર્ગંધ અને જિંજિવાઈટસ જેવા રોગોના ઉપચારમાં એનું સેવન લાભકારી છે. છાલને સુકાવીને પાઉડર બનાવી અને એક ગ્લાસ પાણીમાં એક ચમચી પાઉડર નાખી દિવસમાં ઓછમાં ઓછા બે વાર કોંગણા કરો .આથી મુખની દુર્ગંધ અને દાંત સંબંધિત સમસ્યાઓ દૂર રહેશે.

# આદુના હેયર ઓઈલથી મેળવો કાળા અને ચમકદાર વાળ

મોટાભાગની યુવતીઓ લાંબા, ઘટ્ટ અને ચમકદાર વાળ ખૂબ પસંદ કરે છે. મજબૂત વાળ માટે યુવતીઓ ન જાણે કેટલાય તરીકા અપનાવે છે.

પણ તેમને પણ કોઈ ફરક પડતો નહ્તી. જો તમે લાંબા મજબૂત અને ચમકદાર વાળ મેળવવા માંગો છો તો આજે અમે તમારે માટે આદુ હેયર ઓઈલ લઈને આવ્યા છીએ. આ ઓઈલથી વાળ ચમકદાર તો થશે જ સાથે વાળને મજબૂતી પણ મળશે.

સામગ્રી - ૨ મોટા ટુકડા આદુ, જૈતૂનનુ તેલ

**કેવી રીતે બનાવશો -**

સૌ પહેલા આદુને છોલી લો. ત્યારબાદ તેને છીણી લો અને ગારણીની મદદથી બધુ જ્યુસ કાઢી લો. એક અન્ય વાડકીમાં ૪ ચમચી આદુનુ જ્યુસ નાખો અને

તેમા ૮ ચમચી જૈતૂનનુ તેલ મિક્સ કરો. તેને સારી રીતે મિક્સ કરીને તમારા વાળ પર ૧૫ મિનિટ સુધી મસાજ કરો. મસાજ કરવાના ૨૦ મિનિટ પછી વાળને શેમ્પૂની મદદથી ધોઈ લો.

આ ઉપચાર અઠવાડિયામાં બે વાર અપનાવો અને આ વાતનુ પણ ધ્યાન રાખો શેમ્પૂ પછી કંડીશનરનો ઉપયોગ ન કરો.

# ઠંડુ નહીં ગરમ પાણી પીવો, ઘણાં જ ફાયદા થશે

કહેવાય છે કે જળ એજ જીવન છે અને જો કે તે જ સત્ય છે. જીવવા માટે પાણી પીવું કેટલું આવશ્યક છે તે સમજાવવાની જરૂર નથી. ડૉક્ટરથી લઈને ડાયટિશિયન, દિવસમાં ૭થી ૮ ગ્લાસ પાણી પીવાની સલાહ આપે છે. જ્યાં અનેક લોકો ઠંડુ પાણી પીવે છો તો કેટલાંકને ગરમ કે હુંફાળું પાણી પીવું પસંદ પડે છે. માનવામાં આવે છે કે ગરમ પાણી શરીર માટે બહુ ફાયદાકારક હોય છે.

પાણી આપણા માટે કેટલાય પ્રકારે ફાયદાકાર છે. આજે આપણે વાત ગરમ પાણીની કરીશું. જો પાણી ગરમ હોય તો કેટલાય ફાયદા કરે છે. ગરમ પાણી એ ગૂણોની ખાણ છે. ગરમ પાણી પીવાથી શરીરના કેટલાય રોગો દૂર થઈ શકે છે.

**ગરમ પાણી પીવાના ફાયદા -**

- જો તમે ત્વચાની બીમારીથી પરેશાન હોય તો ગરમ પાણી અકસીર ઈલાજ છે. રોજ એક ગ્લાસ ગરમ પાણી પીવાનું શરૂ કરી દો ત્વચા પર ચમક આવી જશે.
- શરીરમાં રહેલા ઝેરી પદાર્થોને બહાર કાઢવામાં ગરમ પાણી ખુબ ઉપયોગી છે.
- સવારે ખાલી પેટ અને રાતે જમ્યા બાદ ગરમ પાણી પીવાથી ફૂડ પાટિ-'કલ્સ તૂટી જાય છે અને સરળતાથી મળ બનીને નીકળી જશે જના કારણે કબજિયાત અને ગેસ જેવી પાચન સંબંધી સમસ્યાઓ દૂર થઈ જશે.
- ભૂખ વધારવામાં પણ ગરમ પાણી ખૂબ જ ઉપયોગી છે.
- એક ગ્લાસ ગરમ પાણીમાં લીંબુનો રસ, કાળા મરી અને મીઠુ ઉમેરી પીવાથી પેટનું ભારે પણું દૂર થાય છે.
- ખાલી પેટ ગરમ પાણી પીવાથી મૂત્ર સંબંધી બીમારીઓ પણ દૂર થાય છે.
- ગરમ પાણીનું નિયમિત સેવન કરવાથી બ્લડ સર્કુલેશન પણ ઝડપી થાય છે.
- તાવ આવ્યો હોય ત્યારે પણ તરસ લાગી હોય ત્યારે ગરમ પાણી પીવું ફાયદાકારક છે.
- પેટમાં ગેસ થયા કરતો હોય તો ગરમ પાણી પીવાતી ગેસ બહાર નીકળી જાય છે.
- ગરમ પાણી પીવાથી ઉધરસ અને શર્દી સંબંધી રોગ દૂર થાય છે.
- અસ્થમા, આંચકી, ગળામાં ખરાશ જેવા રોગોમાં પણ ગરમ પાણી ફાયદાકારક છે.
- જો નાજુક કાયા માંગતા હોય તો રોજ એક ગ્લાસ ગરમ પાણીમાં લીંબુ અને મધ ભેળવી પીવાથી બોડી સ્લીમ થઈ જશે. સવારના સમયે કે પછી દરેક ભોજન બાદ એક ગ્લાસ ગરમ પાણીમાં લીંબુ અને મધ મિક્સ કરીને પીવાથી ચરબી ઓછી થાય છે. લીંબુમાં પેકટિન ફાઈબર હોય છે જે વારંવાર ભૂખ લાગતી રોકે છે.
- જ્યારે પણ તમે કોઇ ગરમ વસ્તુ ખાઓ કે પીઓ છો તો પરસેવો બહુ નીકળે છે. આવું ત્યારે થાય છે જ્યારે શરીરનું તાપમાન વધી જાય છે અને પીધેલું પાણી તેને ઠંડુ કરે છે, ત્યારે જ પરસેવો નીકળે છે. પરસેવાથી ત્વચામાંથી મીઠું બહાર નીકળે છે અને શરીરની અશુદ્ધિ દૂર થાય છે.
- મહિલાઓને પીરિયડ્સ દરમિયાન કે જો પેટમાં દુખાવો થતો હોય તો એક ગ્લાસ ઉકાળેલું પાણી પીવાથી દુખાવામાં રાહત મળે છે. વળી માસિક શરૂ થવાના દિવસોમાં પેટમાં દર્દ થાય છે ત્યારે ગરમ પાણીમાં ઈલાયચી પાવડર મિક્સ કરીને પીઓ. આનાથી માસિકનું દર્દ તો દૂર થશે પણ શરીર, પેટ અને માથાના દુખાવામાં પણ રાહત મળશે.

### માલણ જિલ્લા ...
પાના નં.૧ ચાલુ

અવાજ પહોંચાડવાનો નિર્ણય લેવાયો હતો. આમ છતાં કોઈ ઠોસ કાર્યવાહી નહી થાય અને માંગણી નહી સંતોષાય તો આગામી ચૂંટણીનો બહિષ્કાર કરી રાજકીય પક્ષોને સબક શીખવવાનો સુર એકજ મતે વ્યક્ત કરાયો હતો. આજની બેઠકમાં ભાજપના કાર્યકરો અને આગેવાનોએ પણ હાજર રહી ભાજપ સરકાર સામે આવાજ ઉઠાવતા ચકચાર મચી જવા પામી હતી.

### સાત મહાનગરોમાં...
પાના નં.૧ ચાલુ

શપથ વિધિ કરવામાં આવી હતી. વિજય રૂપાણીએ આ પ્રસંગે કહ્યું કે, ભુતકાળમાં રોટી કપડા મકાન એ માત્ર નારો જ બની ગયો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શાસન દાયિત્વ સંભાળતાં જ ગરીબ, વંચિત પિડિત, છેવાડાના માનવીના આવાસ મકાનની ચિંતા કરી ૨૦૨૨ સુધીમાં સૌને માટે ઘર ઉપલબ્ધ કરાવવાનું મહાઅભિયાન ઉપાડ્યું છે. ગુજરાત સરકાર પણ મુખ્યમંત્રી આવાસ યોજના સહિત ૧૨૫ સ્કેફિટ સુધીના મકાનોને એનએ તથા બાંધકામ પરમિશનમાંથી મુક્તિ, ઓન

લાઈન બિલ્ડીંગ પરમિશન ૩.૫૦ લાખ સુધીની લોન જેવા જનહિતલક્ષી પગલાંથી સૌને આવાસ પુરા પડવા પ્રતિબધ્ધ છે તેની વિશદ ભૂમિકા મુખ્યમંત્રીએ આપી હતી. મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, શહેરી વિસ્તારોની ફાજલ જમીનમાં પેઢીઓથી નિવાસ કરતા ગરીબ મધ્યમવર્ગીય પરિવારોના નામે તેમના રહેણાંકની જમીનના હક્કો કરવાનો ઐતિહાસિક નિર્ણય આ સરકારે કર્યો છે. આના પરિણામે સાત મહાનગરોની ૩૩.૮૪ લાખ સ્કે.મીટર જમીન અને ૭૦ હજાર પરિવારોને આવાસ સુરક્ષા મળશે. વિજય રૂપાણીએ રાજયમાં એક સમાન બાંધકામ નિયમો માટે કોમન જીડીસીઆર લાવવાની નેમ વ્યક્ત કરતાં એમ પણ કહ્યું કે, જ્યાં ટીપી ફાઈનલ થઈ ગઈ છે. ત્યાં ત્વરાએ પ્લાન પાસ થાય અને તુરત જ બાંધકામ શરૂ થાય સાથોસાથ કન્ઝ્યુમર ગ્રાહકનું હિત પણ આવાસ સુવિધામાં સચવાય તે બાબતે રાજય સરકાર પ્રતિબધ્ધ છે. મુખ્યમંત્રીએ ક્રેડાઈ દ્વારા એફોર્ડેબલ હાઉસીંગ ક્ષેત્ર માટે દેશભરમાં ૩૭૫ એમઓયુ અને તેમાં સૌથી વધુ ૧૪૫ એમઓયુ ગુજરાત માટે થયા હોવાની ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું કે, રાજયના સતત અવિરત વિકાસને પરિણામે રોજી રોટી માટે વધતી જન સંખ્યાને જે આવાસ સુવિધાની મૂળભુત જરૂરિયાત છે તે સરકાર અને ડેવલપર્સ આવા એફોર્ડેબલ હાઉસીંગ દ્વારા પૂર્ણ કરશે. કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રી વૈંકૈયા નાયડુએ ક્રેડાઈના નવનિયુક્ત રાષ્ટ્રીય પ્રમુખ જક્ષય શાહ અને ટીમને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે, પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીએ દેશની સિકલ સુરત બદલીને નયા ભારતના નિર્માણનો જે સંકલ્પ કર્યો છે તેમાં યુવાશક્તિને વિકાસના અનેક અવસરો આપ્યા છે. તેમણે સૌને આવાસ ૨૦૨૨ સુધીમાં પુરા પાડવામાં રિયલ એસ્ટેટ ડેવલપર્સ પણ પીપીપી ધોરણે જન આંદોલન ચલાવે તેવી અપીલ કરી હતી.

### કાશ્મીરમાં..
પાના નં.૧ ચાલુ

કેન્દ્રો ઉપરથી ભાગી છુટવાની ફરજ પડી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ શ્રીનગર, બડગામ, ગાંદરબલમાં મળીને બે ડઝનથી વધુ સ્થળોએ ભારે પથ્થરમારો દેખાવકારો દ્વારા કરવામાં આવ્યો હતો જેને લઈને હાલ સમગ્ર ખીણ પ્રદેશમાં અજંપાભરી સ્થિતિ જોવા મળી રહી છે. આજે પેટા ચૂંટણી દરમિયાન બનેલા હિંસાના બનાવના પગલે નેશનલ કોન્ફરન્સના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી ઉંમર અબ્દુલ્લાએ કહ્યું કે, હું ૨૦ વર્ષથી રાજકારણમાં છું પરંતુ મે ચૂંટણી અને પ્રચાર બંને સમયે આટલી ખરાબ સ્થિતિ ક્યારે પણ જોઈ નથી. આજના બનાવ માટે રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ ત્રણેય જવાબદાર છે અને ત્રણેયની આ નિષ્ફળતાનું પરિણામ છે. બીજી તરફ પોલીસે સ્થિતિને સામાન્ય બનાવવાની કોશિશ શરૂ કરી છે. મળતી વિગતો મુજબ ગઈકાલથી જ ચૂંટણી પંચે શ્રીનગર સંસદીય વિસ્તારમાં આવનારા ત્રણ જિલ્લાઓમાં ઈન્ટરનેટ સેવા સ્થગિત કરી દીધી હતી. આયોગે આ નિર્ણય એટલા માટે લીધો હતો કે, પાકિસ્તાનમાંથી કેટલાક ગ્રુપ પેટા ચૂંટણીને લઈને અલગ અલગ અફવાઓ ફેલાવે છે. આ ત્રણ જિલ્લાઓમાં ઈન્ટરનેટ સેવા ઉપરનો પ્રતિબંધ હજુ વધુ લંબાવવાની સંભાવના પણ વ્યક્ત કરાઈ છે.

### વડગામ પંથકમાં..
પાના નં.૮ ચાલુ

છાપી ઓફિસે આવ્યા ન હોવાનું જાણવા મળે છે. જેને લઈ બલ્બમાં ખરાબી થવાને કારણે કંપની દ્વારા ત્રણ વર્ષની વોરંટી આપવામાં આવેલ. જો કે કંપનીના કર્મચારીઓ છેલ્લા દોઢ માસથી છાપી ખાતે ન આવતા ખરાબ બલ્બ બદલવા માટે સરકારની સસ્તા વીજ ઉપકરણો ખરીદનાર ધારકો છેતરાયા હોવાનો અહેસાસ કરવા સાથે વીજ કંપનીની ઓફિસે ધક્કા ખાતા જોવા મળી રહ્યા છે. તેમજ સરકારની યોજના મુજબ સસ્તા પંખા અને ટયુબલાઈટો આપવાની જાહેરાત કરવા છતાં આ વિસ્તારના ધારકોને પંખા અને ટયુબલાઈટ મળી શકયા નથી. જેથી સરકારની સસ્તા વીજ ઉપકરણો આપવાની જાહેરાત માત્ર કાગળ ઉપર હોવાનું ધારકો જણાવી રહ્યા છે.

### ધાનેરાના આસિયા...
પાના નં.૮ ચાલુ

દિકરા કનુભાઈ ઈસાજી તથા ખેમસીભાઈ ઈશાજી ઘઉં વાઢીને ગઈકાલે સવારે ૧૧ વાગ્યાના સુમારે ઘરે જમવા માટે ગયા હતા. દરમ્યાન તેમના ખેતરમાં આગ લાગવાના સમાચારો મળતાં તાત્કાલિક ખેતરમાં દોડી ગયા હતા. ત્યારે આજુબાજુના ખેડૂતો તેમજ ધાનેરા નગરપાલિકાના ફાયર ફાઈટરને તાત્કાલિક બોલાવી આગ ઓલવવા પ્રયત્નો કરતાં આગ કાબુમાં આવી હતી. પરંતુ ત્યાં સુધી અંદાજે કિંમત રૂા. ૧,૨૦,૦૦૦ ના ૮૦ બોરી ઘઉં બળીને ખાખ થઈ ગયા હતા. આ બાબતની જાણ તાલુકા વિકાસ અધિકારી એમ.પી. જોષીને થતાં તેઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી શક્ય બનતી તમામ મદદ કરવા ખાત્રી આપી હતી.

### કાકા ભત્રીજાને..
પાના નં.૮ ચાલુ

પસાર થતી કારે અડફેટે લઈ ટક્કર મારતા સર્જાયેલા અકસ્માતમાં રાજસ્થાનના બલોદર ગામે રહેતા અશોક મફાજી પરમાર નામના શખ્સને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જયારે તેમના ૩૫ વર્ષીય કાકા પ્રવીણ કાન્તીભાઈ પરમારને ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટના સ્થળ પર જ મોત નીપજ્યું હતું.. આ ઘટના બન્યા બાદ કાર રોડની બાજુમાં જ આવેલા એક વૃક્ષ સાથે ટકરાયા બાદ કાર ચાલક કાર મુકીને ફરાર થઇ ગયો હતો.. મૃતકની લાશને ડીસાની સિવિલ હોસ્પિટલ ખાતે પી.એમ.માટે ખસેડાઇ હતી. તેમજ ઈજાગ્રસ્ત ભત્રીજાને સારવાર માટે ડીસા લાવ્યા બાદ વધુ સારવાર માટે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. જયાં આ અંગે ડીસા તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. અકસ્માત બાદ ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા.

### ભાભરમાં આઈપીએલ...
પાના નં.૮ ચાલુ

અક્ષયરાજ મકવાણા તથા તેમની કચેરીના પો.કો.નટવરભાઈ, દિલીપસિંહ તેમજ ભાભર પી.એસ.આઈ. એમ.જે. ચૌધરી તથા પો.કો. રમેશભાઈ સાથે શનિવારે ભાભરમાં પેટ્રોલીંગમાં હતા. ત્યારે ભાભરની અયોધ્યાનગર સોસાયટીમાં રહેતા ગોપાલભાઈ ચમનભાઈ ઠક્કર પોતાના ઘરે આઈપીએલની પૂણે અને પંજાબ વચ્ચેની ૨૦-૨૦ મેચ ઉપર સટ્ટો રમી રમાડી રહ્યો હોવાની બાતમી મળી હતી. આથી તેના ઘરે રેડ કરતાં ગોપાલભાઈ તથા સાધુ અમિતકુમાર દિનેશભાઈ રહે. અંબિકાનગર ભાભરવાળાઓને સટ્ટો રમતા રંગેહાથ ઝડપી લીધા હતા. પોલીસે તેમની પાસેથી એક લેપટોપ કિં. રૂા. ૨૦,૦૦૦, એક એલઈડી ટીવી. કિં. રૂા. ૧૮,૦૦૦ તથા અન્ય જુગારના સાહિત્ય મળી કુલ રૂા. ૫૬,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની આ રેડથી અન્ય સટ્ટોડીયાઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

### લાખણી તાલુકાની...
પાના નં.૮ ચાલુ

ગણતા દુધ મંડળીમાં તપાસ હાથ ધરાઈ હતી. જ્યાં ચોપડા તપાસતી વેળાએ દુધ મંડળીના મંત્રીએ તેમની પાસેથી ચોપડા છીનવી લઈ ફાડી નાખ્યા હતા. તપાસ દરમિયાન દુધ મંડળીમાં હલકી ગુણવત્તાવાળું દુધ, ખોટા ખાતા ખોલવા તેમજ બહારથી ૧૨૦૦ લીટર દુધ હંગામી ઉંચા ફેટ ભરી નાણાં આપવા સહીતના મોટા ખર્ચ કરી અંદાજે રૂા.૬ થી ૭ લાખની ઉચાપત કર્યાનું બહાર આવ્યું છે. જેથી બનાસડેરી સંચાલકો દ્વારા છેલ્લા ત્રણ દિવસથી દુધ મંડળીને તાળાં મારી દઈ મંડળીના ચેરમેનને રૂબરૂ બોલાવી તેમને મંત્રી પાસેથી રાજીનામું લઈ થયેલ ઉચાપતના નાણાં વસુલ કર્યા બાદ દુધ મંડળી શરૂ કરવા આદેશ કર્યો હતો પરંતુ હજુ સુધી ચેરમેન દ્વારા કોઈ કાર્યવાહી ન કરાતાં દુધ મંડળી બંધ હાલતમાં જોવા મળે છે.

ત્યારે બીજી તરફ મંત્રીના વાંકે પશુપાલકો મુશ્કેલીમાં મુકાઈ જવા પામ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી દુધ ભરાવી ન શકતા તેમનું દુધ બગડી રહ્યું છે તેમજ પશુઓ માટે ખાણ લેવામાં પણ મુશ્કેલી પડી રહી છે.

### ફી નિયંત્રણ...
પાના નં.૩ ચાલુ

તો સામેલ નથી કરાતા ને તેની પર પણ નજર રાખી રહ્યા છે. આ તમામ બાબતોનો અભ્યાસ અને કાયદાકીય સલાહ બાદ જ કોર્ટમાં જવાનો નિર્ણય થશે. દરમ્યાન સરકાર દ્વારા ગઈકાલે જ પત્રકાર પરિષદ યોજી રાજયભરના વાલીઓને હાલ ત્રિમાસિક જ ફી ભરવા સ્પષ્ટપણે સૂચના અપાઇ છે. બીજીબાજુ, ડીઇઓ તરફથી પણ સ્વનિર્ભર ફી શાળાઓને સરકારના નવા ફી નિયમન વિધેયક મુજબ જ ફી વસૂલવાર સ્પષ્ટ તાકીદ કરાઇ છે પરંતુ તેમછતાં હજુ પણ કેટલાક શાળા સંચાલકો દ્વારા તેમની શાળામાં પોતાની મનમાની ફી વસૂલવાના યેનકેન પ્રયાસો હાથ ધરી રહ્યા છે, જેને લઇ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉગ્ર રોષની લાગણી ફેલાઇ છે અને ડીઇઓ તેમ જ સરકારના સત્તાવાળાઓને પણ આ અંગેની ફરિયાદ મળી છે.

### ૫૮૬ મંડળમાં...
પાના નં.૩ ચાલુ

આ પ્રસંગે યુવા મોરચાના ડૉ.ઋત્વિજ પટેલે યુવા મોરચાના કાર્યકરોને સફાઈ ઝુંબેશમાં જોતરાઈ જવાનું આહવાન કર્યું હતું અને વધુમાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રપિતા મહાત્માં ગાંધી હંમેશા સ્વચ્છતા ના આગ્રહી હતી, અને હવે સ્વચ્છ ભારતનું નિર્માણ કરવાની જવાબદારી યુવા મોરચાના શિરે છે. આઝાદી પછી આ દેશમાં પહેલીવાર કોઈ સરકારે સ્વચ્છ અને સ્વસ્થ ભારતનું સપનું સેવ્યું હોય તો તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નેતૃત્વ વાળી ભાજપની કેન્દ્ર સરકારે સેવ્યું છે. આજની આ સ્વચ્છતા ઝુંબેશમાં કર્ણાવતી મહાનગરના અધ્યક્ષ જગદીશ પંચાલ, ધારાસભ્ય એચએસ પટેલ, સાંસદ ડૉ.કિરીટ સોલંકી, મહાનગરમાં મહામંત્રીઓ, શહેર યુવા મોરચાના અધ્યક્ષ મનીષ પટેલ અને મોટી સંખ્યામાં યુવા મોરચાના કાર્યકોર જોડાયા હતા.

### વડગામ ખાતે...
પાના નં.૧ ચાલુ

જણાવ્યું હતું.આ ઉપરાંત રાજપૂત સમાજના યુવાનો દ્વારા જીવદયાના સંદેશા સાથે અબોલ પક્ષીઓ માટે પણ ૧૦૦૦ જેટલા પાણીના કુંડાઓનું વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમમાં રાજપૂત સમાજના અગ્રણી બનાસબેન્કના મેનેજર રૂપસિંહ ચૌહાણ, ફોરેસ્ટર એન.કે.બારડ સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા. આમ, રાજપૂત સમાજના યુવાનોએ નવો ચીલો ચાતરી અન્ય યુવાનો માટે પથદર્શક બન્યા હતા.

### ઓખા પાસે...
અનુસંધાન ૨ નુ ચાલુ..

આ માછીમારો પોરબંદર, ઓખા અને માંગરોળના હતા. પાકિસ્તાન મરીને ફાયરિંગ કરીને આ માછીમારોને બંધક બનાવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાન મરીન દ્વારા આ અગાઉ પણ ભારતીય જળસીમામાં પ્રવેશીને ભારતીય માછીમારોને બોટ સહિત અપહરણ કરવાની ઘટનાઓ બનવા પામી છે. પાકિસ્તાન મરીન દ્વારા વખતોવખત કરવામાં આવતી આ કાર્યવાહીને લઈને આ વિસ્તારમાં માછીમારીનો વ્યવસાય કરતા લોકોના રોજગાર ઉપર અસર પડવાને કારણે તેઓ હવે આ ઘટનાઓને લઈ ચિંતિત બન્યા છે.

## હિંમતનગરમાં અજાણ્યા વાહન ચાલકે રાહદારીને અડફેટે લેતાં મોત

હિંમતનગર

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ એક પેટ્રોલ પંપ પાસેથી ગત તા. ૪ એપ્રિલના રોજ પસાર થઈ રહેલ.એક અજાણ્યા વાહન ચાલકે રાહદારીને અડફેટે લેતાં તેને ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન ગત ગુરૂવારે ઈજાગ્રસ્તનું મોત થયું હતું. તે અંગે મૃતકના ભાઈએ અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ હિંમતનગર એ - ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## રાધનપુર તાલુકાના સિનાડના સી.આર.સી નો વિદાય સભારંભ યોજાયો


કમલ ચક્રવર્તી

પ્રતિ. રાધનપુર

રાધનપુર તાલુકાના ૧૫ સી.આર.સી ની પ્રતિનિયુક્તિ રદ થતા જે તે શાળામાં બદલી કરવામાં આવી હતી. સિનાડ પ્રાથમિક શાળાના સી.આર.સી ભેમાભાઈ ચૌધરીને શબ્દલપુરા પ્રાથમિક શાળામાં મૂકાતા સાડા ચાર વર્ષની સી.આર.સી ની સેવાઓને બિરદાવવા અને વિદાય આપવા માટે સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભેમાભાઈ ચૌધરીને મોમેન્ટો અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાધનપુરના ટી.પી.ઈ.ઓ.બી.એમ પટેલ, નિયુક્ત બી.આર.સી, શંખેશ્વરના ટી.પી.ઈ.ઓ સહિત શાળા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

## બહુચરાજીના ચૈત્રી પુનમના મેળા માટે સમીક્ષા બેઠક યોજાઈ

મહેસાણા

બહુચરાજી યાત્રાધામના વિકાસ માટે રાજય સરકાર કટીબંધ્ધ બની છે. બહુચરાજીમાં તા.૯ થી ૧૧ એપ્રિલ એટલે કે રવિવાર થી મંગળવાર દરમિયાન ભરાનાર ચૈત્રી પુનમના લોકમેળામાં આવનાર દર્શનાર્થીઓને પીવાનું પાણી અને રહેવા જમવા સહિતની સગવડ મળે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે.

મેળામાં શાંતિ - સલામતી જળવાઈ રહે તે માટે તકેદારીના પગલાં લેવામાં આવ્યા છે. આ માટે ઈન્ચાર્જ જિલ્લા કલેકટર એસ.કે.લાંગાના અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં ચૈત્રી પુનમના મેળામાં આવતા યાત્રીકો માટે રૂા.૧ કરોડનો વિમો પણ લેવામાં આવ્યો છે.

આ લોકમેળામાં માઈભક્તો પગપાળા કે વાહનો લઈને દર્શનાર્થે પધારે છે. અને તેમની જાન - માલનું રક્ષણ થાય તે ઉદેશથી મંદિર ટ્રસ્ટ દ્વારા પરિસર, દર્શનપથ, મેળાનું મેદાન, સાંસ્કૃતિક કાર્યક્રમ સહિતના વિસ્તારને આવરી લેતો યાત્રીક વિમો ઉતરવામાં આવશે.

ચૌદસની રાત્રે તા.૧૦ એપ્રિલના રોજ એસ.ટી.વર્કશોપ પાસેના મેદાનમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. જેનું ઉદ્‌ઘાટન શ્રમમંત્રી દિલીપભાઈ ઠાકોર કરશે.

## પાટણમાં રામજી મંદિર નજીક બાઈક અને રિક્ષા અથડાતાં બે જણાને ઈજા

પાટણ

પાટણમાં અંબિકા શાક માર્કેટ નજીક આવેલા રામજી મંદિરથી છીંડીયા દરવાજાના વળાંકવાળા માર્ગ પર ગત શુક્રવારે સાંજે બાઈક અને રીક્ષા અથડાતાં બે જણાને ઈજા થવા પામી હતી જ્યારે બાઈક અકસ્માત બાદ એક સોડાની લારીને અથડાતાં સોડાવાળાને રૂા. ૫૦૦ નું નુકસાન થયું હતું.

જાણવા મળતી વિગતો અનુસાર પાટણમાં અંબિકા શાક માર્કેટથી છીંડીયા દરવાજા વચ્ચેના રોડ પર ચોવીસ કલાક ટ્રાફિકની સમસ્યા ગંભીર હોય છે, ત્યારે ગત શુક્રવારે પાટણનો બાઈક ચાલક સમીર શેખે પોતાનું બાઈક પુરઝડપે ચલાવી સામેથી આવતી રીક્ષાને અથડાયા બાદ બાઈક સાઈડ પર ઉભી રહેલી સોડા લેમનની લારીને અથડાતાં લારીવાળાને રૂા. ૫૦૦ નું નુકસાન કર્યું હતું. જ્યારે રીક્ષામાં સવાર બે જણાને સામાન્ય ઈજા થવા પામી હતી.

## રાધનપુર તાલુકાના છાણિયાથરમાં તિથિભોજન


કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકાના છાણિયાથર ગામે પ્રાથમિક શાળાના ધો.૮ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળાના ભૂલકાંઓનો તિથીભોજન કરાવવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય સ્ટાફ તથા ગામના લોકોએ સેવાકીય પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો અને વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

## યાત્રાધામ બહુચરાજીમાં ચૈત્રી પુનમના મેળાનો પ્રારંભઃ દર્શનાર્થીઓની ભીડ જામી



ચાણસ્મા

યાત્રાધામ બહુચરાજીમાં આજથી ચુંવાળ પંથકના ચાનક મઢ્યા ચૈત્રી પૂનમના ત્રિ- દિવસીય મેળાનો રંગેચંગે આરંભ થયો છે. મેળામાં ગતરોજ પહેલા દિવસે જ હકડેઠઠ ભીડ જામી હતી. એક અંદાજ મુજબ બે લાખથી પણ વધુ શ્રદ્ધાળુઓએ મા બહુચરના દર્શનનો લ્હાવો લીધો હતો. બીજી બાજુ, મેળાના પહેલા દિવસે જ ક્યાંય પોલીસ જોવા નહીં મળતાં બજાર, મંદિર, હાઈવે સહિતના સ્થળોએ બપોર સુધી ભારે અવ્યવસ્થા સર્જાઈ હતી, જેને કારણે શ્રદ્ધાળુઓએ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ભારત વર્ષના એકાવન અને ગુજરાતના ૩ શક્તિપીઠોમાં ગણનાપાત્ર બહુચરાજીમાં સદીઓ પૂર્વે બહુચર માતાજીએ કાલરીના સોલંકી રાજવીની પુત્રીને તળાવમાં સ્નાન કરતાં પુત્ર બનાવી પરચો પૂર્યો હતો. જે ચમત્કારીક ઘટના ચૈત્રી પૂનમના દિવસે બનેલી હોઈ ભક્તો માના પ્રાગટ્યોત્સવના દિવસે ઉનાળાની આગ ઓકતી ગરમીમાં પણ દૂરદૂરથી પગપાળા સંઘો લઈને કે વાહનોમાં ઉમટી પડે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ બહુચરાજી મંદિર ટ્રસ્ટ અને જિલ્લા તંત્ર દ્વારા તા. ૯ થી ૧૧ એપ્રિલ દરમિયાન ચૈત્રી પૂનમના મેળાનું આયોજન કરાયું છે. જેનું ઉદ્‌ઘાટન ધારાસભ્ય રજનીભાઈ પટેલ અને ઈન્ચાર્જ કલેક્ટર એસ.કે.લાંગા સહિતની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. ગતરોજ રવિવારે મેળાનો પ્રથમ દિવસ હોઈ રાજયભરમાંથી હજારો શ્રદ્ધાળુઓ મા બહુચરના દર્શન માટે ઉમટી પડ્યા હતા. દર્શન માટે મંદિરમાં લાંબી લાઈનો લાગી હતી. પ્રાથમિક અંદાજ મુજબ દિવસ દરમિયાન બે લાખથી પણ વધુ લોકોએ માતાજીના દર્શનનો લાભ લીધો હોવાનું મંદિરના વહીવટદાર એચ.આર. મોદીએ જણાવ્યું હતું.

બીજી બાજુ, આજથી ચૈત્રી પૂનમનો મેળો શરૂ થતો હોઈ પોલીસ બંદોબસ્ત આજથી જ ગોઠવવાનો હોય છે, પરંતુ ગતરોજ એક પણ પોઈન્ટ ઉપર સવારે પોલીસ ન હોઈ મંદિર પરિસર, હાઈવે રોડ, મુખ્ય બજાર, બસ સ્ટેન્ડ સહિતના વિસ્તારોમાં ભારે ભીડના કારણે અવ્યવસ્થાનો માહોલ સર્જાયો હતો. કલાકો સુધી ટ્રાફિકજામ રહેતાં બહારગામથી આવેલા યાત્રિકોને ભારે પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો. મેળાના બીજા દિવસે સોમવારે રાત્રે ૮ વાગે એસટી વર્કશોપ પાસેના મેદાનમાં લોકડાયરો યોજાનાર છે. ભક્તોને ઠંડુ પાણી મળી રહે તે માટે ૧૦૦ જેટલા સ્વયંસેવકો રહેશે. બહુચરાજીને જોડતા માર્ગો પર રાઉન્ડ ધ ક્લોક ૧૬ આરોગ્ય સેવા કેમ્પ ચાલુ રહેશે. મંદિરમાં ૫ ભેટ કેન્દ્ર ઉભા કરાશે. ચૌદશની રાત્રે એસટી વર્કશોપ પાસેના મેદાનમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે, જેનું ઉદ્‌ઘાટન મંત્રી દિલીપજી ઠાકોરના હસ્તે કરાશે. પીવાના પાણી માટે ૫ સ્ટેન્ડ પોસ્ટ ઉભા કરાશે. વિના વિક્ષેપ વીજ પુરવઠો મળી રહે તેવી વ્યવસ્થા કરી ૪૦ માણસોને તૈનાત કરાશે. જેથી વાવાઝોડા જેવી ઈમરજન્સી વખતે કોઈ અવ્યવસ્થા ન સર્જાય.

### વિનામૂલ્યે ભોજન વ્યવસ્થા

વહીવટદાર એચ.આર.મોદીના જણાવ્યા મુજબ પૂનમના દિવસે સવારે ૯ થી રાત્રિના ૯ વાગ્યા સુધી બહુચર ભોજનાલયમાં યાત્રિકોને ભોજન અપાશે. જ્યારે વિશ્રામ કરી શકે તે માટે મંદિર પરિસર, એરાઈવલ પ્લાઝા, જૂનો બગીચો, નાની માતા મંદિર અને વલ્લભ ભટ્ટની જગ્યાએ વ્યવસ્થા કરાઈ છે.

### પોલીસ બંદોબસ્ત

મેળા દરમિયાન જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ ડીવાયએસપી સહિત ૭૫૦ જેટલા પોલીસ જવાનો ખડેપગે રહેશે. બંદોબસ્ત વ્યવસ્થા ૬ ભાગમાં વહેંચાઈ છે. જ્યારે પૂનમની રાત્રે માતાજીની સવારી શંખલપુર ગામે જાય તે સમયે વિશેષ પોલીસ બંદોબસ્ત રાખવામાં આવશે.

## રાધનપુર- સાંતલપુર તાલુકાઓમાં ભાજપની બેઠકોનો ધમધમાટ


કમલ ચક્રવર્તી

પ્રતિનિધી રાધનપુર

ગુજરાત વિધાનસભાની ચૂંટણી રૂમઝુમ કરતી આવી રહી છે. ત્યારે રાધનપુર- સાંતલપુર તાલુકાઓમાં ભાજપની બેઠકનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. પક્ષના અગ્રણીઓ અલગ- અલગ વિસ્તારોમાં વહેંચાઈ ગયા છે. અને ખૂણે-ખૂણે જઈને કાર્યકરોને સરકારની યોજનાઓ અને વ્યુહ રચનાઓ વિશે જાણકારી આપીને જુસ્સો વધારી રહ્યા છે. રવિવારે જિલ્લા ભાજપના ઉપપ્રમુખ સુરજગીરી ગૌસ્વામી, કુંભાજી વાઘેલા, પ્રકાશભાઈ ઠક્કર, ભરતભાઈ ઠક્કર સહિતે કોલીવાડા, પીપરાળા, અને ઝંડાળા ગામોની મુલાકાત લઈને કાર્યકરોને સરકારની સિધ્ધિઓ, સમરસતા અને ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપીને લોકો સુધી પહોંચી સમસ્યાઓનું નિરાકરણ લાવવા હાકલ કરી હતી. જ્યારે રાધનપુર તાલુકાના અરજણસર ગામે તાલુકા ભાજપ ઉપપ્રમુખ હમીરભાઈ કમાભાઈ ચૌધરી, અજમલભાઈ ચૌધરી, ગા- ડાભાઈ ચૌધરી, જેહાભાઈ ચૌધરી સહિતની ઉપસ્થિતિમાં ઉંમરલાયક કાર્યકરો અને અગ્રણીઓની બેઠકમાં લોકોને કનડતી સમસ્યાઓ હલ કરવા ઉપરાંત સરકારની યોજનાઓ અંગે માહિત કરવા અંગે ચર્ચાઓ થઈ હતી.

## રાધનપુરમાં ડૉ.આંબેડકરની જન્મ જયંતિ ઉજવણી સપ્તાહ


કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર શહેરમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ ઉજવણી સપ્તાહનો રવિવારથી પ્રારંભ કરાયો હતો. ભાજપ દ્વારા સપ્તાહ દરમ્યાન સફાઈ અભિયાન ઉપરાંત અન્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

પાલિકાના પૂર્વ પ્રમુખ ડૉ.દેવજીભાઈ પટેલ, પૂર્વ શહેર પ્રમુખ ડૉ.વિષ્ણુ ઝુલા, શહેર યુવા મોરચાના પ્રમુખ ચીકાભાઈ રબારી સહિત

યુવા મોરચાની ટીમ દ્વારા સરકારી રેસ્ટ હાઉસથી હાઈવે ચાર રસ્તા સુધી સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. સપ્તાહ દરમ્યાન અલગ- અલગ વિસ્તારોમાં સફાઈ અભિયાન હાથ ધરાશે.

## હારીજ તાલુકાના ઓરૂમણા ગામે ડેન્ગ્યુના તાવની ભીતિ

હારીજ

હારીજના ઓરૂમણા ગામે છેલ્લા એક અઠવાડિયાથી સમગ્ર ગામ વાયરલ ફીવરમાં ઝકડાયું છે, તેવું આરોગ્ય તંત્ર દ્વારા પ્રકાશમાં આવ્યું છે, જ્યારે ગ્રામજનો ડેન્ગ્યુના તાવની ભીતિ સાથે સારવાર લઈ રહ્યા છે. ત્યારે તંત્ર અને ગ્રામજનો વચ્ચે સંકલનના અભાવે ૫૦ થી વધુ દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. કેટલાક પાટણની જુદી જુદી હોસ્પિટલોમાં પણ સારવાર લઈ રહ્યા છે. છતાં તંત્ર ડેન્ગ્યુને સામાન્ય ગણી વાયરલ ફિવર હોવાનું માને છે. જિલ્લા સ્તરના આરોગ્ય વિભાગ દ્વારા યોગ્ય અને પુરતી તપાસ ચલાવવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

## પાટણ તાલુકાનો સેવા સેતુ કાર્યક્રમ રાજપુર પ્રાથમિક શાળા ખાતે યોજાયો



પાટણ

પાટણતાલુકાના રાજપુર, ગજા,બોરસણ,ગદોસણ,નોરતા,કતપુર,મીઠીવાવડી,ઈલમપુરભલગામ ગામોમાં રહેતા નાગરિકોના રાજય સરકારની પ્રજાલક્ષી યોજનાઓનો લાભ પ્રજાને રહેઠાણના નજીકના સ્થળે તેજ દિવસે પ્રાપ્ત થઇ શકે તેવા ઉમદા હેતુને ધ્યાને લઇ વ્યનક્તિલક્ષી પ્રશ્નોનું નિકારણ કરવા માટે રાજપુરા પ્રાથમિક શાળા ખાતે બીજા તબકકાનો સેવાસેતુ કાર્યક્રમ સંસદીય સચિવ રણછોડભાઇ દેસાઇની ઉપસ્થિતીમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજયગુરુ ઉપસ્થિત રહયા હતા અને દરેક ટેબલ ઉપર નિરીક્ષણ કરી જરુરી સુચનો કર્યો હતા.અને પ્રજાના વ્યકિતગત પ્રશ્નોનું સ્થળ ઉપર નિકાલ સરકારના તમામ વિભાગની સેવાઓની માહિતી ઉપલબ્ધ બનતાં લાભાર્થીઓના ચહેરા ઉપર આનંદની લાગણી જોવા મળતી હતી. સેવા સેતુ કાર્યક્રમમાં ડોમીસાઇલ પ્રમાણપત્ર, આધાર કાર્ડ,રેશનકાર્ડ સંબધિત જાતિ પ્રમાણપત્ર, કુવંરબાઇનું મામેરૂ સહાયયોજના,દિવ્યાંગતા પ્રમાણપત્ર, કસ્તુરબા પોષણ સહાય યોજના, ઉજાલા યોજના,મેડીસીન- ગાયનોકોલોજી,સર્જિકલ સારવાર, ડીવમીગ, રસીકરણ, આધાર કાર્ડનું બેન્કીંગ સાથે જોડાણ,નવીન બેન્ક એકાઉન્ટ,જનધન યોજના અન્વયે બેન્ક એકાઉન્ટ,પ્રધાનમંત્રી જીવન જયોતિ યોજના,સુરક્ષા વિમા યોજના, સુકન્યા સમૃધ્ધી યોજના, અટલ પેન્શન યોજના,બસ કન્સેશન પાસ વિકલાંગ, સિનિયર સીટીઝન અને સામાન્ય લોકો માટે, આર.ટી. ઓ સંલગ્ન સેવાઓ, સાત-બાર અને આઠ-અના પ્રમાણપત્રો, રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના, કુટુંબિક સહાય યોજના, જાતિ પ્રમાણપત્ર, ક્રીમીલેયર પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ નિરાધાર સહાય, ફ્રીશીપ કાર્ડ શાળા કોલેજ પ્રવેશ દરમિયાન, પ્રોપર્ટીટ-ક્ષ,જન્મ-મરણના પ્રમાણપત્ર, આવકનો દાખલો, લગતા ૧૨૯૪ પ્રશ્નો રજુ થયા હતા.

જેમાં મોટાભાગના પ્રશ્નોનું સ્થળ ઉપર નિરાકરણ લાવવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી ઝાલા, તાલુકા વિકાસ અધિકારી પ્રજાપતિ ,આજુબાજુ ગામોના સરપંચો, તલાટી કમમંત્રીશ્રીઓ અને લાભાર્થીઓ ઉપસ્થિતિ રહયા હતા.

## આજે બેચરાજીના ડોડીવાડા ગામે પરંપરાગત નીકળનારો હનુમાનજીનો હાથિયો (રથ)

ચાણસ્મા

બેચરાજી પંથકના ડોડીવાડા ગામે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ચૈત્ર સુદ-૧૪ ને સોમવારના તા. ૧૦/૪/૧૭ ના રોજ રાત્રે ૯-૦૦ કલાકે શ્રી હનુમાનજીનો રથ (હાથિયો) ભારે હર્ષોલ્લાસ સાથે નીકળનાર છે. આ દિવસે વર્ષનું શુકન ફળ જોવામાં આવે છે. રાત્રે સંતવાણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આહિરોના સમયકામ દરમ્યાન કુદરતી હોનારતથી દટાયેલું અને કાળક્રમે પુનઃ સ્થાપિત બનેલા ડોડીવાડા ગામે બિરાજમાન ચમત્કારિક હનુમાનજી મંદિર ૫:૦૦ વર્ષ પુરાણુ હોવાનું માનવામાં આવે છે. અહી પ્રતિવર્ષ ચૈત્ર સુદ- ચૌદસના દિવસે હનુમાનજીનો ભવ્ય રથ હાથિયો કાઢવામાં આવે છે. આ પરંપરા છેલ્લી બે સદીઓથી ચાલી આવી હોવાનું માનવામાં આવે છે.

આ ઉત્સવ ટાણે પટેલોના માઢમાં એક ગાડુ લાવવામાં આવે છે. જે ગાડાના ધુસરા આગળ હાથીના મોઢા અને સૂંઢ જેવો આકાર બનાવવામાં છે. જેને હાથિયો તરીકે ઓળખવામાં આવે છે. પટેલો, ઠાકોર, ક્ષત્રિય, રબારી, હરીજન, રાવળ, દરજી સહિત અઢારેય વરણના લોકો ખંતથી શણગારે છે. પટેલોના માઢમાંથી આ રથને રામજી મંદિરે લાવી શણગારેલા ચાર બળદોથી જોડવામાં આવે છે. જેમાં સ્ત્રી પહેરવેશમાં પગમાં ઘુઘરો બાંધી એક નાયક તેમજ હાથમાં મસાલ લઈને એક વાળંદ કોમના ભાઈ બિરાજે છે. જ્યારે રથની આગળ ઘોડાનો વેશ ધારણ કરી નાયકભાઈ ઘોડાને રમાડે છે. ત્યારબાદ સૌથી આગળ મેરાઈ ઢોલ વગાડતો દોડે છે. ત્યારે ગામના જુવાનિયા અબાલ વૃધ્ધ સૌ કોઈ કીકીયારીઓ કરતા હનુમાનજી દાદાની જય, દાદાની જયના પોકાર કરતા કરતા બળદોને સુરાતન ચડાવતા દોટ મુકે છે. નાસિક ઢોલના તાલે બેન્ડવાજાના સુરે રથ દોડે છે. રથ ગામ ફરતે ઘુમી હનુમાનજીના નિજ મંદિર સ્થાનકે આવી પહોંચતા અહીં વર્ષ ફળ જોવાય છે. આ દિવસે અમદાવાદ- વડોદરા, સુરત, પાટણ, મહેસાણા, નાસિક સહિત પંથકના ગામેગામથી શ્રદ્ધાળુ ભાવિકો દર્શનાર્થે ઉમટી પડે છે.

## મેઘરજ તાલુકાના ૨૦ ગામડાઓમાં પીવાના પાણીની વિકટ સ્થિતિ

મોડાસા

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના પંદરથી વીસ ગામડાઓમાં ઉનાળાના પ્રારંભે જ પીવાના પાણીની વિકટ પરિસ્થિતિ ઉભી થવાના કારણે પશુપાલકો ભારે ચિંતાગ્રસ્ત બન્યા છે. જાણવા મળતી વિગત અનુસાર મેઘરજ તાલુકામાં ગત ચોમાસામાં સિઝનનો ૭૫ ઈંચ વરસાદ પડવા છતાં ચાલુ વર્ષે આ તાલુકામાં વાત્રક નદી કિનારાના પંદરથી વીસ ગામડાઓમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા ઉભી થવા પામી છે. ગામડાઓમાં તળીયાઓમાં પાણીનો સ્ત્રોત હોવા છતાં તેમજ ગામડાઓમાં બોર હોવા છતાં ખારું પાણી આવે છે,

પીસાલ, ઈમલોડા, કુંભરોડા, સહિતના ગામડાઓમાં ગ્રામપંચાયત દ્વારા સ્વજલધારા યોજનાઓમાં કુવાઓ બનાવવામાં આવ્યા છે. પરંતુ તેમાં દુષિત પાણી આવતું હોવાના કારણે ગ્રામજનોને પીવાના પાણીની ભારે મુશ્કેલી પડી રહી છે, સરકારી તંત્ર દ્વારા પાણીનું પરિક્ષણ કરાવતાં આ રિપોર્ટમાં પણ પાણી દુષિત હોવાનું બહાર આવ્યું છે. તાલુકાના ૧૨૦૦ થી ૧૫૦૦ ની વસતી ધરાવતા ગામડાઓમાં પશુધન માટે પાણી બે ત્રણ કિલોમીટર દૂરથી લાવવું પડે છે. પીસાલ ગામમાં પીવાના પાણીની વિકટ પરિસ્થિતિ ઉભી થઈ છે. વૃધ્ધ મહિલાઓને પણ બે ત્રણ કિલોમીટર દૂર પાણી લેવા જવું પડે છે. પશુઓ માટે તાલુકામાં ઘાસચારાની અછત સર્જાઈ છે. જિલ્લા તંત્ર દ્વારા પીવાના પાણીની સમસ્યા તાકીદે દૂર કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

## સાંતલપુર તાલુકાના બકુત્રામાં ઐતિહાસિક કૂવાનું પૂજન


કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

સાંતલપુર તાલુકાના બકુત્રા ગામે આવેલા સ્વામીજી મંદિરમાં હવન અને છસ્સો વર્ષ જૂના ઐતિહાસિક કૂવાની પૂજનવિધિ ગોતરકા સ્વામીજી મંદિરના ગાદીપતિ સ્વામીજી મહારાજની પવિત્ર નિશ્રામાં રાખવામાં આવી હતી. સાંતલપુર તાલુકા પંચાયતના પ્રમુખ જીવણભાઈ આહિર, તાલુકા પંચાયતના પૂર્વ કારોબારી અધ્યક્ષ ભચાભાઈ આહિર સહિતે હવનમાં આહુતિનો લાભ લીધો હતો. ગામના અગ્રણી ભચાભાઈ આહિરના જણાવ્યા મુજબ છસ્સો વર્ષ પૌરાણિક કૂવામાં આજે પણ ઠંડુ અને મીઠુ પાણી મળે છે, જેના લોકો પીવામાં અને વાપરવામાં કરે છે. જેનું પુજન કરાયું હતું.

# zeMkk{kt yuf ÔÞÂõíkLkk ¾kíkk{

yuMk.çke.ykE.Lkwt yuxeyuf çktÄ ÚkE økÞwt nkuðkÚke fne AuíkhÃkªze yk[hkt

zeMkk{kt yuf ÔÞÂõíkLkk {kuçkkE÷ WÃkh VkuLk yuxeyuf ÷kuf ÚkE økÞwt nkuðkLkwt sýkðe yuxeyuf Lktçkh {u¤ðe fkuE EMk{kuyu Yk. 79,993 WÃkkze ÷E AuíkhÃkªze yk[híkkt yk çkkçkíku VrhÞkËLke íksðes nkÚk Ähe Au.

zeMkk ¾kíku hnuíkk Ee÷{ÄkhkMkkn y{]ík÷k÷ zçkøkh su ¾kíkuËkh...

# ðzøkk{ ÃktÚkf{kt AuÕ÷k ËkuZ {kMk{kt

MkhfkhLke MkMíkk çkÕçkLkk Ãkke ¾kíku Lkðe ÷uðk ÷kLk Ãkh Ãkhk yLku Ãkt÷e yþk nkuðkLke çkk{ík òLkðk {¤e Au.

# fkfk ¼ºkeò™u fkh [k÷fu yzVuxu ÷uíkkt yufLkwt {kuík : yuf

(rðÃkw÷rMktn Ëhçkkh)





# zeMkk ÃktÚkf{kt rËðMk ËhBÞkLk íkkÃk{kLk{kt {kuxk Vuhkh

yuf Mkókn{kt ºkýu ÉíkwLkku yLkw¼ð Úkíkk rsÕ÷kðkMkeykuLke nk÷ík fVkuze

# ÃkkÕkLkÃkwh íkk÷wfkLkk ykrMkÞk økk{u ¾uíkh{kt ykøk

ƒkøkíkkt 80 çkkuhe ½ô çk¤eLku ¾k¾

{kuxk «{ký{kt LkwfþkLk ÚkÞwt ytËks



yuLk.fu.{kuËe

# ÷k¾ýe íkk÷wfkLke økýíkk ËhBÞkLk çkðk{kt yðkÞ Au

# ¼k¼h{kt ykEÃkeyu÷ h0- h0 {u[ WÃkh Mkèku h{íkk çku ÍzÃkkÞk

÷uÃkxkuÃk, xeðe Mkrník Yk.{kíkk {wÆk{k÷ fçsu fhkÞku



ðLkhks®Mkn hkXkuz



¼hík MkwtËuþk

W[kÄkíkLkk Lkkýkt ðMkw÷ fhðk çkkËËþkt Ëkh÷ ÚkÞu {tz¤eLkk fkÞËku fh ðk {kxu ðk... [illegible]

# „úk{ hûkf Ë¤™k sðk™ku™e ÷½wŒ{ ðuŒ™™e {kt„



…k÷™…wh

…k÷™…wh ¾kŒu ƒ™k,fktXk rsÕ÷k™k „úk{ hûkf Ë¤™k sðk™ku™e r{®x„ Þkuòe nŒe. su{kt „úk{ hûkf Ë¤™k sðk™u …ý nku{„kzo ,{fûk „ýe ðuŒ™ yk…ðk™e {kt„ fhe nŒe. yk ƒuXf{kt ,hfh „úk{ hûkf Ë¤™k sðk™wt þku»ký fhe hne nkuðk™e ÷k„ýe ÔÞõŒ fhe nŒe. Ëhr{Þk™ {k„ýe ™net ,tŒu™kkÞ Œku „ktÄe [etæÞk {k„uo yktËku÷™™e [e{fe Wå[khðk{kt ykðe nŒe.